દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 133 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 June 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૬ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# વૈશ્વિક ચાંદી ૧૩ વર્ષની ટોચેઃ સોનામાં ભારે તેજી


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹89,550/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા
શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## સ્થાનિક ચાંદીમાં ₹ ૩૬૯૫નો તોતિંગ ઉછાળો, શુદ્ધ સોનું ₹ ૧૪૧૬ની તેજી સાથે ₹ ૯૮,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રવર્તમાન આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે અમેરિકાના પે રૉલ ડેટાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં મક્કમ વલણ સાથે સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની આક્રમક લેવાલી નીકળતાં ભાવ ૧.૭ ટકાના ઉછાળા સાથે ૧૩ વર્ષની ટોચે પહોંચ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૩૬૯૫નો તોતિંગ ઉછાળો આવ્યો હતો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૧૦થી ૧૪૧૬ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૮,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટી હોવાથી વિશ્વ બજારની સરખામણીમાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૬૯૫ની આગઝરતી તેજી સાથે રૂ. ૧,૦૪,૬૭૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૧૦ વધીને રૂ. ૯૭,૭૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૪૧૬ વધીને રૂ. ૯૮,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૯૮,૧૬૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં નરમાઈતરફી વલણ રહ્યા બાદ રોકાણકારોની સલામતી માટેની માગ ખૂલતાં ભાવ મથાળેથી સાધારણ ૦.૩ ટકા વધીને અનુક્રમે ઔંસદીઠ ૩૩૮૩.૭૯ ડૉલર અને ૩૪૦૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૭ ટકાના ઉછાળા સાથે ફેબ્રુઆરી, ૨૦૧૨ પછીની સર્વોચ્ચ ઔંસદીઠ ૩૫.૫૫ ડૉલરની સપાટીએ પહોંચ્યા હતા.

તાજેતરમાં સોનાના ભાવમાં જોવા મળી રહેલી સાંકડી વધઘટથી કોઈ તેજી કે મંદીનું સ્પષ્ટ વલણ નથી થતું, પરંતુ આર્થિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા એકંદરે સોનામાં સારી કામગીરી

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીએ 'અરવલ્લી ગ્રીન વૉલ' પ્રોજેક્ટ કર્યો લૉન્ચ



**પર્યાવરણ દિનઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે 'એક પેડ મા કે નામ' અભિયાનના ભાગરૂપ દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે વડનો છોડ રોપ્યો હતો. (એજન્સી)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્કમાં એક છોડ વાવીને 'એક પેડ માં કે નામ' યોજનાને આગળ વધારી અને રાષ્ટ્રીય રાજધાનીથી ગુજરાત સુધી ફેલાયેલી ૭૦૦ કિમી લાંબી અરવલ્લી પર્વતમાળાને ફરીથી વનીકરણ માટે એક ખાસ યોજનાની શરૂઆત કરી હતી.

વડા પ્રધાન મોદીએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે વિશ્વની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એક અરવલ્લી પર્વતમાળા ગુજરાત, રાજસ્થાન, હરિયાણાથી દિલ્હી સુધી ફેલાયેલી છે અને આ પ્રદેશ અનેક પર્યાવરણીય પડકારોનો સામનો કરી રહ્યો છે અને સરકાર તેના ઉકેલ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, ''અમારું ધ્યાન આ પર્વતમાળા સાથે જોડાયેલા વિસ્તારોના કાયાકલ્પ પર છે. અમે સંબંધિત સ્થાનિક

(જુઓ પાનું ૨) ▸▸

## અમરનાથ યાત્રાના દિવસોમાં પ્રથમ વાર મોટો ઘટાડો

### ત્રણ જુલાઈથી નવ ઑગસ્ટ સુધીના ૩૮ દિવસ જ યાત્રા યોજાશે

શ્રીનગરઃ અમરનાથ યાત્રાના દિવસોમાં સૌ પ્રથમવાર મોટો ઘટાડો કરાયો છે. યાત્રા બાવન દિવસને બદલે માત્ર ૩૮ દિવસ યોજાશે. યાત્રા ત્રીજી જુલાઈએ શરૂ થશે અને નવ ઑગસ્ટે પૂરી થશે. ગયા વરસે અમરનાથ યાત્રા બાવન દિવસની હતી. પહલગામની ઘટનાને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓની સલામતી માટે યાત્રાના દિવસો ઘટાડાયા હોવાનું કહેવાય છે.

અમરનાથ યાત્રા સુરક્ષિત રીતે પાર પડે તે માટે સુનિયોજિત યોજના તૈયાર કરવામાં આવી છે જેમાં સીઆરપીએફ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

સીઆરપીએફ અને અન્ય અર્ધલશ્કરી દળોની કુલ ૫૮૧ ટુકડી સુરક્ષા માટે ગોઠવવામાં આવશે. અમરનાથ યાત્રાના આખા રૂટનું સુરક્ષા ઑડિટ અને ડિજિટલ મેપિંગ કરવામાં આવ્યું છે.

સીઆરપીએફના ડીજીએ જાતે પહલગામ જઈને સુરક્ષાવ્યવસ્થાની સમીક્ષા કરી છે. પ્રત્યેક યાત્રાળુ અને પોની રાઈડરનું ડિજિટલ ઓળખપત્ર તૈયાર કરવામાં આવશે. આઈડી વિસ્ફોટની ઘટનાને રોકવા જૅમર લગાડવામાં આવશે. વાહનો અને યાત્રીઓનાં રેડિયો ફ્રિક્વન્સી આઈડી (આરએફઆઈડી) હશે. યાત્રામાં પોલીસ અને સીઆરપીએફની અલગ અલગ પીસીઆર વૅન હશે.

ગૃહ પ્રધાન અમિત શાહે તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવાની અને અમરનાથ યાત્રા સંપૂર્ણપણે સુરક્ષિત અને શાંતિપૂર્ણ રહે તેની ખાતરી કરવાના ૩૦મી મેએ નિર્દેશ આપ્યા હતા.

વિસ્ફોટકોને નિષ્ક્રિય કરવા બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, કે-નાઈન યુનિટ (સ્નિફર ડૉગ) અને હવાઈ સર્વેક્ષણ માટે ડ્રોનનો ઉપયોગ

(જુઓ પાનું ૨) ▸▸

## અયોધ્યામાં રામ દરબાર સહિત સાત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા



**પ્રાણપ્રતિષ્ઠાઃ** ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે અયોધ્યાસ્થિત શ્રી રામ જન્મભૂમિ મંદિર ખાતે શ્રી રામ દરબાર અને અન્ય દેવીદેવતાઓનાં પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપી હતી. (એજન્સી)

અયોધ્યાઃ અયોધ્યાના રામ મંદિરમાં ગુરુવારે સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન અભિજિત મુહૂર્તમાં રામ દરબારની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ગુરુવારે રામ મંદિરમાં રામ દરબાર સહિત સાત મંદિરમાં પણ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

રામ દરબાર સંપૂર્ણ વિધિઓ સાથે પવિત્ર કરવામાં આવ્યો હતો. રામ મંદિરના પહેલા માળે ભગવાનને રાજા રામ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા હતા. તેમની સાથે માતા જાનકી, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને હનુમાનજીની મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી હતી.

ધાર્મિક નેતાઓની સાથે, યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પણ ગંગા દશેરા નિમિત્તે યોજાઈ રહેલા

(જુઓ પાનું ૨) ▸▸

### રામ દરબાર જાહેર જનતા માટે ખોલવાની તારીખ ટ્રસ્ટ નક્કી કરશે

અયોધ્યાઃ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ શનિવારે રામ મંદિર સંકુલમાં નવા પવિત્ર રામ દરબાર અને છ અન્ય મંદિરોને જાહેર જનતા માટે ખોલવાની તારીખ નક્કી કરશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગુરુવારે યોજાયેલા અભિષેક સમારોહ બાદ, જિલ્લા મેજિસ્ટ્રેટ નિખિલ ટીકારામ ફૂંડેએ જણાવ્યું હતું કે, રામ દરબાર અને મંદિર પરિસરની અંદરના અન્ય મંદિરો આગામી

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીએ કચ્છી મહિલાઓએ આપેલો 'સિંદૂર'નો છોડ વાવ્યો

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે તેમના નિવાસસ્થાને 'સિંદૂર'નો છોડ વાવ્યો હતો.

વર્ષ ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન અસાધારણ હિંમત અને દેશભક્તિ દાખવનાર કચ્છી મહિલાઓએ આ છોડ તેમને ભેટમાં આપ્યો હતો.

કચ્છી મહિલાઓએ આપેલી ભેટથી ભાવુક બનેલા મોદીએ તેમને વચન આપ્યું હતું કે આ છોડ હું દિલ્હીસ્થિત પ્રધાનમંત્રી નિવાસસ્થાનના પરિસરમાં રોપીશ.


તાજેતરમાં જ ગુજરાતની લીધેલી મુલાકાતને યાદ કરતાં મોદીએ કહ્યું હતું કે 'સિંદૂર'નો છોડ નારીશક્તિની બહાદુરી અને પ્રેરણાનું મજબૂત પ્રતીક બની રહેશે. સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## મકાનમાલિક-ભાડૂતનો વિવાદ જલદી ઉકેલોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ બૉમ્બે હાઈ કોર્ટમાંથી આવેલા કેસની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે મકાનમાલિક અને ભાડૂત વચ્ચેના વિવાદનો ઉકેલ લાવવામાં થઈ રહેલા વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવવા જણાવ્યું હતું. ન્યાયાધીશ સંજય કારોલ અને મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે મકાલમાલિક અને ભાડૂત વચ્ચેના વિવાદ સંબંધિત અનિર્ણિત પડી રહેલા કેસના સમયગાળાની ચકાસણી કરવાની બૉમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને વિનંતી કરી હતી.

મુંબઈસ્થિત હરચંદરાય હાઉસના ભાડૂત હિન્દુસ્તાન ઑર્ગેનિક કેમિકલ્સ લી.ના વ્યવસાયના વચગાળાના નફાને ધ્યાનમાં રાખીને પ્રતિચોરસ (જુઓ પાનું ૨) ▸▸






## ટ્રમ્પે ૧૯ દેશના નાગરિકો પર પ્રતિબંધ લાદ્યા

વૉશિંગ્ટનઃ યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે કુલ ૧૯ દેશ પર (૧૨ દેશ પર સંપૂર્ણ પ્રતિબંધ અને સાત દેશ પર આંશિક પ્રતિબંધ) નવા મુસાફરી પ્રતિબંધ લાદવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા.

સંપૂર્ણ પ્રતિબંધની યાદીમાં નીચે આપેલ ૧૨ દેશો છેઃ

અફઘાનિસ્તાન, ઈરાન, યમન, મ્યાનમાર, ચાડ, કોંગો પ્રજાસત્તાક, વિષુવવૃત્તીય ગિની, ઈરિટ્રિયા, હૈતી, લિબિયા, સોમાલિયા અને સુદાન.

આ ઉપરાંત, ટ્રમ્પે સાત દેશ - બુરુન્ડી, ક્યુબા, લાઓસ, સિએરા લિયોન, ટોગો, તુર્કમેનિસ્તાન અને વેનેઝુએલાના

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત-પાક યુદ્ધ અંગે ટ્રમ્પ અને પુતિને ચર્ચા કરી

મોસ્કોઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં જ થયેલા લશ્કરી સંઘર્ષ પર ચર્ચા કરવામાં આવી હતી. ક્રેમલિનના એક સહાયકે આ જાણકારી આપી હતી.

ક્રેમલિનના ટોચના સહાયક યૂરી ઉશાકોવે મીડિયાને જણાવ્યું હતું કે બન્ને નેતાઓ વચ્ચે બુધવારે થયેલી વાતચીત દરમિયાન યુક્રેન યુદ્ધ,

(જુઓ પાનું ૨) ▸▸

## મધ્ય પ્રદેશમાં અકસ્માતઃ સાતનાં મોત

રેવાઃ મધ્યપ્રદેશના રેવા જિલ્લામાં ગુરુવારે એક ટ્રક પલટી જતાં અને ઑટો-રિક્ષાને કચડી નાખતાં સાત લોકોનાં મોત અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા.

જિલ્લા મુખ્યાલયથી લગભગ ૭૦ કિમી દૂર રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૩૦ પર બપોરે લગભગ અઢી વાગ્યે આ અકસ્માત થયો હતો. મૃતકોમાં ચાર બાળક, બે પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે.

માહિતી મળ્યા બાદ પોલીસે બચાવ કામગીરી શરૂ કરી હતી અને ઘાયલોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. એનએચ-૩૦ પરથી પસાર થતી એક ટ્રક કાબૂ બહાર થઇને ઑટો-રિક્ષા પર પલટી ગઈ હતી, જેમાં તેમાં સવાર લોકો ફસાઈ ગયા હતા, એમ એએસપી વિવેક લાલે જણાવ્યું હતું. અકસ્માતમાં બંને

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૯૦ કરોડની બૅન્ક છેતરપિંડી અંગે ઈડીના દરોડા

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ગુરુવારે ૧૯૦ કરોડ રૂપિયાના કથિત બૅન્ક લોન છેતરપિંડી સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હી, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ કેસ શ્રી સિદ્ધદાતા ઇસ્પાત પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય સાથે સંબંધિત છે જેમાં બૅન્ક ઓફ બરોડા (અગાઉ દેના બેન્ક) સાથે છેતરપિંડીના આરોપો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તર પ્રદેશમાં દિલ્હી, ગાઝિયાબાદ અને નોઇડામાં અને હરિયાણામાં પાણીપતમાં ઓછામાં ઓછા

(જુઓ પાનું ૨) ▸▸

## યુપીમાં ૧૦૦ કરોડથી વધુની વીમા છેતરપિંડી

સંભલ (ઉત્તર પ્રદેશ)ઃ ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં નકલી પોલિસીઓ, નકલી દસ્તાવેજો અને વીમા પોલિસી પર ક્લેમ કરવા માટે હત્યાઓ સાથે સંબંધિત એક મોટું વીમા કૌભાંડનો ખુલાસો થયો છે. જેમાં અંદાજિત છેતરપિંડીની રકમ ૧૦૦ કરોડ રૂપિયાને પણ વટાવી ગઇ છે. અધિકારીઓએ ગુરુવારે આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે ઇન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ પણ આ કેસમાં તપાસ શરૂ કરી હતી અને સ્થાનિક પોલીસ પાસેથી સંબંધિત દસ્તાવેજો અને એફઆઇઆરની કોપી માગી છે.

અધિક પોલીસ અધિક્ષક (દક્ષિણ) અનુકૃતિ શર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે આ કૌભાંડમાં સામેલ ગેંગ પર જાન્યુઆરીથી નજર રાખવામાં આવી રહી હતી. આ કેસના સંદર્ભમાં અત્યાર સુધીમાં ૫૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે,

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બેંગલૂરુની દુર્ઘટના, રાજ્ય સરકાર હાથ ખંખેરી ના શકે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ફાઈનલમાં મંગળવારે રાત્રે પંજાબની ટીમને હરાવીને રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ચેમ્પિયન બની ત્યારે રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ના ચાહકોની ખુશીની કોઈ સીમા નહોતી. એક જ દિવસમાં એ ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB)ની ઉજવણી બુધવારે બેંગલૂરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સન્માન સમારોહ રખાયો હતો. વિજેતા ખેલાડીઓના સ્વાગત માટે ચિન્નાસ્વામી સ્ટેડિયમની અંદર હજારોની ભીડ એકઠી થઈ ગઈ હતી ને બહાર લાખોની ભીડ જામી હતી.

આ એકઠી થયેલી ભીડમાં નાસભાગ મચતાં ૧૧ લોકોના મોત થયાં અને ૩૩ લોકો ઘાયલ થતાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (RCB) ટીમના આઈપીએલ ચેમ્પિયન બનવાના ઐતિહાસિક વિજય સાથે એક કલંકિત પ્રકરણ જોડાઈ ગયું છે. આ દુર્ઘટના અત્યંત આઘાતજનક છે અને એટલું જ આઘાતજનક આ મુદ્દે શરૂ થઈ ગયેલું રાજકારણ છે. ૧૧ લોકોની ચિતા પર રાજકીય ફાયદાનો રોટલો શેકવા માટે ભાજપ, કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો મેદાનમાં આવી ગયા છે અને આક્ષેપો-પ્રતિ આક્ષેપોનો મારો ચાલી રહ્યો છે.

ભાજપે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના રાજીનામાની માગણી કરી છે. ભાજપનું કહેવું છે કે, કૉંગ્રેસ સરકારની બેદરકારીને કારણે દુર્ઘટના થઈ છે તેથી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. ભાગદોડમાં લોકોનાં મોત પછી પણ કાર્યક્રમ ચાલુ રખાયો હતો, લાશો પડતી હતી છતાં ઉજવણી ચાલુ રહી હતી. આમ આદમી પાર્ટીના કર્ણાટકના યુવા મોરચા પ્રમુખ લોહિત હનુમાનપુરાએ પોલીસમાં ફરિયાદ કરીને કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન અને ચિન્નાસ્વામી સ્ટેડિયમના સીઈઓ સામે એફઆઈઆર નોંધવાની માગ કરી છે.

કૉંગ્રેસે આ મુદ્દે ભાજપ રાજકારણ રમી રહ્યું છે એવો આક્ષેપ કર્યો છે પણ વાસ્તવમાં કૉંગ્રેસ પણ એ જ કરી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ એવું કહ્યું કે, હું બચાવ નથી કરી રહ્યો પણ દેશમાં પહેલાં પણ ઘણા મોટા અકસ્માતો થયા છે. કુંભ મેળામાં ૫૦-૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કર્ણાટકના મંત્રી અને કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગેએ સરકારની ભૂલ સ્વીકારીને કહ્યું કે, યોગ્ય આયોજન અને સંકલન હોત તો આ અકસ્માત ટાળી શકાયો હોત.

પ્રિયાંકનો દાવો છે કે, ભાજપ આ મુદ્દે રાજકારણ રમી રહ્યો છે. સરકારે સાવ ટૂંકા સમયગાળામાં ખુલ્લી બસમાં પરેડ શક્ય નથી એવું કહેલું. જવાબમાં ભાજપે આક્ષેપ કરેલો કે, અમે ટીમનું અપમાન કરી રહ્યા છીએ. દુર્ઘટના પછી ભાજપ દ્વારા પોસ્ટ દૂર કરવામાં આવી છે અને અમારા પર દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે.

પ્રિયાંકની વાત સાચી છે કે ભાજપે પોસ્ટ મૂકીને રાજકીય ફાયદો લેવા પ્રયત્ન કર્યો હતો પણ બચાવ વાહિયાત છે કેમ કે સરકાર ભાજપની નહીં પણ કૉંગ્રેસની છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પણ સરકારની છે ને આયોજનની જવાબદારી પણ સરકારની જ છે. ભાજપે ગમે તે કહ્યું હોય, ખુલ્લી બસમાં પરેડ શક્ય નહોતી તો તેને મંજૂરી નહોતી આપવી જોઈતી. જીતના બીજા જ દિવસે પરેડ કરવી જરૂરી નહોતી.

રાજ્ય સરકારે યોગ્ય આયોજન માટે બે દિવસનો સમય લઈને પછી પરેડને મંજૂરી આપવી જોઈતી હતી પણ તેના બદલે ભાજપ રાજકીય ફાયદો ના લઈ જાય એટલે મંજૂરી આપી તેમાં દુર્ઘટના થઈ ગઈ. બેંગલોર પોલીસનું તો કહેવું છે કે, પરેડની મંજૂરી જ નહોતી લેવાઈ. મંજૂરી નહોતી તો પરેડ નીકળી કઈ રીતે એ પણ સવાલ છે.

કૉંગ્રેસ સરકારે રોયલ ચેલેન્જર્સ બેંગલોર્સના મેનેજમેન્ટને પણ રોક્યું નહીં એ પણ તેની ભૂલ છે. આરસીબી મેનેજમેન્ટે સ્ટેડિયમમાં સન્માન સમારોહ યોજવાની જાહેરાત કરી નાખી છતાં સરકારે કશું ના કર્યું. સ્ટેડિયમમાં ફ્રી પાસ સાથે એન્ટ્રી અપાશે એવી જાહેરાત કરાયેલી અને આ ફ્રી પાસ આરસીબીની વેબસાઇટ પરથી લેવાના હતા. આરસીબીની જીતના કારણે બેંગલૂરુમાં ભારે ઉત્સાહ હતો તેથી બુધવારે જાહેરાત પછી મોટી સંખ્યામાં લોકો પાસ લેવા માટે વેબસાઇટ પર તૂટી પડ્યા તેમાં સાઇટ ક્રેશ થઈ ગઈ હતી. સરકારને એ વખતે જ ખબર પડી જવી જોઈતી હતી કે, અરાજકતા અને અંધાધૂંધી સર્જાવાની છે. રાજ્ય સરકારે તરત એક્શનમાં આવીને યોગ્ય આયોજનનાં પગલાં લેવાની જરૂર હતી પણ સરકારે કશું ના કર્યું. બીજું કંઈ નહીં તો કમ સે કમ સ્ટેડિયમ તરફ જતા રસ્તા પર પાસ સાથેના લોકો જ જાય એવી વ્યવસ્થા ગોઠવી હોત તો પણ સ્ટેડિયમની બહાર લાખોની ભીડ ના જામી હોત.

રાજ્ય સરકારે એ કશું કર્યું નહીં તેમાં પાસ મેળવનારાઓની સાથે પાસ વગરના લોકો પણ સ્ટેડિયમમાં પહોંચી ગયા. એક અંદાજ પ્રમાણે પાંચેક લાખ લોકો પહોંચી ગયેલા. સ્ટેડિયમની ક્ષમતા ૩૫ હજાર લોકોની છે છતાં એક લાખ લોકોને અંદર લેવાયા અને ચારેક લાખ લોકો બહાર હતા. બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે ભીડ વધી જતાં બધા દરવાજા બંધ કરી દેવાયા તેમાં પાસ ધરાવતા લોકો પણ અંદર પ્રવેશી શક્યા નહીં એટલે બબાલ શરૂ થઈ.

ટોળાએ સ્ટેડિયમમાં પ્રવેશવા માટે ૧૨, ૧૩ અને ૧૦ નંબરના ગેટ તોડવાનો પ્રયાસ કરતાં પોલીસે લાઠીચાર્જ કર્યો તેમાં ગટરનો સ્લેબ તૂટી પડ્યો. બાકી હતું તે વરસાદ શરૂ થયો તેમાં નાસભાગ મચી ગઈ. પોલીસ આવા માહોલમાં બળપ્રયોગ કરીને ભીડને કાબૂમાં લેવા પ્રયત્ન કરે છે પણ ચાર લાખ લોકોને કાબૂમાં લેવા માંડ ૫ હજાર પોલીસ હતા તેથી કોઈને રોકી શકાયા નહીં ને મોતનું તાંડવ થઈ ગયું.

રાજ્ય સરકારના આયોજનના અભાવના બ્લંડરને માફ કરી શકાય તેમ નથી પણ લોકોનો પણ વાંક છે. ભારતમાં સિવિલ સેન્સનો અભાવ છે અને ટોળાશાહીનું કલ્ચર છે. આ ટોળાશાહી હકારાત્મક નથી પણ તમાશો જોનારી ટોળાશાહી છે. લોકો શિસ્ત પાળતા નથી અને ઘેટાનાં ટોળાંની જેમ વર્તે છે. કશું સમજ્યા વિના ઘેટાંની જેમ એકની પાછળ બીજું ને બીજાની પાછળ ત્રીજું દોટ મૂકે એમ લોકો પણ દોટ મૂકવામાં આનંદ અનુભવે છે. તેના કારણે બીજા કોઈને તકલીફ પડશે, સમસ્યા સર્જાશે, અરાકજતા સર્જાશે તેની કોઈ પરવા કરતું નથી ને તેનો અંત લોકોનાં મોતમાં આવે છે. જે લોકો મર્યા તેમને નિર્દોષ ના કહી શકાય કેમ કે એ બધાં પણ ગેરશિસ્તનો ભાગ હતાં જ પણ નાનકડી ગેરશિસ્તની કિંમત તેમણે પોતાના જીવ આપીને બહુ મોટી ચૂકવી એ જોઈને ખરેખર અફસોસ થાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૬-૬-૨૦૨૫,
નિર્જલા સ્માર્ત એકાદશી, ગાયત્રી જયંતી

- ભારતીય દિનાંક ૧૬, માહે જ્યેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જ્યેષ્ઠ સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જ્યેષ્ઠ, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૬-૩૩ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૦-૦૬ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૨૦, રાત્રે ક. ૨૦-૩૭
- ઓટઃ બપોરે ક. ૧૪-૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૪ (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જ્યેષ્ઠ શુક્લ - એકાદશી. નિર્જલા સ્માર્ત એકાદશી (કેરી), રુક્મિણી વિવાહ (ઓરિસ્સા), ગાયત્રી જયંતી, બુધ મિથુનમાં ૦૯-૨૯, ભદ્રા બપોરે ક. ૧૫-૩૨થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૪૯, મંગળ સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, ઉપનયન સર્વદેવ પ્રતિષ્ઠા, નિર્જલા એકાદશી વ્રત, ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી લક્ષ્મીનારાયણ પૂજન, શ્રી ગણેશપૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશઅથર્વશીર્ષમ્ અભિષેક, મંગળ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, બીલીનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, વિદ્યારંભ, હજામત, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, પશુ લે-વેંચ, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્રારંભ, દસ્તાવેજ દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, બાળકને અન્નપ્રાશન, દેવદર્શન.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ચપળ મન
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર ચિત્રા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### વૈશ્વિક ચાંદી

જોવા મળી રહી હોવાનું એએનઝેડ કૉમૉડિટીઝનાં સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવ્યું હતું. જોકે, છેલ્લા થોડા સમયગાળાથી આર્થિક અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવને કારણે ચાંદીની સરખામણીમાં સોનામાં તેજીનું વલણ જોવા મળી રહ્યું હતું. અર્થાત ચાંદીમાં ઓછી વૃદ્ધિ જોવા મળી રહી હતી. તેમ જ હવે ચાંદીની કુલ માગ પૈકી ૭૦ ટકા માગ ઔદ્યોગિક વપરાશી માગ રહેતી હોવાથી આજે ચાંદીના ભાવમાં મોટો ચમકારો જોવા મળ્યો હોવાનું વિશ્લેષકોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજની તેજી સાથે સોના-ચાંદીનો રેશિયો ૧૦૦ની નીચે આવ્યો હોય તેમ જણાય છે. નોંધનીય બાબત એ છે કે એક ઔંસ ચાંદીના મૂલ્યમાં તમે કેટલા ઔંસ સોનું ખરીદી શકો તે મુજબ સરાસરીનું આંકલન થતું હોય છે. નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠક પશ્ચાત્ અમેરિકામાં ટૅરિફ વૃદ્ધિને પગલે વિવિધ ચીજોના ભાવમાં થયેલા વધારા અને ઉત્પાદન પડતરો વધી રહી હોવાથી અમેરિકાની આર્થિક પ્રવૃત્તિઓ ધીમી પડી રહી હોવાનું ફેડરલ રિઝર્વે એક અહેવાલમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે એએડીપી નેશનલ એમ્પ્લોયમેન્ટના રિપોર્ટ અનુસાર ગત મે મહિનામાં ખાનગી કંપનીઓએ ગત મે મહિનામાં રોજગારોમાં બે વર્ષનો સૌથી ઓછો વધારો કર્યો હતો. જોકે, હવે બજારની નજર આવતીકાલે શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં નોન ફાર્મ પૅ રૉલ ડેટા પર સ્થિર થઈ છે.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શિ જિનપિંગ સાથે સોદો કરવો મુશ્કેલ ગણાવાની સાથે સાથે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલને પુનઃ વ્યાજદરમાં કાપ મૂકવા માટે હાકલ કરી હતી. વધુમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની ટૅરિફ બમણી કરવાના નિર્ણયને અમલમાં મૂકવાની સાથે અમેરિકી વહીવટીતંત્રએ જુલાઈમાં થનારી અપેક્ષિત ટૅરિફ વૃદ્ધિને ટાળવા માટે વેપારી ભાગીદાર દેશોને શ્રેષ્ઠ ઓફર આપવા જણાવ્યું હતું.

એકંદરે ટ્રમ્પની આ હાકલને ધ્યાનમાં લેતા સોનાને અમુક અંશે ટેકો મળી રહ્યો હોવાનું સિટી ઈન્ડેક્સના વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવતાં ઉમેર્યું હતું કે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગ રહેતી હોય છે. ■

### અમરનાથ યાત્રાના

કરવામાં આવશે. અમિત શાહના અધ્યક્ષપદ હેઠળ મળેલી ઉચ્ચસ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકમાં ઉપરાજ્યપાલ મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, જમ્મુ-કાશ્મીરના મુખ્ય સચિવ અટલ ડૂલ્લુ. ડીજીપી નલિન પ્રભાત તેમ જ ગૃહ મંત્રાલય, સેના, અર્ધલશ્કરી દળ, જમ્મુ-કાશ્મીર પોલીસ, નાગરિક પ્રશાસન અને કેન્દ્રશાસિત પ્રદેશની ગુપ્તચર એજન્સીઓના ટોચના અધિકારીઓએ હાજરી આપી હતી. અમિત શાહે કહ્યું હતું કે કેન્દ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર યાત્રીઓને તમામ આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં કોઈ કસર નહીં છોડે. અમરનાથ યાત્રાના દિવસો ઘટાડવાનો નિર્ણય પહલગામ આતંકવાદી હુમલા અગાઉ જ લઈ લેવામાં આવ્યો હતો અને સુરક્ષાના મુદ્દા સાથે તેને કોઈ લેવાદેવા નથી એમ જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે યાત્રાનો સમયગાળો મોસમના આધારે નક્કી કરવામાં આવે છે. (એજન્સી)

### ૧૯૦ કરોડની

૧૦ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે આ સ્થળો કંપની સાથે સંકળાયેલા ડિરેક્ટરો, પ્રમોટરો, ભાગીદારો, ઓડિટરો અને અન્ય કથિત કાવતરાખોરો સાથે સંબંધિત છે જેમની ૧૯૦ કરોડ રૂપિયાના કથિત બૅન્ક લોન છેતરપિંડીના કેસમાં તપાસ ચાલી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સંબંધિત કંપની સ્ટીલ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. ઇડીની કાર્યવાહીને લઇને કંપનીના પ્રમોટરોની પ્રતિક્રિયા તાત્કાલિક મળી શકી નથી. ■

### અયોધ્યામાં રામ દરબાર

આ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લીધો હતો. ખાસ વાત એ હતી કે ગુરુવારે યોગીનો જન્મદિવસ પણ હતો અને આ દિવસે અયોધ્યાના રામ મંદિરમાં રામ દરબારની પ્રાણપ્રતિષ્ઠા યોજાઈ હતી.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પ્રાણપ્રતિષ્ઠામાં ભાગ લેવા માટે અયોધ્યા પહોંચ્યા હતા. પહેલા યોગી હનુમાનગઢી ગયા હતા અને વિધિ-વિધાનથી મહાવીર હનુમાનની પૂજા-અર્ચના કરી હતી.ત્યારબાદ તેઓ પ્રાણપ્રતિષ્ઠામાં ભાગ લેવા પહોંચ્યા હતા.

ભગવાન રાજા રામના રામ દરબારની પ્રાણપ્રતિષ્ઠામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ભક્તો પણ અયોધ્યા પહોંચ્યા હતા.

પ્રાણપ્રતિષ્ઠા સમારોહ માટે અયોધ્યાની દરેક શેરી, મંદિરો, રસ્તાઓ શણગારવામાં આવ્યા હતાં. રામ નગરી ભગવા ધ્વજ, ફૂલોની સજાવટ, રંગોળી અને દીવાઓના પ્રકાશથી ઝગમગી ઊઠી હતી.

યોગીએ આ કાર્યક્રમમાં હાજરી આપીને પ્રતિમાની આરતી ઉતારી હતી.

તેઓ લગભગ છ કલાક અયોધ્યામાં રોકાયા હતા. એમણે લગભગ બે કલાક રામ મંદિર પરિસરમાં રોકાયા હતા. આ સમય દરમિયાન એમણે રામ લલાના દર્શન કર્યાં હતાં અને પ્રાણપ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લીધો હતો. ત્યારબાદ એમણે હનુમાનગઢીની મુલાકાત લીધી હતી.

અયોધ્યા ખાતે વર્ષો બાદ રામજન્મભૂમિ પર રામમંદિરનું નિર્માણ થયું છે. ગત વર્ષે મંદિરમાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી ત્યારે ગુરુવારે રામમંદિરમાં રામ દરબારની વિધિવત્ રીતે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

વિક્રમ સંવત ૨૦૨૮૨, જેઠ સુદ ૧૦મીને ગુરુવારે રામ મંદિર ખાતે ભવ્ય રામમંદિર ખાતે 'રામ દરબાર'ની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. મંદિરમાં આજથી ભગવાન રામના દરબારને સજાવવામાં આવ્યો છે. હવે શ્રદ્ધાળુઓને રામલલ્લાની સાથોસાથ ભવ્ય રામ દરબારના દર્શનનો પણ લહાવો મળશે.અયોધ્યા રામ જન્મભૂમિ ખાતે રામ મંદિરમાં રામ દરબાર સહિત અન્ય સાત મંદિરોની સ્થાપના માટે પ્રાણપ્રતિષ્ઠાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે રામ મંદિરમાં ૨૧ મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે.૨૧ મૂર્તિઓની સાથોસાથ મંદિરના ઈશાન ખૂણામાં શિવલિંગ, અગ્નિ ખૂણામાં શ્રીગણેશ, દક્ષિણ મધ્યમાં મહાબલી હનુમાન, નૈઋત્ય ખૂણામાં સૂર્ય દેવ, વાયવ્ય ખૂણામાં માતા ભગવતી, ઉત્તર મધ્યમાં મા અન્નપૂર્ણા, દક્ષિણ પશ્ચિમ પરકોટમાં શેષાવતાર મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા પણ કરવામાં આવશે.રામ દરબારની પ્રાણ પ્રતિષ્ઠાના આ અવસરે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. અયોધ્યા અને કાશીના ૧૦૧ આચાર્યોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ધાર્મિક અનુષ્ઠાન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે રામ મંદિરના પહેલા માળનું નિર્માણ કાર્ય પૂરૂં થયા બાદ તેમાં રામ દરબારની સ્થાપના કરવામાં આવી છે. જેમાં આજે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. ■

### મધ્ય પ્રદેશમાં

વાહનને ભારે નુકસાન થયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે ચાર જણના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ત્રણ જણ પછીથી ઘાયલ થયા હતા.

ઑટો-રિક્ષાના મુસાફરો પ્રયાગરાજમાં ગંગા નદીમાં સ્નાન કર્યા પછી, રેવાની સરહદે આવેલા મૌગંજ જિલ્લાના નૈગઢી પરત ફરી રહ્યા હતા.અધિકારીએ જણાવ્યું કે ટ્રક પ્રયાગરાજથી રેવા જઈ રહી હતી.મૃતકોની ઓળખ રામજીત જયસ્વાલ (૩૮), પિંકી (૩૫), હીરાલાલ જયસ્વાલ (૬૫), પ્રવીણ (૧૨), અંબિકા (૮), માનસી (૭) અને અરવિંદ (૬) તરીકે થઈ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે અકસ્માત બેદરકારીને કારણે થયો છે કે ટેક્નિકલ ખામીને કારણે થયો છે તે નક્કી કરવા માટે તપાસ ચાલી રહી છે. ■

### ભારત-પાક યુદ્ધ

ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષ અને ઇરાનના પરમાણુ કાર્યક્રમ સહિત અનેક વૈશ્વિક મુદ્દાઓ પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

રશિયાની સરકારી ન્યૂઝ એજન્સી ટીએએસએસએ ઉશાકોવને ટાંકીને કહ્યું હતું કે ટ્રમ્પ અને પુતિને મધ્યપૂર્વ અને ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષ પર ચર્ચા કરાઇ હતી. જોકે, ઉશાકોવે વધુ જાણકારી આપી નહોતી.

ટ્રમ્પ વારંવાર દાવો કરી ચૂક્યા છે કે તેમણે ભારત અને પાકિસ્તાનને યુદ્ધ કરતા અટકાવ્યા હતા.જોકે, ભારત એ વાતનો દાવો કરી રહ્યું છે કે પાકિસ્તાન સાથે લશ્કરી સંઘર્ષ વિરામ બંને સૈન્યના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) વચ્ચે સીધી વાતચીત બાદ થયો હતો.

દરમિયાન, પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે રાષ્ટ્રપતિ પુતિનને ભારત સાથેના સંઘર્ષને ઉકેલવામાં મદદ કરવા વિનંતી કરી છે, એમ પાકિસ્તાનના વડા પ્રધાનના ખાસ સહાયક સૈયદ તારિક ફાતેમીએ જણાવ્યું હતું. મંગળવારે મોસ્કોમાં વિદેશ પ્રધાન સેર્ગેઇ લવરોવને મળેલા ફાતેમીએ પુતિનને શરીફનો પત્ર સોંપ્યો હતો.

ફાતેમીએ બુધવારે કહ્યું હતું કે મે રશિયાના વિદેશમંત્રી લાવરોવ સાથે મુલાકાત કરી હતી. મે અમારા વડા પ્રધાન દ્વારા રાષ્ટ્રપતિ પુતિનને લખવામાં આવેલો પત્ર સોંપ્યો હતો. અમે તેમને કહ્યું છે કે તેઓ પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને એ સુનિશ્ચિત કરે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત થાય અને કૂટનીતિક સમાધાન આવે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે પાકિસ્તાન રશિયા તરફથી એવી કોઈ શરૂઆતની રાહ જોઈ રહ્યું છે જે ભારત સાથે તણાવ ઘટાડવામાં મદદ કરશે. ''અમે રશિયા પાસેથી એવી કોઈ શરૂઆતની અપેક્ષા રાખીએ છીએ જેનાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો થાય. નોંધનીય છે કે પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો હતો. ભારતે ૭ મેના રોજ વહેલી સવારે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખા પર હુમલા કર્યા હતા. ■

### મકાનમાલિક

ફૂટના દર અંગેના વિવાદ સંબંધિત કેસને મામલે હાઈ કોર્ટે આપેલા આદેશને પડકારતી અરજીની સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી હતી.

મકાનમાલિક-ભાડૂતના વિવાદનો ઉકેલ લાવવામાં થતા વિલંબને કારણે અમુક કેસમાં અરજકર્તાઓએ ઘણીવાર વરસો સુધી રાહ જોવી પડે છે જેને કારણે બંને મિલકતો ઉપયોગ કરવાથી તેમ જ આર્થિક લાભથી વંચિત રહે છે. બંનેમાંથી કોઈ પણ પક્ષને સહન ન કરવું પડે તેની જવાબદારી ન્યાયતંત્ર અને કોર્ટની છે, એમ તેમણે કહ્યું હતું.

વિવાદના ઉકેલમાં થતાં વિલંબને કારણે મકાનમાલિકને મિલકત મારફતે થતા આર્થિક લાભથી વંચિત રહેવું પડે છે તો બીજી તરફ કેસનો નિકાલ આવે ત્યારે નિર્ધારિત ટૂંકા સમયગાળામાં મોટી રકમની ચુકવણી કરવાનો આદેશ આપવામાં આવે છે ત્યારે ભાડૂતને સહન કરવાનું આવે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બૉમ્બે હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને અમે આ મુદ્દો ઉપાડી લેવાની અને સંબંધિત કોર્ટ પાસેથી મકાનમાલિક અને ભાડૂત વચ્ચેના વિવાદ સંબંધિત અનિર્ણિત પડી રહેલા કેસના સમયગાળાની ચકાસણી કરવાની તેમ જ તેનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવવાની વિનંતી કરીએ છીએ. (એજન્સી) ■

### મોદીએ 'અરવલ્લી

વહીવટીતંત્ર સાથે નજીકથી કામ કરીશું અને પાણીની વ્યવસ્થામાં સુધારો કરવા, ધૂળનાં તોફાનોને રોકવા, થાર રણના પૂર્વ તરફના વિસ્તરણને રોકવા વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરીશું.''

મોદીએ કહ્યું હતું કે, ''અરવલ્લી પર્વતમાળા અને તેનાથી આગળ વૃક્ષો રોપવાની પરંપરાગત પદ્ધતિઓ ઉપરાંત, અમે નવી ટેક્નિકોને પ્રોત્સાહન આપીશું, ખાસ કરીને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં જ્યાં જગ્યાની અછત છે. વૃક્ષારોપણની ગતિવિધિઓને 'જિયો ટેગ' કરવામાં આવશે અને મેરી 'લાઇફ પૉર્ટલ' પર દેખરેખ રાખવામાં આવશે.'' વડા પ્રધાને દેશના યુવાનોને આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા અને પૃથ્વીના હરિયાળા આવરણને વધારવામાં યોગદાન આપવા વિનંતી પણ કરી હતી. તેમણે દિલ્હી સરકારની ટકાઉ પરિવહન યોજના હેઠળ ઇલેક્ટ્રિક બસોને પણ લીલી ઝંડી આપી હતી. વડા પ્રધાને કહ્યું કે આનાથી દિલ્હીના લોકો માટે 'જીવન સુગમતા' પણ વધશે.

'અરવલ્લી ગ્રીન વૉલ' પ્રોજેક્ટ એ ત્રણ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશના ૨૯ જિલ્લાઓમાં અરવલ્લીની આસપાસના પાંચ કિલોમીટરના બફર ઝોનમાં ગ્રીન કવર વિસ્તારવા માટેની એક મોટી યોજના છે. દિલ્હી સરકારે જણાવ્યું હતું કે આ યોજના પ્રદેશમાં વાયુ પ્રદૂષણનો સામનો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે, ૨.૫ અબજ ટન કાર્બન ડાયોક્સાઇડ સમકક્ષ વધારાના 'કાર્બન સિંક' બનાવવા અને ૨૦૩૦ સુધીમાં ૨૬ મિલિયન હેક્ટર ક્ષતિગ્રસ્ત જમીનને ફરીથી ફળદ્રુપ ભારતના જળવાયુ પરિવર્તનના લક્ષ્યને પ્રાપ્ત કરશે.સરકારે કહ્યું હતું કે આ પ્રોજેક્ટ સ્થાનિક સમુદાયોને રોજગારી પૂરી પાડશે અને તેમને આવકની તકો ઊભી કરવામાં ફાયદો થશે. આ પ્રોજેક્ટના ઉદ્ઘાટન કાર્યક્રમમાં દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના મુખ્ય પ્રધાનોએ પણ ભાગ લીધો હતો. પર્યાવરણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ યોજના હેઠળ અરવલ્લી પર્વતમાળામાં સ્થિત ૨૯ જિલ્લાઓમાં લગભગ ૧,૦૦૦ નર્સરીઓ વિકસાવવામાં આવશે. પાંચ કિલોમીટર પહોળા ગ્રીન 'બફર' ઝોનમાં ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીની ૬૪.૫૦ લાખ હેક્ટર જમીનનો સમાવેશ થશે. આ બફર ઝોનમાં લગભગ ૪૨ ટકા (૨૭ લાખ હેક્ટર) જમીન હાલમાં ઉજ્જડ છે. ■

### યુપીમાં ૧૦૦ કરોડથી

જ્યારે લગભગ ૫૦ આરોપીઓ હજુ પણ ફરાર છે. ત્રણ આરોપીઓએ કોર્ટમાં આત્મસમર્પણ કર્યું છે. આ કૌભાંડની મોડસ ઓપરેન્ડી સમજાવતા શર્માએ કહ્યું હતું કે, 'ગેંગના સભ્યો યુવાનોને નિશાન બનાવતા હતા અને કેટલાક કિસ્સાઓમાં જીવન વીમાના પૈસા મેળવવા માટે તેમની હત્યા કરતા હતા. અન્ય કિસ્સાઓમાં તેઓ કેન્સર જેવી ગંભીર બીમારીઓથી પીડાતા લોકોના નામે તેમજ મૃત વ્યક્તિઓના નામે વીમા પોલિસી લેતા હતા અને પછી દસ્તાવેજો બનાવટી બનાવીને અને રેકોર્ડમાં ફેરફાર કરીને આરોગ્ય અને જીવન વીમા કંપનીઓ પાસેથી પૈસા મેળવવાનું કાવતરું ઘડતા હતા.' અધિકારીએ જણાવ્યું હતું કે આ કૌભાંડ ઓછામાં ઓછાં ૧૨ રાજ્યોમાં ફેલાયેલું છે અને અત્યાર સુધીમાં ૧૭ એફઆઇઆર નોંધાઈ છે, જેમાં ચાર હત્યા પણ સામેલ છે. ■

### ટ્રમ્પે ૧૯ દેશના

પ્રવાસીઓ પર આંશિક પ્રતિબંધ પણ લાદ્યો છે.

બંને આદેશ સોમવારથી અમલમાં આવશે, એમ વાહાઇટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે. ટ્રમ્પે કહ્યું કે કોલોરાડોમાં એક યહૂદી વિરોધી પ્રદર્શન પર કામચલાઉ ફ્લેમથ્રોવર હુમલાને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે, જેનો આરોપ યુએસ અધિકારીઓએ એક વ્યક્તિ પર મૂક્યો હતો જે તેમના મતે દેશમાં ગેરકાયદે રીતે રહેતો હતો.

''કોલોરાડોના બોલ્ડરમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાએ યોગ્ય રીતે તપાસ ન કરાયેલા વિદેશી નાગરિકોના પ્રવેશથી આપણા દેશને થતા ભારે જોખમોને રેખાંકિત કર્યા છે. અમને તે જોઈતા નથી.'' એમ ટ્રમ્પે એક્સ પર પોસ્ટ કરેલા ઓવલ ઓફિસમાંથી એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું. ટ્રમ્પે નવા પગલાંની તુલના તેમના પહેલા કાર્યકાળમાં ઘણા મુસ્લિમ દેશો પર લાદવામાં આવેલા ''શક્તિશાળી'' પ્રતિબંધ સાથે કરી હતી, જેના કારણે સમગ્ર વિશ્વમાં મુસાફરીમાં ભારે વિક્ષેપ પડ્યો હતો.

એમણે કહ્યું કે ''યુરોપમાં જે બન્યું (આતંકવાદી હુમલાઓ) તે આપણે અમેરિકામાં થવા દઈશું નહીં.''

ટ્રમ્પે કહ્યું, ''આપણે એવા કોઈપણ દેશમાંથી સ્થળાંતરને ખૂલ્લી પરવાનગી ન આપી શકીએ જ્યાં આપણે સુરક્ષિત અને વિશ્વસનીય રીતે તપાસ ન કરી શકીએ. તેથી જ આજે હું યમન, સોમાલિયા, હૈતી, લિબિયા અને અન્ય ઘણા દેશો પર મુસાફરી પ્રતિબંધો લાદતા નવા એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરી રહ્યો છું.'' ■

### મોદીએ કચ્છી

વર્ષ ૧૯૭૧માં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં અસાધારણ બહાદુરીનો દાખલો બેસાડનાર કચ્છની મહિલાઓએ તાજેતરમાં ગુજરાતની મારી મુલાકાત દરમિયાન મને સિંદૂરનો છોડ ભેટમાં આપ્યો હતો.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે દિલ્હીસ્થિત પ્રધાનમંત્રી નિવાસસ્થાને એ છોડ રોપવાનું સૌભાગ્ય મને મળ્યું છે. આ છોડ દેશની મહિલા શક્તિની બહાદુરી અને પ્રેરણાનું મજબૂત પ્રતીક બની રહેશે, એમ તેમણે કહ્યું હતું. સિંદૂરનો છોડની પસંદગી હવે એટલે પણ મહત્ત્વની બની ગઈ છે કેમ કે બાવીસ એપ્રિલે પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ હાથ ધરવામાં આવેલા મિલિટરી ઑપરેશનને 'ઑપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું. દરમિયાન મોદીએ કહ્યું હતું કે પર્યાવરણનું રક્ષણ કરવા દેશહિતમાં વિશ્વના તમામ દેશોએ આગળ આવવું જોઈએ. આ વર્ષના પર્યાવરણ દિનનું થીમ 'પ્લાસ્ટિક પોલ્યુશન'નો અંત લાવવાનું છે. (એજન્સી) ■

### રામ દરબાર જાહેર જનતા

સૂચના સુધી સામાન્ય જનતા અને વીઆઇપી બંને માટે બંધ રાખવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે ટ્રસ્ટ શનિવારે બેઠક બોલાવશે અને જાહેર દર્શન માટે રામ દરબાર કયા દિવસથી ખુલશે તે ઔપચારિક રીતે નક્કી કરશે.

'પ્રથમ તબક્કામાં, રામ દરબાર જાહેર મુલાકાતો માટે ખોલવામાં આવશે.' એમ ફૈઝે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે પરિસરમાં બાકીના છ મંદિરોમાં પ્રવેશ પછીના તબક્કામાં મંજૂરી આપવામાં આવશે.

આ મંદિરો ખોલવાની તારીખ અલગથી જાહેર કરવામાં આવશે. ગુરુવારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની હાજરીમાં રામ જન્મભૂમિ સંકુલની અંદર આઠ નવા બનેલા મંદિરોમાં મૂર્તિઓની સ્થાપના સાથે 'રાજા રામ' - ભગવાન રામનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ વિધિ મંદિરમાં બીજો મોટો અભિષેક સમારોહ હતો, જેમાં પહેલો ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં રામ લલ્લાનો અભિષેક સમારોહ યોજાયો હતો. ■

# ઓટો ડ્રાઈવર જે મહિને કમાય ₹ ૫-૭ લાખ!

મુંબઈઃ મુંબઈના બીકેસી ખાતે આવેલી યુએસ કોન્સ્યુલેટની બહાર ઊભો રહેતો એક ઓટો ડ્રાઈવર મહિનાના પાંચથી આઠ લાખ રૂપિયાની કમાણી કરે છે અને એ પણ ઓટો ચલાવ્યા વિના. આ ઈન્સપાયરિંગ સ્ટોરી લિંકેડઈન પર શેર કરવામાં આવી છે એક યુઝર દ્વારા.

વાઈરલ થઈ રહેલી સ્ટોરીમાં તમે જોશો કે એક ઓટો ડ્રાઈવર કોઈ પણ એપ, ફંડિંગ કે ટેક્નોલોજી વિના માત્ર એક રાઈટ પ્લેસ પર ઊભા રહીને પોતાની સમજદારીથી કામ કરી રહ્યો છે. યુઝરે પોસ્ટમાં લખ્યું હતું કે હું મારી વિઝા એપોઈન્ટમેન્ટ માટે યુએસ કોન્સ્યુલેટની ઓફિસ પહોંચ્યો તો મને જાણવા મળ્યું કે હું મારી બેગ અંદર નહીં લઈ જઈ શકું કે ન તો ત્યાં કોઈ લોકરની સુવિધા હતી. બસ અહીં સ્ટોરીમાં એક ઓટો ડ્રાઈવરની એન્ટ્રી થઈ અને તેણે મને કહ્યું કે સર બેગ મને આપી દો, હું સાચવીને રાખીશ. મારા માટે આ રોજનું છે અને મારો ચાર્જ ૧૦૦૦ રૂપિયા છે.

ઓટો ડ્રાઈવર આ રીતે જ કોન્સ્યુલેટની બહાર ઊભો રહીને વિઝા માટે આવનારા લોકોને તેમની બેગ સાચવવાની સુવિધા આપે છે. એક દિવસમાં તેને આવા ૨૦થી ૩૦ ગ્રાહકો મળી જાય છે એટલે દિવસના ૨૦થી ૩૦ હજાર રૂપિયાની કમાણી.



મહિને દહાડે આ આંકડો પાંચથી આઠ લાખ રૂપિયા સુધી પહોંચી જાય છે.

હવે આટલી બધી બેગ તો ઓટો રિક્ષામાં સાચવીના રાખી શકાય એમ નથી, એટલે તેણે સ્થાનિક પોલીસ ઓફિસરની સાથે પાર્ટનરશિપ કરી લીધી છે, જેમની પાસે એક લોકર સ્પેસ છે. બેગ ત્યાં જ સુરક્ષિત રાખવામાં આવે છે અને ઓટો માત્ર એક ફનલની જેમ કામ કરે છે. ■

# પશ્ચિમ રેલવેએ ચોમાસાની મહત્ત્વપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી

મુંબઈઃ મુંબઈમાં ચોમાસું ધાર્યા કરતા વહેલું આવી જતા, પહેલા વરસાદમાં વિવિધ સરકારી વિભાગો ઊંઘતા ઝડપાઇ ગયા હોય એવી હાલત થઇ હતી. પરંતુ, હવે ચોમાસાની ઋતુ દરમિયાન ટ્રેનોના સુચારુ સંચાલન માટે સક્રિય પગલાં લેતા, પશ્ચિમ રેલવેએ તેના મુંબઈ ઉપનગરીય નેટવર્કમાં ચોમાસાની તૈયારી માટેની ઘણી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ વ્યાપક પગલાં ભારે વરસાદ દરમિયાન અવરોધો ઘટાડવા અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાના હેતુથી લેવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર મુખ્ય પ્રવૃત્તિઓ જેમ કે ગટર અને નાળાની સફાઈ, પાટા પરથી ગંદકી અને કચરો દૂર કરવો, વધારાના જળમાર્ગોનું નિર્માણ, ઉચ્ચ ક્ષમતાવાળા પંપ બેસાડવા અને વૃક્ષોની છટણી જેવા કાર્યો ચોકસાઈ સાથે કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓની જાળવણી અને અપગ્રેડેશન પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કુલ ૫૮ કલ્વર્ટ અને ૫૫ કિમીથી વધુ ગટરોની સફાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગયા વર્ષે રેલવે યાર્ડમાં પાણીના નિકાલ માટે ૩ કિમી નવી ડ્રેનેજ લાઇન અને નવા મેનહોલ બનાવવામાં આવ્યા છે.

વસઈ-વિરાર વિભાગમાં ટ્રેકને પૂરથી બચાવવા માટે ૪.૫ કિમી લાંબી રિટેનિંગ વોલ બનાવવામાં આવી છે. પશ્ચિમ રેલવેએ ઉપનગરીય વિભાગ પર કાટમાળ/કચરો/માટી સાફ કરવા માટે કાટમાળ વિશેષ ટ્રેન શરૂ કરી છે. કાટમાળ ઉપાડવા માટે ખાસ ટ્રેનોના લગભગ ૪૮૦ રાઉન્ડ ચલાવવામાં આવ્યા હતા. કાટમાળ ઉપાડવા માટે ખાસ વેગન, જેસીબી, પોકલેન અને મજૂરોને તૈનાત કરીને આ કામ કરવામાં આવ્યું હતું. આનાથી પાણીનો નિકાલ સરળ બનશે.■

# ડેડલાઇન નજીક, પણ ભાયખલા બ્રિજ અંગે કોઈ સ્પષ્ટતા નહીં

મુંબઇઃ ભાયખલા પૂર્વમાં રાણી બાગને ભાયખલા વેસ્ટના નાગપાડા જંક્શન સાથે જોડનારા નવા કેબલ આધારિત બ્રિજના અંગે મૂંઝવણ પ્રવર્તી રહી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, બૉમ્બે (આઈઆઈટી-બૉમ્બે) દ્વારા ઓડિટમાં અસુરક્ષિત ઠેરવવામાં આવેલો આ પુલ બે રેલવે ઓવરબ્રિજ અને લગભગ સદી જૂના ભાયખલાના રેલવે ટ્રેક પર પુલની સમાંતર પસાર થશે. આ મામલાથી વાકેફ બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે 'પ્રથમ પગલા તરીકે અમે હાલના પુલની બાજુમાં સમાંતર પુલ બનાવી રહ્યા છીએ. એ તૈયાર થઈ ઉપયોગમાં આવ્યા પછી ત્યાં વાહન વ્યવહાર થશે અને જૂના પુલોને પાડી નવેસરથી બનાવવામાં આવશે.' ભાયખલામાં રેલવે ટ્રેક પરનો હાલનો પુલ ૧૯૨૨માં બનાવવામાં આવ્યો હતો. જુલાઈ, ૨૦૧૮માં ગોખલે પુલ તૂટી પડ્યા બાદ સ્ટ્રક્ચરલ ઓડિટમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, મુંબઈ દ્વારા અસુરક્ષિત અને જર્જરિત જાહેર કરવામાં આવેલા પુલમાં ૧૦૩ વર્ષ જૂનો આ પુલ પણ સામેલ હતો. ■

# ૨૬/૧૧ના હુમલામાં બચી ગયેલી દેવિકાને આખરે પોતાનું ઘર મળ્યું

મુંબઈઃ ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં બચી ગયેલી સૌથી નાની વયની દેવિકા રોતાવનને અંતે રહેવા માટે ઘર મળ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ઘર ફાળવવામાં આવે એ માટે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી એના પાંચ વર્ષ પછી દેવિકાને મ્હાડાનું ઘર ફાળવવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં તે ત્યાં રહેવા જશે.

૨૫ વર્ષની દેવિકા બાંદ્રાની ચેતના કોલેજમાં બી.એ.ના પ્રથમ વર્ષની વિદ્યાર્થિની હતી ત્યારે તેણે હાઇ કોર્ટમાં અરજી કરી હતી. ૨૦૦૮ના નવેમ્બરમાં પાકિસ્તાનના ૧૦ આતંકવાદીઓએ હુમલો કર્યો ત્યારે તે માંડ ૧૦ વર્ષની હતી અને સુનાવણી દરમિયાન મુખ્ય સાક્ષી હતી. તેણે જણાવ્યું હતું કે 'મારા પિતાએ કહેલી એક વાત મારા મગજમાં બરાબર ઉતરી ગઈ છે કે આપણે ૧૦૦ લોકોને મળીએ તેમાંથી ૯૯ લોકો ભલે ખરાબ હોય, પણ જો એક પણ વ્યક્તિ સારી હોય તો એને અનુસરવું. પિતાએ જ મને જુબાની આપવા માટે પ્રોત્સાહિત કરી હતી.' દેવિકા હજી સુધી ફાળવવામાં આવેલા નવા ઘરમાં રહેવા નથી ગઈ, પણ તેને માર્ચમાં ઘરની ચાવી મળી ગઈ હતી.■

# નવી મુંબઈની ૫૨૭ ઈમારત જોખમી

થાણેઃ મહારાષ્ટ્રના નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમએમસી) ની હદમાં ૫૨૭ ઇમારતોને ૨૦૨૪ - ૨૫ના સર્વે દરમિયાન 'જોખમી' તરીકે ઓળખવામાં આવી છે, એમ મહાનગરપાલિકાએ જણાવ્યું છે. એનએમએમસીએ બુધવારે જારી કરેલા પરિપત્રમાં જણાવ્યું હતું કે ૩૦ વર્ષથી વધુ સમયથી જૂની ઇમારતો માટે નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધાયેલા સિવિલ અથવા સ્ટ્રક્ચરલ એન્જિનિયર દ્વારા સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવું ફરજિયાત છે. જગ્યાનો કબજો ધરાવનારાઓને તાકીદે જગ્યા ખાલી કરવા કહેવામાં આવ્યું છે. પરિપત્રની વિગતો અનુસાર સ્ટ્રક્ચરલ ઓડિટ બાદ એન્જિનીયર દ્વારા ભલામણ કરવામાં આવેલા તમામ જરૂરી સમારકામ પૂર્ણ થઇ ગયા છે અને ઈમારત સલામત છે તેની પુષ્ટિ કરતું પ્રમાણપત્ર કોર્પોરેશનને સુપરત કરવાનું રહેશે. સ્ટ્રક્ચરલ ઇન્સ્પેક્શન નહીં કરાવનારા પાસેથી ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અથવા સંપૂર્ણ વાર્ષિક મિલકત વેરો, બેમાંથી જે વધારે હોય એ વસૂલવામાં આવી શકે છે. (પીટીઆઈ) ■



**બેદરકારી...** હાલમાં જ અમૃત ભારત યોજના હેઠળ સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશનનું પણ નૂતનીકરણ કરવામાં આવ્યું હતું, પણ પ્લેટફોર્મ નંબર ચાર પર પ્લેટફોર્મ નંબરનું બોર્ડ જ અડધું દેખાય છે. આ રીતે કરાયેલા નૂતનીકરણનો શું લાભ? (અમય ખરાડે)

# અમરાવતીમાં ૩.૮ ની તીવ્રતાનો ભૂકંપ

## જલગાંવ સુધી ભૂકંપના આંચકા અનુભવાયા; ૯ મહિનામાં બીજો ભૂકંપ નોંધાયો

અમરાવતીઃ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના મેલઘાટ વિસ્તારમાં બુધવારે રાત્રે ૯:૫૭ વાગ્યે ૩.૮ ની તીવ્રતાનો હળવો ભૂકંપ આવ્યો હતો.

જિલ્લા સત્તાવાળાઓએ ભૂકંપની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી. જોકે હળવી તીવ્રતા હોવા છતાં, ભૂકંપના આંચકા ઘણા ગામોમાં સ્પષ્ટપણે અનુભવાયા હતા, જેના કારણે સ્થાનિક લોકોમાં પ્રદેશની ભૂકંપીય પ્રવૃત્તિથી ચિંતા ફેલાઈ ગઈ છે.

એક વર્ષ કરતાં ઓછા સમયમાં આ બીજો ભૂકંપનો આંચકો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં અમરાવતીના કેટલાક ભાગો, જેમાં ધારણી, ચિખલદરા, અંજણગાંવ સૂરજી અને અચલપુરમાં સમાન આંચકા અનુભવાયા હતા.






# વિલેપાર્લેના ડૉક્ટર ડિજિટલ અરેસ્ટ ફ્રોડમાં સપડાયાઃ પોલીસે ૧.૨૯ કરોડ રૂપિયા બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નરેશ ગોયલ કેસ સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગના પ્રકરણમાં ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી વિલેપાર્લેના ૭૩ વર્ષના ડૉક્ટર પાસેથી સાયબર ઠગ ટોળકીએ ૨.૮૯ કરોડ રૂપિયા પડાવ્યા હતા, પરંતુ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ૧.૨૯ કરોડ રૂપિયા બચાવી લીધા હતા.

અધિકારીના જણાવ્યા મુજબ ૨ જૂનથી ૪ જૂન દરમિયાન કથિત ઠગાઈ હતી. વિલેપાર્લેમાં રહેતા ડૉક્ટરને અજાણ્યા શખસે વીડિયો કૉલ કર્યો હતો. શખસે પોતાની ઓળખ ટ્રાઈના અધિકારી તરીકે આપી હતી. બાદમાં વીડિયો કૉલ પર જ ડૉક્ટરની વાત પોલીસ અને જજ સાથે કરાવી હતી.

ઍરવેઝ કંપનીના સંસ્થાપક નરેશ ગોયલના કેસ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગના પ્રકરણમાં ડૉક્ટરના બૅન્ક ખાતાનો ઉપયોગ થયો હોવાનું તપાસમાં જણાયું છે. આ બૅન્ક ખાતામાંથી શંકાસ્પદ આર્થિક વ્યવહારો કરાયા હોવાનો દાવો પણ આરોપીએ કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મની લોન્ડરિંગના કેસમાં ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી ડૉક્ટરને વિવિધ બૅન્ક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. ડરના માર્યા ડૉક્ટરે ૨.૮૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં પોતે છેતરાયા હોવાની જાણ થતાં ડૉક્ટરે તરત જ મુંબઈ પોલીસની સાયબર હેલ્પ લાઈન નંબર- ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. ફરિયાદ મળતાં જ સાયબર પોલીસની ટીમે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. નૅશનલ ક્રાઈમ પોર્ટલ પર ફરિયાદ નોંધી સંબંધિત બૅન્કના નોડલ ઑફિસરનો સંપર્ક સાધ્યો હતો. જે બૅન્ક ખાતાઓમાં ડૉક્ટરે નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેમાં ૧.૨૯ કરોડ રૂપિયા અટકાવવામાં પોલીસ સફળ થઈ હતી. ■






## નાશિકમાં કાર બંગલોમાં ઘૂસી

# લગ્નમાં હાજરી આપીને પાછા જઈ રહેલા પરિવારના પાંચ સભ્ય સહિત છનાં મૃત્યુ

નાશિકઃ નાશિક જિલ્લામાં ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યા બાદ કાર રસ્તાને કિનારે આવેલા બંગલોમાં ઘૂસી જતાં એક જ પરિવારના પાંચ સભ્ય સહિત છ જણ મોત થયાં હતાં. આ પરિવાર તેમના સંબંધીના લગ્નમાં હાજરી આપીને પાછો ફરી રહ્યો હતો ત્યારે તેને અકસ્માત નડ્યો હતો. મૃતકોમાં ૧૨ વર્ષનો કિશોર અને ચાર વર્ષની બાળકીનો સમાવેશ હોઇ અકસ્માતમાં ઘાયલ થયેલા શખસને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર કાલવન તાલુકાના કોલ્હાપુર ફાટા ખાતે બુધવારે રાતના ૧૦ વાગ્યે આ અકસ્માત થયો હતો, જેમાં પાંચ જણના ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મૃતકોની ઓળખ શૈલા વસંત ભાદન (૬૨), તેની પુત્રી માધવી મેટકર (૩૨) અને દોહિત્રી ત્રિવેણી મેટકર (૪), સંબંધી સરલા ભાલચંદ્ર ભાદન (૫૦) તેમ જ કારચાલક ખાલીક મેહમૂદ પઠાણ તરીકે થઇ હતી, જ્યારે જ્યારે મેટકરનો ૧૨ વર્ષનો પુત્ર ગંભીર ઇજા પામ્યો હતો અને હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તેનું મૃત્યુ થયું હતું.

સટાણાના નામદેવ ખાતે રહેનારો પરિવાર તેમના સંબંધીના લગ્ન સમારંભમાં હાજરી આપવા માટે નાશિક આવ્યો હતો. નાશિકથી તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે નાશિક-કાલવન માર્ગ પર ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવતાં કાર બંગલોમાં ઘૂસી ગઇ હતી.

આ અકસ્માતમાં છ જણનાં મોત થયાં હતાં, જ્યારે ભાલચંદ્ર ભાદન (૫૨) ઘાયલ થયો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. કાલવન પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# અકસ્માત બાદ સરકારી ડૉક્ટરને ગાળો ભાંડીઃ ભૂતપૂર્વ નગરસેવક વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણેમાં અકસ્માત બાદ સરકારી ડૉક્ટરને ગાળો ભાંડવાના આરોપસર થાણે મ્યુનિસપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ નગરસેવક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


રાબોડી પોલીસના જણાવ્યા અનુસાર સરકારી ડૉક્ટર મંગળવારે તેની કારમાં જઇ રહ્યો હતો ત્યારે મીનાતાઇ ઠાકરે ચોક નજીક તેની કાર સાથે શિવસેનાના મહેશ સુરેશ વાઘની કાર ટકરાઇ હતી, જેમાં ડૉક્ટરની કારને નુકસાન થયું હતું. ડૉક્ટરે પોલીસને જણાવ્યું હતું કે વાઘે તેને અપશબ્દો કહ્યા હતા અને તેને લાફો પણ માર્યો હતો. વાઘ દારૂના નશામાં ડ્રાઇવિંગ કરી રહ્યો હતો, એવો આરોપ પણ તેણે કર્યો હતો. ■







॥ શ્રધ્ધાંજલી ॥



**શ્રી જગદીશચંદ્ર કામદાર**

૨૦-૧૨-૧૯૩૬ - ૦૪-૦૬-૨૦૨૫

ખૂબ જ દુઃખ સાથે જણાવવાનું કે ૪ જૂન ૨૦૨૫ ના રોજ અમારા પ્રિય પિતા શ્રી જગદીશચંદ્ર કામદારનું અવસાન થયેલ છે. તેમની સ્મૃતિ અમારા હૃદયમાં હંમેશા જીવંત રહેશે.

શોકાતુર પરિવાર
નીરા કામદાર (પત્ની),
ડૉ. સોનલ - મેથ્યુ
પૂરબી- ભાર્ગવ
નોમિતો - સ્વામી
રુચિરા - ચારુ
અને પૌત્રો, પ્રપૌત્રો અને મિત્રો


# પુણેમાં આઈટી પ્રોફેશનલે ૨૧મા માળેથી લગાવી મોતની છલાંગ

પુણેઃ પુણેમાં પચીસ વર્ષની આઇટી પ્રોફેશનલે રહેણાક ઇમારતના ૨૧મા માળેથી ઝંપલાવી આયખું ટૂંકાવ્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. મૃતકની ઓળખ અભિલાષા ભાઉસાહેબ કોથિંબિરે તરીકે થઇ હોઇ તેણે હિંજેવાડી વિસ્તારમાં ૩૧ મેના રોજ અંતિમ પગલું ભર્યું હતું અને પોલીસે બુધવારે રાતે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી.

અભિલાષા મળસકે ટૂ-વ્હીલર પર નીકળી હતી અને ક્રાઉન ગ્રીન સોસાયટીમાં પહોંચી હતી. બાદમાં તે ૨૧મા માળે મિત્રના ઘરે ગઇ હતી અને ત્યાંથી તેણે નીચે ઝંપલાવ્યું હતું.

અભિલાષાને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં પિંપરી-ચિંચવડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ૫

ોલીસને ત્યાંથી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં તેણે લખ્યું હતું કે 'મારું જીવવાનું પૂરું થઇ ગયું છે. હવે મારે જીવવું નથી.' સુસાઇડ નોટમાં તેણે પોતાના અંતિમ પગલા માટે પરિવારજનો અને મિત્રોની માફી પણ માગી હતી. (પીટીઆઇ)■

# પેટ્રોલ પંપની ડીલરશિપ અપાવવાને બહાને વેપારી સાથે ૨૧ લાખની છેતરપિંડી આચરી

થાણેઃ નવી મુંબઈમાં પેટ્રોલ પંપની ડીલરશિપ અપાવવાને બહાને ૪૮ વર્ષના વેપારી સાથે ૨૧ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ દંપતી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

કલ્યાણમાં રહેતો વેપારી ઉત્તર પ્રદેશમાં એલપીજી ડિસ્ટ્રિબ્યુશન એજન્સી ધરાવે છે. થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં રહેતા દંપતીએ જૂન, ૨૦૧૯થી નવેમ્બર, ૨૦૨૧ દરમિયાન નવી મુંબઈમાં પેટ્રોલ પંપની ડીલરશિપ અપાવવાની ઓફર સાથે વેપારીનો સંપર્ક સાધ્યો હતો અને આ માટે પચાસ લાખ રૂપિયાની માગણી કરી હતી.

દરમિયાન વેપારીએ તેમને કહ્યું હતું કે તે સંપૂર્ણ રકમની વ્યવસ્થા કરી શક્યો નથી. આથી દંપતીએ તેને શરૂઆતમાં ૨૦ લાખ રૂપિયા અને બાકીની રકમ પેટ્રોલ પંપની ડીલરશિપ મળ્યા બાદ ચૂકવવા કહ્યું હતું.

વેપારીએ દંપતીને ૨૧.૦૨ લાખ રૂપિયા આપ્યા હતા, પણ તેને પેટ્રોલ પંપની ડીલરશિપ ન મળતાં તેણે દંપતીનો સંપર્ક સાધ્યો હતો. જોકે તેઓ વેપારીને વિવિધ કારણો આપીને ટાળવા લાગ્યા હતા. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં વેપારીએ ૧ જૂને પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. વેપારીની ફરિયાદને આધારે પોલીસે દંપતી સામે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કપડા સૂકવવાના સ્ટેન્ડ**
ઓછી જગ્યામાં વધારે કપડાં સૂકવી શકાય તેવા પોર્ટેબલ, ફોલ્ડીંગ, વોલ માઉન્ટીંગ, સીલીંગ, ફ્લોર સ્ટેન્ડીંગ, પાવડર કોટેડ, સ્ટે.સ્ટીલ, પ્લાસ્ટિક, ઈમ્પોર્ટેડ તથા ઈન્ડીયનમાં ઘણીબધી વેરાયટીઝ. ગેરન્ટી/વોરંટી સાથે હોલસેલ ભાવે છૂટક વેચાણ. લેડીઝ, જેન્ટસ અમ્બ્રેલા (છત્રીઓ), બકેટમોપ, મેટસ્, અમ્બ્રેલા બીનસ્ તદ્ઉપરાંત કીચનને લગતી દરરોજ ઉપયોગમાં આવે તેવી ઘરવખરીની ૩૫૦૦૦/ થી વધારે બ્રાન્ડેડ ક્વોલીટી પ્રોડક્ટસ્. નજદીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. આવશ્યકતા હશે તો મુંબઈમાં કોઈપણ એરીયામાં ફ્રી હોમ ડિલીવરી થઈ જશે. ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦ થી સાંજે ૯ સુધી. સારી વસ્તુઓના વેચાણ કેન્દ્રોઃ (૧) મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે.રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪ મો. ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ૭૫૦૬૭૫૨૩૭૫ (૨) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે ચેમ્બુર, મુંબઈ ૭૧. મો. અશ્વિનભાઈ- ૮૮૫૦૫૫૫૦૨૬ (૩) મહાવીર હોમ સ્ટોર, અગાશી રોડ, વિઠ્ઠલમંદીરની સામે વિરાર (વે.) વિશાલ ૯૩૨૧૦૬૬૪૮૩. (એસડીબી-૨૬૪૫)

### ૧૪. નોકરી ખાલી છે

REQUIRED CA/ CA PASS Freshers for Office Management Part/Full time. Churchgate, WhatsUp: 7021831500. (B-16030)

REQUIRED CA PASS Freshers part/ full time Churchgate, Whatsup: 7021831500. (B-16042)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**રે રોડ સ્ટેશન નજીક**
ગ્રાઉન્ડ ફ્લોર ૧૧૦૦ ફુટ+ મેઝનીન ૬૦૦ ફૂટ ટોઈલેટ બાથરૂમ એટેચ ૨) ૭૨૦૦ ફુટ ગ્રાઉન્ડ+ ૧લો માળ, પાવર- પાણી સાથે આઉટ રાઈટથી આપવાનું છે. સંપર્કઃ જીતુભાઈ- 9821041515/ 9702434343. (એસડીબીજી-૨૬૪૭)

**ગોડાઉન જોઈએ છે**
શીવરી, કોટનગ્રીન, રે રોડમાં ૧૦,૦૦૦ - ૧૫૦૦૦ સ્કે.ફૂટ ભાડે/આઉટરાઈટથી મળો. - મહેશ શાહ - 9820253026/ 23422261. (એસડીબીજી-૨૬૩૪)

### ૨૩. મનોરંજન

**નાટક-મ્યુઝીકલ**
સોશ્યલ- પીક્ચર 16 ગ્રુપો: મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાં રવિવારે- 7021276622. (૧૫૯૮૩-જી)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
50 વર્ષથી ઑફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૯૧૬, ૨૩૪૯૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

### ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૦૪૦)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# આર્થિક વિવાદના મામલામાં 'સેટલમેન્ટ' કરવાનો આરોપઃ ત્રણ પોલીસ સસ્પેન્ડ

મુંબઈ: બે જણ વચ્ચેના આર્થિક વિવાદના મામલામાં 'સેટલમેન્ટ' કરવાના આરોપસર ત્રણ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.એડિશનલ પોલીસ કમિશનરે (વેસ્ટ રિજન) સોમવારે ખેરવાડી પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર (એપીઆઇ) રવીન્દ્ર જાધવ અને કોન્સ્ટેબલ વિશાલ જાધવ તથા કરમચંદ્ર દુબેને સસ્પેન્ડ કર્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણે પોલીસકર્મી મુફ્તી અને મેહુલ નામની બે વ્યક્તિ વચ્ચેના આર્થિક વિવાદ સાથે જોડાયેલા હતા. એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે એપીઆઇ જાધવ દિવસે ડ્યૂટી પર ન હોવા છતાં તેણે દિવસે આર્થિક વિવાદ સંબંધી ફરિયાદને હેન્ડલ કરી હતી. ત્રણેય પોલીસકર્મીએ એક પક્ષની તરફેણ કરીને પોલીસ સ્ટેશન બહાર બીજા પક્ષ પર સેટલમેન્ટ માટે દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન વરિષ્ઠ અધિકારીઓને આની જાણ થતાં તેમણે તપાસનો આદેશ આપ્યો હતો અને ત્રણેય પોલીસકર્મીને સસ્પેન્ડ કર્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

## ગેટવે નજીક

બાંધકામ અટકાવવાની માગણી કરી હતી. આ પ્રોજેક્ટ ૩૦ મહિનાની અંદર પૂર્ણ થવાનો અંદાજ છે. આ જેટીમાં એક સાથે ૨૦ બોટનો સમાવેશ કરવામાં આવશે, જ્યારે બાજુના ટર્મિનલ બિલ્ડિંગમાં ૩૫૦ લોકોની ક્ષમતાધરાવતું ૮૦ ચોરસ મીટરનું એમ્ફી-થિયેટર સામેલ હશે. (પીટીઆઈ)

## સ્કૂલ ચાલુ થવાના

આધુનિક ટૅબ પણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે પાલિકાએ વર્ષ ૨૦૦૭-૦૮ના શૈક્ષણિક વર્ષથી શૈક્ષણિક સામગ્રી મફત વહેંચવામાં આવે છે. દર વર્ષે સ્કૂલ ચાલુ થયા બાદ પણ લાંબા સમય સુધી વિદ્યાર્થીઓને આ વસ્તુઓ મળતી નથી. જોકે આ વર્ષે એપ્રિલ મહિનામાં જ પાલિકાએ આ સમાન માટે ટેન્ડર પ્રક્રિયા પૂરી કરી લીધી હતી, તેથી આ વખતે સ્કૂલ ચાલુ થવાની જ વિદ્યાર્થીઓને આ તમામ સામગ્રી ઉપલબ્ધ કરી આપવામાં આવશે એવો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

## સમૃદ્ધિ એક્સપ્રેસવે

જેમ સમૃદ્ધિ એક્સપ્રેસ-વેના કામમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે. એક્સપ્રેસવે મૂળભૂત રીતે ભ્રષ્ટાચારનો હાઇવે છે,' એમ સપકાળે કહ્યું હતું. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે 'નબળી' બાંધકામ ગુણવત્તાને કારણે એક્સપ્રેસ-વેમાં પહેલાથી જ તિરાડો પડી ગઈ છે.'જ્યારથી તે કાર્યરત થયું છે, ત્યારથી અનેક અકસ્માતો થયા છે, જેમાં અનેક લોકોના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે. સમૃદ્ધિ એક્સપ્રેસ-વેએ શાસક પક્ષના કેટલાક લોકોને જ સમૃદ્ધ બનાવ્યા છે. આ પ્રોજેક્ટમાં થયેલા ભ્રષ્ટાચારની સંપૂર્ણ તપાસ થવી જોઈએ,' એમ સપકાળે જણાવ્યું હતું.

## 'મુંબઈગરા'નો જીવ

હતું. પશ્ચિમ રેલવેમાં રોજના ૩૦થી ૩૫ લાખ પ્રવાસી ટ્રાવેલ કરે છે, જેમાં પીક અવર્સમાં સૌથી વધુ પ્રવાસી સ્ટેશનના પરિસરમાં અવરજવર કરે છે. ચર્ચગેટથી દહાણુ સેક્શનમાં રોજના ૧,૪૦૦થી વધુ લોકલ ટ્રેનની ફેરી દોડાવાય છે, તેથી સ્ટેશનના પરિસરમાં દરેક બાબત અંગે ગંભીરતાથી કામગીરી કરવાનું જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

## ચર્ચગેટ સ્ટેશને આગ

કોઈ જખમી થયું નહોતું પણ દુકાનને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. આગની ઘટના બાદ પાલિકા અને પોલીસના જવાનોએ પ્રવાસીઓને તે જગ્યાએથી દૂર લઇ જવા માટે માટે જહેમત ઉઠાવી હતી. પ્રવાસીઓ પણ ઘરે જવાની ઉતાવળમાં હતા, પરંતુ ધુમાડાને કારણે તેઓ ઇન્ડિકેટર પણ બરાબર રીતે જોઇ શકતા નહોતા તથા ધૂમાડાને કારણે ગૂંગળામણ થઇ રહ્યો હતો. આગને કારણે પ્રવાસીઓમાં ભયનું વાતાવરણ ફેલાઇ ગયું હતું.

## સમૃદ્ધિ મહામાર્ગ

તેનો રેકોર્ડ તોડીશું. આમાં અદ્યતન ફાયર સિસ્ટમ લગાવવામાં આવી છે. જ્યારે તાપમાન ૬૦ ડિગ્રી સુધી પહોંચે, ત્યારે પાણીનો છંટકાવ આપમેળે શરૂ થવા લાગશે. અકસ્માત થાય તો વધારાની ટનલ બનાવવામાં આવી છે. આ તબક્કામાં, ઇગતપુરી, ખુટઘર અને અમને ખાતે ત્રણ ઇન્ટરચેન્જ મૂકવામાં આવ્યા છે.

વન વિભાગને આ હાઇવે પર મોટા પાયે વૃક્ષારોપણ કરવાની સૂચના આપવામાં આવી છે. ૧,૦૦૦ ખેત તળાવ બનાવવામાં આવ્યા છે. ૨૨ સ્થળોએ સુવિધા કેન્દ્રો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હાઇવે પર ઇલેક્ટ્રોનિક ટોલ સિસ્ટમ છે અને ૬૧ ટોલ પ્લાઝા છે. ૧૪ કિમી ફાઇબર ઓપ્ટિક નાખવામાં આવ્યું છે. આ હાઇવે અકસ્માતમુક્ત કેવી રીતે બની શકશે એનો અમે પ્રયાસ કરી રહ્યા છીએ. આ પ્રોજેક્ટને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણના આધારે રાજ્યના ગ્રામીણ વિસ્તારો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ હાઇવે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ અને શિરડી, અજંતા-વેરુલ ગુફાઓ, લોણાર તળાવ અને અન્ય પર્યટન સ્થળોને જોડે છે. મહારાષ્ટ્ર માટે દેશના વિકાસ એન્જિન સમાન હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગ ખરેખર સમૃદ્ધિની રેખા છે.નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આ પ્રસંગે કહ્યું હતું કે ૭૦૧ કિમી લાંબો આ પ્રોજેક્ટ દેશ અને મહારાષ્ટ્ર માટે ગેમ ચેન્જર છે.

આ સૌથી મુશ્કેલ પ્રોજેક્ટ હતો. કેટલાકને લાગતું હતું કે આ પ્રોજેક્ટ ક્યારેય બનશે નહીં. અથવા તેઓ તેને બનતા અટકાવવાના બધા જ પ્રયાસ કરી રહ્યા હતા. આ હાઇવેને કારણે ૧૦ જિલ્લાઓ સીધા અને ૧૪ આડકતરી રીતે જોડાયેલા છે. અગાઉ, મુસાફરીમાં ૧૮ કલાકનો સમય લાગતો હતો. હવે તેમાં ૮ કલાક લાગશે. વન્યજીવન માટે ૧૦૦ અંડરપાસ બનાવવામાં આવ્યા છે. માણસો માટે રસ્તો તૈયાર કરતી વખતે, વન્યજીવનને ખલેલ ન પહોંચે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. આ હાઇવે કૃષિ, પર્યટન અને ઔદ્યોગિક વિકાસને વેગ આપશે. આ રસ્તો નાશિકના વિકાસને વેગ આપશે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે સમૃદ્ધિ હાઇવે દેવેન્દ્ર ફડણવીસનો ડ્રીમ પ્રોજેક્ટ હતો. શરૂઆતમાં ઘણા લોકોએ આ પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો, પરંતુ દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન હતા ત્યારે આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો અને મુખ્ય પ્રધાન છે ત્યારે તેમણે તેને પૂર્ણ કર્યો છે. આવું સંયોજન ખૂબ જ દુર્લભ છે.

અજિત પવારે કહ્યું હતું કે, છત્રપતિ સંભાજીનગર ખાતે એક સભા યોજાઈ હતી. ત્યાં બધાએ અમને કહ્યું કે અમે તેનો વિરોધ કરવા માગીએ છીએ. આપણે આ પ્રોજેક્ટ બિલકુલ થવા દેવો જોઈએ નહીં, પરંતુ જ્યારે દેવેન્દ્ર ફડણવીસ અને એકનાથરાવે જમીનના ભાવની જાહેરાત કરી, ત્યારે અમને (વિરોધપક્ષ) ટેકો આપનારાઓએ પીઠ ફેરવી લીધી હતી અને પૈસા લઈને જમીન આપીને સમૃદ્ધિ હાઇવેને ટેકો આપ્યો હતો.

### ૧૦ જિલ્લાને જોડતો પ્રોજેક્ટ

અમે ટૂંક સમયમાં પુણે-મુંબઈ રોડનું કામ કરી રહ્યા છીએ, જ્યાં સૌથી પહોળો પુલ અને ટનલ વિશ્વના ટોચના પાંચમાં સ્થાન મેળવશે. તેના દ્વારા ઘણું બધું પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ પંચાવન હજાર કરોડ રૂપિયા હતો. હવે તે ૬૧ હજાર રૂપિયા થઈ ગયો છે. આ સમૃદ્ધિ મહામાર્ગ છે, જે ૧૦ જિલ્લાઓને પ્રત્યક્ષ રીતે અને ૧૪ જિલ્લાઓને પરોક્ષ રીતે જોડે છે, એમ અજિત પવારે કહ્યું હતું. આ છ-લેનનો હાઇવે રાજ્યના પાંચ મહેસૂલ વિભાગોના ૧૦ જિલ્લાઓના ૨૬ તાલુકાના ૩૯૨ ગામોમાંથી પસાર થતો ગ્રીન ફિલ્ડ હાઈવે છે. સમૃદ્ધિ હાઇવે નાગપુર, વર્ધા, અમરાવતી, વાશિમ, બુલઢાણા, જાલના, છત્રપતિ સંભાજીનગર, અહિલ્યાનગર, નાસિક અને થાણે એમ ૧૦ જિલ્લાઓને સીધો જોડે છે.

ઉપરાંત, સમૃદ્ધિ હાઇવે ચંદ્રપુર, ગોંદિયા, ભંડારા, ગઢચિરોલી, યવતમાળ, આકોલા, હિંગોલી, પરભણી, નાંદેડ, બીડ, ધુળે, જળગાંવ, પાલઘર અને રાયગઢ એમ ૧૪ જિલ્લાઓને પરોક્ષ રીતે જોડે છે.

## એનસીપીના બંને જૂથના

પવાર દિવસના અંતમાં જાહેર સભાને સંબોધિત કરશે.

### સર્વપક્ષી પ્રતિનિધિમંડળો પાછા ફર્યા પછી સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગણી માટે કૉંગ્રેસને વિનંતી કરી હતી

મુંબઈ: એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળેએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે કોંગ્રેસને એવી વિનંતી કરી હતી કે વિપક્ષી ઈન્ડી ગઠબંધન દ્વારા સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગણી કરવા પહેલાં સર્વપક્ષી પ્રતિનિધિમંડળો વિદેશથી પાછા ન આવે ત્યાં સુધી રાહ જોવી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં કોંગ્રેસ સહિત ૧૬ વિપક્ષોએ પહલગામ આતંકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને ત્યારબાદના ઘટનાક્રમ પર ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માગણી કરી છે.

કતાર, ઇથોપિયા, ઇજિપ્ત અને દક્ષિણ આફ્રિકાના બહુપક્ષી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરીને પરત ફરેલા સુળેએ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પ્રવાસ પર હોવાથી પત્ર પર સહી કરી શક્યા નહોતા.

મારા પક્ષનું વલણ એવું હતું કે જ્યારે 'ઓપરેશન સિંદૂર' હજુ પણ ચાલુ હતું ત્યારે ચર્ચાની કોઈ જરૂર નથી. પવાર સાહેબ હંમેશા કહેતા હતા કે વિદેશી બાબતો અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર વ્યક્તિએ તે સમયની સરકારને સાથ આપવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું. મહારાષ્ટ્રના પુણે જિલ્લાના બારામતીના સાંસદે જણાવ્યું હતું કે ઈન્ડી ગઠબંધન તરફથી પત્ર પ્રતિનિધિમંડળો પરત ફર્યા પછી સબમિટ કરવામાં આવી શકતો હતો. શરદ પવારની આગેવાની હેઠળની એનસીપી (એસપી) ઈન્ડી ગઠબંધન નો એક ઘટક છે.

'હું વિદેશમાં મારા દેશનો દૃષ્ટિકોણ રજૂ કરતી વખતે સંસદનું ખાસ સત્ર અને ચર્ચાની માગણી ન કરી શકું. મેં તેમને કહ્યું હતું કે સંસદનું ચોમાસુ સત્ર શરૂ થાય ત્યારે અમે પહલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર અંગે સરકારને પ્રશ્ન કરીશું,' એમ તેમણે મુંબઈમાં જણાવ્યું હતું.

સુલેએ તેમના પ્રવાસને ફળદાયી ગણાવ્યો હતો અને કહ્યું હતું કે ચારેય દેશો - કતાર, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત અને ઇથોપિયા - ના નેતૃત્વએ ભારત સાથે મજબૂત એકતા વ્યક્ત કરી હતી અને આતંકવાદના તમામ કૃત્યોની નિંદા કરી હતી. તેમણે કહ્યું હતું કે ચારેય દેશોએ ગતિરોધમાં ઘટાડો થવાની પણ પ્રશંસા કરી હતી.

આ દેશો ભારત સાથે ગાઢ સંબંધ ધરાવે છે, જેને તેઓ 'મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, ઇન્દિરા ગાંધી, મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીની ભૂમિ' માને છે, એમ તેમણે જણાવ્યું હતું.

## જૈન મરણ

જેતપુર નિવાસી હાલ બેંગલોર સ્વ. જગદીશચંદ્ર કામદાર (ઉં. વ. ૮૯) તા. ૪ જૂને અરિહંતચરણ પામેલ છે. તે નીરાબેનના પતિ. ડો. સોનલ, પૂરબી, નોમિતા, રુચિરાના પિતા બેંગ્લોર નિવાસસ્થાને અરિહંતચરણ પામેલ છે.

**દેરાવાસી જૈન**
તાકાનેર (હાલ મુંબઈ) સ્વ. ચંદ્રકાંત મણીલાલ વોરાના પત્ની ગં.સ્વ. ચિત્રાબેન વોરા (ઉં.વ. ૭૬) તા. ૨-૬-૨૫ અરિહંતશરણ પામ્યા છે. અલ્કા પ્રશાંત દેસાઈ, પ્રીતિ અતુલ ગોરડિયાના માતુશ્રી. સ્વ. ધમીષ્ટાબેન રતિલાલ શાહની પુત્રી. સ્વ. ચાંતાબેન મણીલાલ વોરાના પુત્રવધૂ. રુચિ સિદ્ધાંત ગોલેચા, મહેક, શાહીલ, નેહા, શિવાના નાની. લૌકિક વ્યવહાર રાખેલ નથી. સ્થળઃ જયવંત એપાર્ટમેન્ટ, ૧૯/૧૯૦૧, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦૦૩૪.

**વાગડ વિ. ઓ. જૈન**
આધોઈના સ્વ. આસધીર રતનશી સામત નિસર (ઉં. વ. ૭૨) બોરીવલી મધ્યે ૪-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વિશાબેન રતનશીના પુત્ર. વિમળાબેનના પતિ. રાજેશ, સ્વ. ટીનાના પિતાશ્રી. ચૈતાલીના સસરા. સ્વ. ગોકળ, સ્વ. ખેતશી, લખમશી, જવેરબેનના ભાઈ. ગામ આધોઈના સ્વ. સંતીબેન હિરજી ધનજી ગીંદરાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, ૭-૬-૨૫ના ૧૦ થી ૧૧.૩૦. સ્થળઃ શ્રી વર્ધમાન જૈન સ્થાનક, ડાયમંડ ટોકીસની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વે.).

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
વઢવાણવાળા, જબલપુર નિવાસી (હાલ મુલુંડ) સ્વ. લીલાવંતી જગજીવનદાસ શાહના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૧) ૪-૬-૨૫, બુધવારના અરિહંતશરણ થયેલ છે. તે જ્યોતિબેનના પતિ. નિલ્પેશ તથા પંકિતના પિતાશ્રી. મિત્તલ, પરીન્દાના સસરા. નવિનભાઈ, ભૂપતભાઈ, સ્વ. નિરૂબેન હસમુખલાલ શાહ, સ્વ. રમીલાબેન કિશોરભાઈ ગોપાણી, ઈન્દુબેન મહેશકુમાર શાહના ભાઈ. સાસરીયા પક્ષે લીંબડીના સ્વ. હીરાબેન રસીકલાલ છોટાલાલ સંઘવીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૬-૨૫ના ૧૦ થી ૧૨. ઠે. ગ્રાન્ડ સેલિબ્રેશન બેન્કવેટ હોલ, ચેકનાકા બસ ડેપો

## અશ્લીલ તસવીરો

નાખવાની વાત કરતાં આરોપીએ અશ્લીલ તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. મહિલાએ સંપર્ક તોડતાં આરોપીએ તસવીરો વાયરલ કરીને તેની બદનામી કરી હતી. એ સિવાય ઍસિડ અટેક કરીને જાનથી મારવાની ચીમકી આપી હતી. પરિણામે આ મામલે મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે ઝારખંડની ડોરાંડા પોલીસે ૨૦૨૨માં ગુનો નોંધ્યો હતો. ગુનો નોંધાતાં જ આરોપી ફરાર થઈ ગયો હતો.

પોલીસે રાંચી કોર્ટમાંથી આરોપી વિરુદ્ધના બિનજામીનપાત્ર વૉરન્ટ પણ મેળવ્યા હતા. છૂપાતો ફરતો આરોપી વિવિધ નામે સોશિયલ મીડિયા એકાઉન્ટ ખોલી મહિલાને ફરી ત્રાસ આપવા લાગ્યો હતો. દરમિયાન આરોપી મુંબઈમાં રહેતો હોવાની માહિતી ઝારખંડ પોલીસે મેળવી હતી. ડોરાંડા પોલીસની ટીમે ક્રાઈમ બ્રાન્ચની મદદ માગી હતી.

યુનિટ-૧ના ઇન્ચાર્જ પ્રમોદ બડાખની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં આરોપી માહિમના ધારાવી પરિસરમાં રહેતો હોવાનું શોધી કાઢ્યું હતું. જોકે વારંવાર પોતાનું ઠેકાણું બદલતો આરોપી મીરા રોડમાં આવવાનો હોવાની માહિતી મળતાં પોલીસે બુધવારે છટકું ગોઠવી તેને પકડી પાડ્યો હતો.

## ૨૦૨૫-૨૬ માટે

### પર્યાવરણ

થયો હોવાનું પાલિકાએ કહ્યું હતું. વધુમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પાલિકાએ મુંબઈ કલાઈમેટ એક્શન પ્લાન અંતર્ગત રેન વોટર હાર્વેસ્ટિંગ અને સ્યુએજ ટ્રીટમેન્ટ જેવા કામ માટે ૨,૧૬૩.૮ કરોડ (૬.૮૧ ટકા) ફાળવ્યા હતા. ૨૦૨૫-૨૬ના કલાઈમેટ બજેટમાં બાયોમિથેનેશન પ્લાન્ટ, મહાલક્ષ્મી રિફયુસ ટ્રાન્સફર સ્ટેશનમાં ટેક્નોલોજીકલ અપગ્રેડ સાથે વોર્ડ સ્તરે ડ્રાય વેસ્ટ શેડ, પીએનજી આધરિત સ્મશાન અને પાલિકા સંચાલિત હૉસ્પિટલોમાં સોલાર ઈન્સોટેલેશન અંતર્ગત સોલાર પેનલ, લાઈટિંગ અને વોટર હીટર વગેરે માટે ૩,૦૭૪.૦૮ કરોડ રૂપિયા એટલે કે ૭.૧૨ ટકા ફાળવવામાં આવ્યા છે.

બેસ્ટ ઉપક્રમ દ્વારા ૨૦૨૫-૨૬ માટે ૧,૮૪૯.૨૪ કરોડ રૂપિયા કેપિટલ એક્સિપેન્ડિચરમાંથી ૪૦ ટકા એટલે કે ૭૪૪.૮ કરોડ રૂપિયા કલાઈમેટ ચેન્જ ઉપક્રમ માટે ફાળવ્યા છે, તેમ જ ૭,૫૪૪.૩૯ કરોડ રૂપિયાની રેવેન્યુ એકપેન્ડિચર ખર્ચમાંથી ૪૩.૨૫ ટકા એટલે કે ૩,૨૬૩.૨૪ કરોડ રૂપિયાની જોગવાઈ કલાઈમેટ ચેન્જને લગતા પ્રોજેક્ટ માટે છે.

## હિન્દુ મરણ

**કચ્છી ભાટિયા (અંજારિયા)**
વસઈ (મુંબઈ) નિવાસી વિજય વેદ (ઉં.વ. ૭૭) તા. ૨૬-૫-૨૫, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લીલાબેન તથા સ્વ. લાલજી મોરારજીના પુત્ર. સ્વ. ભારતી, સ્વ. કિસન તથા ભરતના ભાઈ. સ્વ. શામજી શિવજીના દોહિત્ર તથા ધર્મેશના પિતાશ્રી. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**શ્રીમાળી સોની**
ખંભાતી નિવાસી હાલ કાંદિવલીના અશોષ બંસીધર સોની (ઉં.વ.૭૨) તા. ૨-૬-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સુમિત્રાબેન બંસીધર સોનીના સુપુત્ર. જયેશ બ. સોની અને નિલાક્ષી સુરેશ કરાણીના ભાઈ. રાધા જ. સોનીના જેઠ. પાર્થ જ. સોનીના કાકા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૬-૬-૨૫ના સ્થળઃ સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, ૧ માળે, વિશ્વેશ્વર ભવન, વિલેપાર્લે (વેસ્ટ) ૫થી૭. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**રાજ્ય પુરોહિત બ્રાહ્મણ**
હાલ ડોમ્બિવલી નિવાસી દીપકભાઈ ભટ્ટ (ઉં.વ. ૭૧) તા. ૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રેમજીભાઈ કાનજીભાઈ ભટ્ટ તથા ગં.સ્વ. કાંતાબેનના પુત્ર. પુષ્પાબેનના પતિ. ગૌરવ, ભાવીનના પિતા. મનીશાબેન, રૈનાબેનના સસરા. ભક્તિ, માનસી, તનયના અદા. સ્વ. મણીબેન વલ્લભદાસ પુંજાણીના જમાઈ. (સોડસલા). તેમની પ્રાર્થનાસભા તા. ૬-૬-૨૫, શુક્રવારના ૫થી૬. સ્થળઃ શ્રી સ્વામી

નજીક, ડમ્પીંગ રોડ, મુલુંડ (વે.).

**ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન**
ધ્રાંગધ્રા નિવાસી હાલ મુલુંડ જસીબેન પ્રવિણચંદ્ર લીલચંદ શાહના પુત્ર સમીરભાઈ (ઉં.વ. ૫૩) તેઓ તેજલના પતિ. ધ્વનિના પિતા. તેઓ કૈવનભાઈ ઉમેશભાઈ ચિત્રોડાના સસરા. તેઓ દિપેનભાઈ તથા મોનાબેન અમિતભાઈ પારેખના નાના ભાઈ. તેઓ સ્વ. મહેન્દ્રભાઈ, જયંતભાઈ, હરનીશભાઈના ભત્રીજા. તેઓ રેખાબેન કનુભાઈ દફતરીના જમાઈ તા. ૪-૬-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૬-૬-૨૫ના ૩થી ૫. સ્થળઃ ગોલ્ડન સેલિબ્રેશન બેન્કવેટ હોલ, ૫મે માળે, ફ્લાયીંગ કલર્સ બિલ્ડિંગ, દિન દયાલ ઉપાધ્યાય માર્ગ, ચેકનાકા બસ ડેપોની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
પચ્છેગામ નિવાસી હાલ મુલુંડ સ્વ. બાબુલાલ ગુલાબચંદ શાહના પુત્ર બિપિનભાઈ (ઉં.વ. ૭૭) તા. ૩૧-૫-૨૫, શનિવારે અરિહંતશરણ થયેલ છે તે સ્વ. ઉષાબેનના પતિ. રાજુભાઈના મોટા ભાઈ. હેતલ-તેજસકુમાર તથા ખ્યાતિ-પ્રતિકકુમારના પિતા. શ્વસુર પક્ષે સ્વ. ગીરધરલાલ જાદવજીભાઈ પારેખ અમરેલીવાળાના જમાઈ. ધોળા જંકશનવાળા સ્વ. લલ્લુભાઈ ગોવિંદજીભાઈ શેઠના ભાણેજ. તા. ૮-૬-૨૫, રવિવારના ૯.૩૦ કલાકે ભાવયાત્રા રાખેલ છે. સ્થળઃ વિકાસ સેન્ટ્રલ હોલ, ૬ઠ્ઠો માળ, એનએસ રોડ, મુલુંડ (વેસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**
મહાલક્ષ્મી માતાના પાડાના હાલ વાલકેશ્વર, કિરીટકુમાર શાહ તા. ૫/૬/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. શારદાબેન અને સ્વ. અમૃતલાલભાઈના પુત્ર. સ્વ. પ્રતિભાબેનના પતિ. કાનન તથા મિતેનના પિતા. કેયુર તથા મિતાલીના સસરા. નિરંજનભાઈ, આનંદીબેન અને નયનાબેનના ભાઈ. જયંતીભાઈ ધૂપેલીયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૭/૬/૨૫ના ૪:૩૦ કલાકે. ભારતીય વિદ્યાભવન ચોપાટી.

**પાટણ જૈન**
વતન પાટણ ઢંઢેરવાડો હાલ બોરીવલી, શિરીષભાઈ શાહ (ઉં.વ. ૮૨) તા. ૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રતિલાલ ત્રિકમલાલ શાહના પુત્ર. માલતીબેનના પતિ. મિહિર તથા સ્વ. કોમલના પિતા. ધૈર્યના દાદા. મમતાના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાવનગામ ભાવસાર જૈન**
મૂળગામ ભાવનગર હાલ કાંદિવલી, રમણીકલાલ જીવરાજ સુંદરજી સોમાણી (ઉં.વ. ૯૬) ૪/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેનના પતિ. સુરેશ, તરલા, જ્યોતિ, મીનાના પિતા. રિટા, ભુપેન્દ્રભાઈ ભાવસાર, જયેશ શાહ, જનક ભાવસારના સસરા. સ્વ. શાંતિભાઈ, સ્વ. કાંતિભાઈ, સ્વ. મહીપતભાઈના મોટા ભાઈ. સાસરાપક્ષે ધંધુકા વાળા સ્વ. પ્રાણજીવનદાસ શાંતિલાલ બેલાણીના બનેવી. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૬/૨૫ના ૩ થી ૫. વર્ધમાન સ્થા. જૈન સંઘ, પાંચમે માળે, પારેખ લેન કોર્નર, લોહાણા મહાજનવાડી સામે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
વાંકીના શાંતિલાલ જેઠાલાલ છેડા (ઉં.વ. ૬૪) તા. ૩૧-૫-૨૫ના અવસાન પામ્યા છે. ભાનુમતી જેઠાલાલ ઉમરશીના પુત્ર. વીણાબેનના પતિ. હર્ષાંગના પિતા. વસંત, અજીત, પત્રીના ચંદન મહેન્દ્ર વસનજી, લાખાપુરના ગીતા હરેશ રાઘવજીના ભાઈ. ગુંદાલા પ્રભાબેન જાદવજી નાનજી સંગોઈના જમાઈ. પ્રા : ચીંચપોકલી મહાજનવાડી : ડો. આંબેડકર રોડ, મુંબઈ-૧૨. ટા. ૨ થી ૩.૩૦.

મેરાઉના કિશોર છેડા (ઉં.વ. ૬૮) તા. ૪-૬-૨૫ના કેન્સરથી અવસાન પામ્યા છે. સ્વ. લક્ષ્મીબેન દામજી ભાણજી છેડાના પુત્ર. સુરેખાના પતિ. નૈનેશ, ભાવીનીના પિતાજી. લાયજા સ્વ. પુષ્પાબેન હરખચંદ, રાયણ ભાવના ભરત, પ્રાગપર સરોજ શૈલેષના ભાઇ. બિદડા સ્વ. પાનબાઇ પ્રેમજી હંસરાજના જમાઇ. સદ્ગતની ઇચ્છાનુસાર પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. સુરેખા છેડા, બી-૧૬, મયુરપંખ, એન.એસ. રોડ, મુલુંડ (વે.).

દેશલપુર (કંઠી) હાલે વિરારના જેઠાલાલ કુરપાર વિસરીયા (ઉં.વ. ૯૩) તા. ૪-૬ના અવસાન પામ્યા છે. માતુશ્રી રતનબેન કુરપારના પુત્ર. શાંતાબેનના પતિ. અશ્વિન, કિશોર, ભરતના પિતા. સ્વ. વેલજી, સં.પક્ષે વિકાસચંદ્રજી, સ્વ. ભવાનજી, નવીનાર સ્વ. જીવીબેન મોણશી, બિદડા ગંગાબેન નાનજીના ભાઇ. બગડાના માતુશ્રી હીરબાઇ રામજી ટોકરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઍડ્રેસ : અશ્વિન વિસરીયા, એલ-૧૦૨, ગણપતિ કુટીર, દિવેકર હોસ્પીટલની પાછળ, વિરાર (વેસ્ટ).

ડુમરાના માતુશ્રી રાજબાઇ રતનશી ગોસર (ઉં.વ. ૧૦૪) તા. ૩-૬-૨૫ના દિગ્રસમાં અરિહંત શરણ પામેલ છે. ખીમઇબાઇ મોરારજીના પુત્રવધૂ. રતનશીના ધર્મપત્ની. નિર્મળા, ગંગા, સુશીલા, શીલા, શોભનાના માતુશ્રી. ખારૂઆના મઠાબાઇ ખેરાજ મેઘજી ગડાના સુપુત્રી. ડુમરા પદમશી, લક્ષ્મીબેન મુરજી, ખારૂઆ મુલબાઇ આસુ, નારણપરના પુષ્પાબેન હંસરાજ, કોટડા (રો) જવેરબેન ખીંયશીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શીલા ભાઇલાલ ગડા, ગાંધીનગર, નાગોબા મંદિરની બાજુમાં, દિગ્રસ-૪૪૫૨૦૩.

## પારસી મરણ

મેહરનોશ ફરામરોઝ ભરૂચા તે આરમીનના ધની. તે મરહૂમો હોમાય ફરામરોઝ ભરૂચાના દીકરા. તે ફરદાદના પપ્પા. તે કૈનાઝના સસરા. તે બહેરામ ને દિનાઝના ભાઈ. તે રુશાદ ને રીહાના બપાવા. (ઉં.વ.૭૬) રે.ઠેઃ બી-૬, કેપ્ટન કોલોની, હાજીઅલી તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૬-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે. કપાવાલા અગ્યારી તારદેવમાં છેજી.

નારાયણ મંદિર હોલ, ૨જે માળે, રાજાજી રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ).

**કચ્છી લોહાણા**
સ્વ. ગોદાવરીબેન ગોવિંદજી ગણાત્રાના મોટા પુત્રવધૂ, કચ્છ ગામ સ્વ. પુષ્પાબેન પુરુષોત્તમ ગણાત્રા (ઉં.વ. ૮૭) તા. ૧-૬-૨૫ના સેલવાસ ખાતે રામશરણ પામેલ છે. તે પ્રભા મંગળદાસના જેઠાણી. સ્વ. રાધાબેન કેશવજી પુરુષોત્તમ કચ્છ ગુંદાલાના સુપુત્રી. શૈલેષ પુરુષોત્તમ તથા જ્યોત્સના રોહિત ઠક્કરના માતુશ્રી. રાજેશ્રી શૈલેષના સાસુમા. હર્ષ શૈલેષના દાદી. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**
જાફરાબાદવાળા દેવેન્દ્ર છગનલાલ સંઘવીના પત્ની કોકીલાબેન (ઉં. વ. ૭૪) ૪-૬-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે દેવાંગ-દીપા, અમિત-દીપલ, ફાલ્ગુની-હેમલના માતુશ્રી. જીત-આયુષી, તનીષા, નીલના દાદી-નાની. (સ્વ. પરશોત્તમભાઈ, ગં. સ્વ. વિલાસબેન, ગં. સ્વ. મંજુલાબેન, સ્વ. ધનસુખભાઈના ભાભી. સ્વ. રમાબેન હરીલાલ ગાંધીના પુત્રી. દિનેશભાઈ અરવિંદભાઈ, અનિલભાઈ, પ્રવીણભાઈ, નીલાબેન, માધુરીબેન, કુસુમબેનના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**
મૂળ ગામ મોટી કુંકાવાવ હાલ સાંતાક્રુઝ, હિંમતલાલ કાનજી ગોકલદાસ રાજપોપટ (ઉં. વ. ૯૩) તે સ્વ. કુંજબાળાબેનના પતિ. સ્વ. કિર્તીદા, રોહિત અને પંકજના પિતાશ્રી. દક્ષા, મીનાના સસરા. સ્વ. કમળાબેન જેઠાલાલ ચિતલીયાના જમાઈ. સ્વ. કલ્યાણજીભાઈ, સ્વ. નંદલાલભાઈ, સ્વ. છબીલદાસ, સ્વ. વિનોદભાઈ, સ્વ. કંચનબેન વ્રજલાલ કારીયા, સ્વ. ત્રિવેણીબેન હસમુખલાલ રાજા, સ્વ. મંજુલાબેન જંયતિલાલ ઠક્કરના ભાઈ ગુરુવાર, ૫-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, ૬-૬-૨૫ના ૫ થી ૬.૩૦. ઠે. સીતા સીંધુ ભવન, વિનસ ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેનનગર, નહેરુ રોડ, સાંતાક્રુઝ (ઈ).

**કચ્છી લોહાણા**
મૂળગામ ગઢશીશા હાલ મુલુંડ સ્વ. મણીબેન માધવજી કતીરાના પુત્ર ગીરીશ કતીરા (ઉં. વ. ૫૭) તે મણીબેન રમણીકલાલ ચોથાણીના દોહીત્ર. નિર્મલા કિશોર, રમીલા પ્રવિણના ભાઈ. સુરેશભાઈ રામજી, જયેશ રામજી, ભૂપેન્દ્ર માવજી, સુષ્મા, વર્ષા, દમયંતી હરેશ, હીના કિશોર, મીના શંભુલાલના કાકાઈ ભાઈ. નિકેશ, પલ્લવી કશ્યપ, કિંજલ, પ્રથમેશ, પૂજા, વૈભવના મામા ૪-૬-૨૫ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝારોળા વૈષ્ણવ વણીક**
રઢુ નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતિલાલ ગોરધનભાઈ શાહના ધર્મપત્ની લીલાવતીબેન શાહ (ઉં.વ. ૮૭) બુધવાર તા. ૪-૬-૨૫ના શ્રીજીશરણં પામેલ છે. તે શૈલેષભાઈ શાહ, જયશ્રીબેન કલ્પેશભાઈ પરીખ, ચંદ્રીકાબેન જયમીનભાઈ સરૈયા, શિલ્પાબેન રાજેશભાઈ શાહ, મીનાબેન નિલેશભાઈ પરીખના માતુશ્રી. અ.સૌ. અલ્કાબેનના સાસુ. ચી. ચાંદનીબેન આશિષભાઈ મહેતા તથા યશના દાદી. પ્રાર્થનાના દાદીસાસુ. પિયરપક્ષે સ્વ. કંચનબેન ચતુરભાઈ શાહના દિકરી. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૬-૬-૨૫ના ૪ થી ૬. પાવનધામ, માકા ક્લબ ગ્રાઉન્ડ પાસે, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ.

**કપોળ**
મતીરાળાવાળા, સ્વ. મુળજીભાઈ જેઠાભાઇ મોદીના પુત્રવધૂ અ.સૌ. હંસાબેન (ઉં.વ. ૭૨) તે રમણીકભાઈ મોદીના ધર્મપત્ની બુધવાર તા. ૪/૬/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. ફાલ્ગુની ચંદ્રેશ, બીજલ જીગ્નેશના માતુશ્રી. કનુભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. પ્રફુલભાઈ, હર્ષદભાઈ, શરદભાઈ પ્રકાશભાઈ, રાજુભાઈ, પ્રદીપભાઈ, રંજનબેન કિશોરકુમાર, નીરૂબેન ભુપેન્દ્રકુમાર, ચંદ્રિકાબેન મહેશકુમાર, પારુલબેન શૈલેષકુમાર, મધુબેન યોગેશકુમારના ભાભી. પિયરપક્ષે સ્વ. નાથાલાલ નારણદાસ શેઠના દીકરી. પ્રાર્થનાસભા શનિવાર તા. ૭/૬/૨૫ના ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ રોડ, કાંદીવલી વેસ્ટ.

**સોરઠીયા પ્રજાપતિ**
લાઠી નિવાસી હાલ પવઇ, રમેશભાઈ દેવળીયા (ઉં.વ. ૬૪) ૩/૬/૨૫ના પ્રભુશરણ પામેલ છે. તે સ્વ. પ્રેમાબેન તથા સ્વ. મેઘજીભાઈ દેવળિયાના પુત્ર. સ્વ. કાંતાબેન તથા રોમાબેનના પતિ. રાજેશ, મંજુલા, જયશ્રીના ભાઈ. ચિંતન, હિરેન, વિવેક, હર્ષદા રાકેશ સિંઘ, દર્શના સંજય રેડી, જીગીષા વિરલ બદીયાણીના પિતાશ્રી. માનસી, હિરલ, સુવીસાના સસરા.

**કપોળ વૈષ્ણવ**
મહુવાવાળા, હાલ દાદર, સ્વ. ભારતીબેન અને ભરતભાઈ અમૃતલાલ પારેખના પુત્ર કૌશિક (ઉં.વ. ૫૧) બુધવાર, તા. ૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મીતાના પતિ. કાવ્ય અને નિશીના પપ્પા. અ.સૌ. બિજલ અને પરાગ પારેખના મોટાભાઈ. મોસાળપક્ષે સાવરકુંડલાવાળા સ્વ. કાંતિલાલ વિઠ્ઠલદાસ મોદીના ભાણેજ. મુરલીધર રતીલાલ મેહતાના જમાઈ. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**નવગામ ભાટીયા**
અ.સૌ. બકુલાબેન વિજયભાઇ સંપટ (ઉં.વ. ૭૪) સ્વ. નલિની નારાણદાસ સંપટ (ગોંડલ)ના પુત્રવધૂ. સ્વ. શાંતાબેન વિઠલદાસ ઉદેશી (કલ્યાણ)ના પુત્રી. કૃણાલના મમ્મી. અ.સૌ. પાયલના સાસુ. ગં. સ્વ. ઈલાબેન પ્રફુલભાઈ સંપટ, ગં. સ્વ. ચારુબેન મુકેશભાઈ સંપટ તથા બિંદિયા કિરણભાઈ સંપટના જેઠાણી. ગં. સ્વ. અંજુબેન બહાદુરભાઈ ગાંધી, સ્વ. શકુંતલા જયરાજ વેદના ભાભી. મુંબઈ મુકામે તા. ૩/૬/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭/૬/૨૫ શનિવારના ૪ થી ૬. પાવનધામ, બી.સી.સી.આઇ મેદાન સામે, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**સિહોર સંપ્રદાય ઔદીચ્ય આગિયારસે બ્રાહ્મણ**
ટાણા-વરલ હાલ મુંબઈ, સનત ભટ્ટ (ઉં.વ. ૮૦) ૪-૬-૨૫ના કૈલાસવાસ પામ્યા છે. તે ગં. સ્વ. સુભદ્રાબેન હર્ષદરાય ભટ્ટ (વરલકર)ના પુત્ર. સ્વ. જનાર્દન ભટ્ટ, પિનાકીન ભટ્ટ, અતુલ ભટ્ટ, હિતેન ભટ્ટના ભાઈ. ગં. સ્વ. પજીણા જનાર્દન ભટ્ટના દિયર. ગં. સ્વ. રેખા પિનાકીન ભટ્ટ તથા ગં. સ્વ. જવનિકા અતુલ ભટ્ટના જેઠ. હેતલ નિખિલ મહેતા, ભાવેશ ભટ્ટના કાકા. લૌ. વ્ય. બંધ છે.

# મેટિની

# હોલિવૂડનો અખતરો હવે હિન્દીમાં...

## ભારતીય સિને જગતમાં ઈતિહાસ સર્જાઈ રહ્યો છે. પહેલીવાર એક જ ફિલ્મ બે અલગ અલગ અંત સાથે રિલીઝ થઈ રહી છે

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


હાઉસફુલ ૫


હોલિવૂડ ફિલ્મ CLUE

ફિલ્મ ઈન્ડસ્ટ્રી બદલાવ ઝંખે છે. શું, કેવો અને કઈ રીતે એનું અર્થઘટન દરેક ફિલ્મમેકર પોતપોતાની રીતે કરે છે. આજે રિલીઝ થઈ રહેલી સાજીદ નડિયાદવાલા નિર્મિત હાઉસફુલ ફ્રેન્ચાઈઝીની પાંચમી ફિલ્મ 'હાઉસફુલ ૫'માં એક નવી કેડી કંડારવાની કોશિશ થઈ રહી છે. આ ફિલ્મ બે જુદા જુદા અંત સાથે રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હિન્દી જ નહીં, ભારતીય સિનેમા જગતમાં ઈતિહાસ સર્જાઈ રહ્યો છે. દર્શકોને પહેલી વાર બે અંત ધરાવતી ફિલ્મ જોવાનો વિકલ્પ મળશે - 'હાઉસફુલ ૫એ' અને 'હાઉસફુલ ૫બી'. અમુક થિયેટરમાં એક એન્ડ ધરાવતી ફિલ્મ રિલીઝ કરવામાં આવશે, જ્યારે અન્ય કેટલાંક થિયેટરમાં અલગ જ અંત ધરાવતી ફિલ્મ જોવા મળશે.

ભારતીય દર્શકો માટે આ અનુભવ અલાયદો હશે, પણ આજથી ૪૦ વર્ષ પહેલાં હોલિવૂડમાં આવો અખતરો કરવામાં આવ્યો હતો. તમે જો અંગ્રેજી ફિલ્મોના શોખીન હશો તો એક્ટર એડી મર્ફીના નામથી પરિચિત હશો. એડી મર્ફીની અત્યંત સફળ રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'COMING TO AMERICA'નું ડિરેક્શન જોન લેન્ડિસ નામના લેખક - નિર્માતા - દિગ્દર્શકે કર્યું હતું. ૧૯૮૫માં રિલીઝ થયેલી CLUE ફિલ્મમાં લેન્ડિસ સહ લેખક હતા. ફિલ્મની વાર્તા CLUE નામની મર્ડર મિસ્ટ્રી અમેરિકન બોર્ડ ગેમ (લ્યુડો કે સાપસીડી જેવી) પર આધારિત હતી. બોર્ડ ગેમની માફક ફિલ્મમાં પણ વિવિધ અંત હતા. ત્રણ જુદા જુદા એન્ડિંગવાળી આગાથા ક્રિસ્ટીની 'ખૂન કોણે કર્યું'નો તંતુ ધરાવતી CLUE ફિલ્મ અલગ અલગ થિયેટરમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. અમુક થિયેટર દ્વારા કયા અંતવાળી ફિલ્મ દેખાડવામાં આવશે એની રૂપરેખા પણ આપવામાં આવી હતી. જોકે, ફિલ્મને મિશ્ર પ્રતિભાવ મળ્યા હતા અને બોક્સ ઓફિસ પર એનું પરફોર્મન્સ કંગાળ સાબિત થયું હતું. ૧૫ મિલિયન ડોલરના બજેટમાં બનેલી CLUE માત્ર ૧૪.૬ મિલિયન ડૉલરનો વકરો કરી શકી હતી. જોન લેન્ડિસનું માનવું હતું કે દર્શકોને એક ફિલ્મ બહુ ગમશે અને એટલે અન્ય અંતવાળી ફિલ્મ જોવાની પણ ઈચ્છા રાખશે. હકીકતમાં એવું થયું કે કયા એન્ડિંગવાળી ફિલ્મ જોવી એ જ મોટા ભાગના સિને રસિકો નક્કી ન કરી શક્યા અને અંતે એક પણ ફિલ્મ જોવા થિયેટરમાં ગયા જ નહીં...!

અલબત્ત, ફિલ્મની વાર્તા અહીં પૂરી નથી થતી. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા કેટલીક ફિલ્મોના ઉદાહરણ જોવા મળે છે, જે રિલીઝ વખતે બોક્સ ઓફિસ પર ફલોપ થઈ હોય, પણ પછી એ કલ્ટ ફિલ્મ (કેટલાક સમય પછી નવા દર્શક વર્ગમાં લોકપ્રિયતા મેળવનાર ફિલ્મ) સાબિત થઈ હોય. 'જાને ભી દો યારો' કે 'અંદાજ અપના અપના' એના ઉડીને આંખે વળગે એવા ઉદાહરણ છે. ૧૯૮૫ની CLUE પણ પાછળથી કલ્ટ ક્લાસિક સાબિત થઈ.

'હાઉસફુલ ૫' એકથી વધુ અંત સાથે રજૂ કરવાનો આઈડિયા નિર્માતા સાજીદ નડિયાદવાલાનો છે. નિર્માતાએ હોલિવૂડની ફિલ્મ CLUE જોઈ છે કે નહીં એ આપણે નથી જાણતા, પણ એક ઈન્ટરવ્યૂમાં એમણે સ્પષ્ટતા કરી છે કે 'વિવિધ અંત ધરાવતી અને દર્શકોને અલગ અલગ અનુભવ કરાવતી ફિલ્મ બનાવવાનો વિચાર મારા મનમાં ત્રીસેક વર્ષથી ઘુમરાઈ રહ્યો હતો. મારે 'હાઉસફુલ ૫' કોમેડી થ્રિલર બનાવવી હતી અને આ જ ફિલ્મ વિવિધ એન્ડ સાથેની ફિલ્મ બનાવી શકાય એ વાત મારા મગજમાં બેસી ગઈ અને એટલે આ અખતરો કર્યો છે.'

એક આલીશાન ક્રૂઝ પર ચિત્રપટનું ફિલ્માંકન કરવામાં આવ્યું છે. અબોજાપતિના વારસદાર હોવાનો દાવો કરતા ત્રણ પુરુષ વ્યક્તિની ફરતે કથા આકાર લે છે, પણ જ્યારે જહાજ પર મર્ડર થાય છે ત્યારે વાર્તા અણધાર્યો વળાંક લે છે. રસપ્રદ વાત એ છે કે બંને ફિલ્મમાં હત્યારો અલગ અલગ છે. ટૂંકમાં સરખી વાર્તા, એક સરખા કલાકાર પણ બંને ફિલ્મનો ક્લાઈમેક્સ અને અંત જુદા. સાજીદ નડિયાદવાલાની કથા પરથી તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મનું ડિરેક્શન તરુણ મનસુખાનીએ કર્યું છે, જેણે કરણ જોહર નિર્મિત ફન ફિલ્મ 'દોસ્તાના'નું ડિરેક્શન કર્યું હતું.

સ્ટોરી ટેલિંગમાં નવો ચીલો ચાતરવાનો દાવો કરતી આ ફિલ્મને દર્શકોનો કેવો આવકાર મળે છે એ તો સમય જ કહેશે. અલબત્ત, હિન્દી ફિલ્મના ઈતિહાસમાં એવી કેટલીક ફિલ્મો બની છે જેના બે અંત શૂટ કરીને રાખવામાં આવ્યા હતા, પણ રિલીઝ એક જ એન્ડવાળી થઈ હતી અને જો એને જાકારો મળે તો બીજા અંતવાળી ફિલ્મ રિલીઝ કરવી એવી ગણતરી મૂકવામાં આવી હતી.

આની વાત કરતાં તરત યાદ આવે છે આમિર ખાન - જુહી ચાવલાની મન્સૂર ખાન દિગ્દર્શિત 'કયામત સે કયામત તક'. વાત એમ હતી કે મન્સૂરના પિતાશ્રી અને પ્રખ્યાત ફિલ્મમેકર નાસિર હુસેન હેપ્પી એન્ડિંગ ઇચ્છતા હતા, જ્યારે મન્સૂર ખાન દુઃખદ અંતની તરફેણમાં હતા. બાપ - બેટા વચ્ચે ઉગ્ર દલીલો થઈ અને અંતે સુખાંત ક્લાઈમેક્સ પણ શૂટ કરવામાં આવ્યો. જો દુઃખાંત ફિલ્મને જાકારો મળે તો સુખાંત સાથેની ફિલ્મ રિલીઝ કરવી એવી સમજૂતી પિતા - પુત્રમાં થઈ. સેડ એન્ડ (આમિર અને જુહી બંને મૃત્યુ પામે છે)વાળી ફિલ્મ રિલીઝ કરવામાં આવી અને એને જબરદસ્ત આવકાર મળતા સુખાંત ફિલ્મ કાયમ માટે ડબ્બામાં બંધ થઈ ગઈ. ■

---

# 'સુપરહીરો'ની 'સુપરકથા'...

## અદ્ભુત આસમાની ઉડાન ભરનારા અદાકારોને કુદરત કેમ અન્યાય કરે છે?

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

*'આખરે તો પ્રેમ જ દરેક વાતનો અંતિમ ઉત્તર છે.'*
*'કલા એક જંગલી નદી છે, જે પોતાનો રસ્તો જાતે જ શોધે છે.'*


વેલ કિલ્મર


ક્રિસ્ટોફર રીવ

'હા, મેં સ્ટાર કે માણસ તરીકે ખરાબ વર્તન કર્યું છે, પણ હિંમતભેર કર્યું છે ને કેટલાક લોકો સાથે વિચિત્ર વર્તન પણ કર્યું છે. હું એમાંથી કોઈ વાતને નકારતો નથી ને મને કોઈ પસ્તાવો પણ નથી, કારણ કે મેં મારા જીવન ને શરીરના એવા હિસ્સાઓ ગુમાવ્યા છે ને મેળવ્યા છે, જેની મને અગાઉ કલ્પના પણ નહોતી'....

આ બધા શબ્દો છે 'બેટમેન ફોરેવર' ફિલ્મમાં 'બેટમેન'નો રોલ કરનાર અભિનેતા વેલ કિલ્મરના. થોડા વખત પહેલાં જ વેલ કિલ્મરનું ૬૫ વરસે મૃત્યુ થયું. વેલ કિલ્મર ૯૦ના દાયકામાં હોલિવૂડનો સૌથી પ્રખ્યાત અભિનેતાઓમાંનો એક હતો. ૧૯૮૪માં આવેલી ફિલ્મ 'ટોપ સિક્રેટ' કિલ્મરની પહેલી ફિલ્મ હતી. વેલ કિલ્મર, 'ટોપ ગન' ફિલ્મમાં હેંડસમ હીરો ટોમ ક્રુઝ સામે 'આઈસ મેન'ના પાત્રમાં ને 'ધ ડોર્સ' ફિલ્મમાં ગાયક 'જીમ મોરિસન'ની ભૂમિકામાં છવાઇ ગયેલો. વેલ કિલ્મરે 'વિલો', 'ધ ઘોસ્ટ એન્ડ ડાર્કનેસ', 'ધ સેન્ટ', 'ધ પ્રિન્સ ઓફ ઇજિપ્ત' 'એલેક્ઝાન્ડર' અને 'રિયલ જીનિયસ' જેવી કોમેડી ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

અવાજનો જાદૂગર વિલ, ૨૦૧૪થી ગળાનાં કેન્સરથી પીડાતો હતો. વેલ જેને ખૂબ ચાહતો એવો પોતાનો અવાજ વરસો સુધી ગુમાવી બેસેલો! ૨૦૨૧માં 'વેલ' પરની ડોક્યુમેંટ્રીમાં એ કહે છે:

'કેન્સર પછી મારો અવાજ સિમેંટ કોંક્રીટમાં રગદોળાયેલો હોય એવો લાગે છે પણ તોયે મને ગમે છે, કારણ કે એ મારો પોતાનો અવાજ છે.'

૧૯૯૫માં જાંબાઝ બેટમેન તરીકે મકાનો પર, દીવાલો પર, આસમાન પર ઉછળતો- કૂદનારો અભિનેતા ૨૦૧૪માં બીમારીથી ધડામ્ દઇને વાસ્તવિકતાની જમીન પર પટકાય છે.. જ્યાં સામે છે, કેવળ મોત! ૧૦ જ વરસ પહેલાં 'સુપરપાવર' ધરાવતો એ 'સુપરહીરો' હતો ને આજે જીવનની ક્ષણભંગુરતા સામે નિઃસહાય! આખરે વરસોની બીમારી બાદ ૨૦૨૨ની 'ટોપ ગનઃ મેવેરિક' સિક્વલમાં ફરીથી ચમકેલો.

એવી જ રીતે બીજા એક 'સુપરપાવર'વાળા પાત્ર, 'સુપર-મેન' બનેલા અભિનેતા અચાનક જ સાવ લકવાગ્રસ્ત બની ગયેલ. પણ એના અદ્ભુત વિચારો જુઓઃ

'એકવાર જીવનમાં તમે આશાવાદને અપનાવો છો ત્યારે કંઈપણ શક્ય છે.'

'ભલે હું પર્સનલી કોઈ દેવતામાં માનતો નથી, પણ મને લાગે છે કે આપણા બધા પાસે જીવવાનો એક હેતુ, એક મિશન હોવા જોઇએ..એ જ ઇશ્વર છે... '

'આપણાં ઘણાં સપનાઓ શરૂઆતમાં અસંભવ લાગે, પછી આપણે ઇચ્છાશક્તિને વાપરીએ તો એ અસંભવ જ જીવનનો અનિવાર્ય હિસ્સો બની જાય.!'

આ વાત છે ૧૯૭૮થી ૧૯૮૭ સુધી 'સુપર મેન' બનનારા અદાકાર ક્રિસ્ટોફર રીવની... ૧૯૯૫માં ઘોડેસવારી કરતાં એ જમીન પર પટકાયો ને ગરદનથી નીચે સાવ લકવાગ્રસ્ત થઈ ગયેલો. છેક ૨૦૦૪ સુધી ખભા નીચે સાવ સુન્ન હોવા છતાં ખુદ્દાર ક્રિસ્ટોફર કહેતોઃ 'હું મારા જીવનને કેવી રીતે જીવવું તે નક્કી કરવા મારી અપંગતાને અધિકાર આપવાથી ઇનકાર કરું છું.'

ડોક્ટરો સતત ક્રિસ્ટોફરની તબિયતનું નિરીક્ષણ કરતા કે શરીરમાં કોઇ ચેપ ના લાગે અને શ્વસનક્રિયામાં તકલીફ ના થાય. એની પત્ની ડાના, ક્રિસ્ટોફરની મેડિકલ બાબતો સંભાળતી અને બિસ્તરની બાણશૈયા પર સૂતેલા ક્રિસ્ટોફરને ઇમોશનલી પણ સાચવતી. આ બાજુ ક્રિસ્ટોફરનો સાવ નાનો પુત્ર એવી દુનિયામાં ઉછરી રહ્યો હતો જ્યાં ટી.વી.નાં પડદા પર એનો બાપ હવામાં 'સુપર-મેન' બની ઉછળતો કૂદતો પણ જીવનમાં વ્હિલચેર પર કે ઑક્સિજનના માસ્ક સાથે સતત હારતો લડતો તરફડતો!

'સુપરપાવર'વાળા 'સુપરમેન'ની આસમાની ઉડાનની જેમ ક્રિસ્ટોફરે પણ 'વિલપાવર' કે ઇચ્છા શક્તિ દ્વારા અનેક ઇલક્ટ્રિક શોક્સ સહીને જડવત્ શરીરમાં થોડીક સંવેદનાઓ પાછી મેળવી હતી, જે ડોક્ટરો માટેય ચમત્કાર હતો, પણ ક્રિસ્ટોફર, ખરો 'સુપર-મેન' તો ત્યારે સાબિત થયો કે જ્યારે વ્હિલચેર પરથી એણે ૨૦૦૨માં ટી.વી.ફિલ્મ 'ધ બ્રુક એલિસન સ્ટોરી'નું નિર્દેશન કર્યું. આનું નામ જીવલેણ બીમારીમાંય મનોબળના 'સુપર પાવર'થી 'સુપરમેન'ની જેમ મથવું.

(વળી એ ફિલ્મમાંયે 'ચાર પગ'વાળી યુવતીની સંઘર્ષ યાત્રા હતી) એટલું જ નહીં, લકવાગ્રસ્ત ક્રિસ્ટોફરે ૨૦૦૩માં 'સ્મોલવિલે'માં મહેમાન કલાકાર બન્યો, જેનાથી એ 'સુપરમેન યુનિવર્સ'માં ફરીથી આવ્યો અને પ્રેક્ષકોએ એને ભીની આંખે આવકાર્યો પણ ખરો.

એ પછી તો ક્રિસ્ટોફરે અમેરિકામાં 'કરોડરજ્જુની ઇજા' વિશે જનજાગૃતિનું મિશન આદર્યું. ખંધા રાજકારણીઓ, બોરિંગ સંશોધકો ને દવા લોબીવાળા ડોક્ટરો સાથે સતત બાખડીને 'ક્રિસ્ટોફર રીવ ફાઉન્ડેશન' નામની સેવાભાવી સંસ્થા સ્થાપી. છેલ્લા શ્વાસ સુધી 'સ્ટેમ સેલ'નાં સંશોધન માટે અને વિકલાંગોના અધિકારો વત્તા મેડિકલ રિસર્ચ માટે એણે વરસો સુધી લડત ચલાવી. છેવટે એનો ફેંફસાં પાસેનો ડાયાફ્રમ નબળો પડ્યો પણ આશાવાદમાં અડીખમ રહેતો ક્રિસ્ટોફર કહેતો : 'હું મારી પંગુતા સાથે જીવન કઇ રીતે જીવીશ એ નક્કી કરવાનો અધિકાર હું બીજાઓને નહીં આપું!'

આખરે ૯મી ઓક્ટો. ૨૦૦૪ના રોજ અપંગો માટેના ઘોડેસવારીના કાર્યક્રમમાં એણે 'વિકલાંગોની સગવડો' વિશે લેક્ચર આપ્યું અને બીજે જ દિવસે, હાર્ટએટેક બાદ કોમામાં સરી પડ્યો. ફિલ્મી અંદાઝમાં કહીએ તોઃ

'આખિરકાર ૧૦ અક્તૂબર ૨૦૦૪, 'સુપરમેન' ક્રિસ્ટોફર રીવ કી આત્મા હંમેશાં હંમેશાં કે લિયે આસમાન પર ઉડ ગઇ!'

અહીં એક વાત એ નોંધવા જેવી છે કે હોલિવૂડમાં પ્રચલિત 'સુપરમેન કર્સ' કે 'સુપરમેન શ્રાપ' થિયરી મુજબ સુપરમેન સિરીઝની ફિલ્મોનાં અનેક કલાકારો કોઇને કોઇ કમનસીબીનો ભોગ બનીને યા તો નાની ઉંમરે મૃત્યુ પામે યા અકસ્માત કે માંદગી ભોગવે છે.

શું ઇશ્વર કે કુદરતને ચેલેંજ આપીને ઉડનારા પાત્રને કુદરત, આ રીતે સજા આપતી હશે? બોલિવૂડમાં પણ 'આસમાન', 'આકાશ', 'ઝમીન', 'અગ્નિ' - 'સમુંદર', 'દરિયા', 'કુદરત' કે 'કાયનાત' જેવાં પચંતત્ત્વોનાં ગેબી ટાઇટલ્સવાળી ફિલ્મો અકસર ફલોપ થાય છે ને ઘણીવાર તો પૂરી બનતી પણ નથી! ■

---

# સમજણના દરવાજા ઉંમર પ્રમાણે નહીં, જવાબદારી પ્રમાણે ખુલે છે...



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

એક ધક્કા સાથે બસ 'હોટેલ ડ્રીમલેન્ડ' પાસે ઊભી રહી. અડધા ઊંઘમાં તો થોડા શો રદ થયો એની હતાશામાં સૌ કલાકાર પોતપોતાનું લગેજ લઈ નાનકડું ટોળું બની બસ પાસે ઊભું રહ્યું. એક તો ખાનપુર એરિયા, એમાં આ ટોળું, થોડો થડકો તો લાગી જ જાય. ફરક નહોતો પડ્યો બંને નિર્માતાના મોઢા પર. આ મને ગમ્યું.

બસમાં અહીં સુધી આવવાનો નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. ટ્રાફિક નડ્યો અને શો રદ થયો એમાં કોઈ વ્યક્તિગત દોષિત નહોતું. બીજું, ગમે એટલી રાડારાડ કરો, 'થયું એ ન થયું થવાનું જ નહોતું' બંને નિર્માતાઓએ સુખ-દુઃખની સરસ ચાવીઓ સમજાવી. સુખની બે ચાવી, ખડખડાટ અને ઘસઘસાટ.

બસ! વાતનો સ્વીકાર કરી હસી કાઢો અને રોદણાં રડવાને બદલે મસ્ત નિંદર માણી લો એમ દુઃખની બે ચાવીથી દૂર રહો.. બબડાટ અને કકળાટ. જે ઘટના બની ચુકી હોય એ કેમ બની એની પીંજણ કરી કકળાટ કરવો એ દુઃખ સિવાય કઈ નથી. શો ભલે રદ થયો પણ સુખ-દુખની શીખ તો મળી.

અમારા નિર્માણ-નિયામક સમીર શાહે સૌને રૂમ એલોટ કરી આપ્યા. ધનજીનો હોટેલ કાઉન્ટર પર એક લેખિત મેસેજ હતો : 'બુકિંગ સારું હતું. અમુક પ્રેક્ષકોએ આગળના શોની ટિકિટ લીધી તો કેટલાકે રિફંડ લેવું ઉચિત માન્યું. કાલે આવું છું.'

બસનો થાક અને બીજા દિવસના પહેલા શોના વિચારો સાથે હું અને ઈમ્તિયાઝ એક જ રૂમમાં હતા. સવારે સમીર બધાને ભથ્થું આપવા નીકળ્યો. શરૂઆત ૩૦ રૂપિયાથી થઈ હતી અને ૧૦૦-૧૨૫ સુધી પહોંચી. બધાને પૂછવું એના કરતાં સવારનો ચા-નાસ્તો, લંચ અને સાંજનો ચા નાસ્તો કલાકાર પોતાની રીતે આ ભથ્થામાંથી કરી લે. રાત્રે શો મોડો પૂરો થાય ત્યારે ગરમ ડિનરની વ્યવસ્થા નિર્માતા કરે. આ વ્યવસ્થા હજી ચાલે છે.

સવારે ધનજી સોલંકીએ આગલા દિવસનો હિસાબ ડોલર-સુભાષને આપી દીધો. ધનજીના કહેવા પ્રમાણે આજે બુકિંગનો ફલો સારો છે. ધનજીએ કહ્યું કે 'સેન્સરબોર્ડમાંથી ૧૨ મહાનુભાવો જોવા આવવાના છે અને એમણે આપેલા કટ્સ ફોલો કરીએ છીએ કે નહીં એ ચેક કરશે. નાટક કેટલું વાંધાજનક રીતે ભજવાય છે એ જોશે અને કેમ રજૂ કરવું જોઈએ એ સમજાવશે અને ટીકાટિપ્પણ પણ કરશે. ડરવા જેવું નથી, પણ ધ્યાન રાખજો.'

આ વાત બધા કલાકારો વચ્ચે કરી અને નરહરી જાનીને ખાસ ચેતવ્યો. વાંક એનો નહોતો પણ મુંબઈમાં રોજના શો માં પડી ગયેલી આદત મુજબ એવા જેસ્ચર થઈ જવા સહજ હોય એટલે નસ દાબી. અમારે વધુ શો માટે પરમિશન લેવી જરૂરી હતી. બધાએ આ વાત સમજવાની હતી. સમજણનાં દરવાજા ઉંમર પ્રમાણે નહીં, જવાબદારી પ્રમાણે ખુલે છે. બધાને જવાબદારી સહિયારી ઉપાડી લેવા સમજાવી તો દીધું...

મેં ધનજીને પૂછ્યું કે 'કોણ કોણ આવશે?' એમણે એક તો જાણીતા અખબારના તંત્રીનું નામ કહ્યું. ખાનપુરથી છપાતું અખબાર હતું જેના કોઈ પ્રતિનિધિ સેન્સરબોર્ડમાં નામાંકિત નહોતા. હા, પણ કોઈ પ્રોબ્લેમ થાય તો નિવેડો લાવવામાં એ અગ્રેસર..

ધનજીએ બીજું નામ લીધું બકુલ ત્રિપાઠીનું.(જાણીતા સાહિત્યકાર જે હયાત નથી.) એ મારી ઓળખમાં. લાલુ શાહે 'બહુરૂપી'નાં બેનર હેઠળ ચર્ચાસ્પદ નાટક કરેલું, કિસ્સા કુર્સીકા. એ નાટકનું ભવાઈ-આલેખન બકુલભાઈએ કરેલું. મુંબઈ ઘણો સમય સાથે વિતાવેલો. કદાચ મદદરૂપ બને. કોને ખબર! એમની સાથેનું મુંબઈ પૂરતું જ એટેચમેન્ટ હતું. આમ પણ કોઈ વ્યક્તિ સાથે વધુ પડતો લગાવ હાનિકારક હોય છે. એ લગાવ તમને ઉમ્મીદ તરફ ખેંચી જાય છે અને ઉમ્મીદ દુઃખનું કારણ બને છે, પણ અહીં વધુ શોનું લાઈસન્સ મળે અને એ ઉમ્મીદ સુખનું કારણ બને એવી આશા હતી. ઉપરાંત હતા જોસેફ મેકવાન, રજનીકુમાર પંડ્યા..(થોડા સમય પહેલા એમનું નિધન થયું.) આ રજનીકુમાર એટલે બીજું નજીકનું નામ. શાંતિલાલ પટેલ, અમેરિકાવાસી, જેમના પર ઓટો-બાયોગ્રાફી રજનીકુમારે લખી પુષ્પ દાહ. એના પબ્લિકેશન સમયે 'આર. આર. શેઠ' દ્વારા ભગત શેઠે પાટકર હોલમાં કાર્યક્રમ કરેલો. શાંતિભાઈ આવેલા. એ પઠનમાં મેં ભાગ લીધેલો. ત્યારે રજનીકુમાર પંડ્યાને મળ્યો.

ટૂંકમાં સેન્સરબોર્ડમાં બે નામ એવાં હતાં, જે કદાચ મદદરૂપ થઈ શકે. પોતાના સિદ્ધાંતોને વળગી રહી કદાચ સૂચનો મળે પણ સીધી સહાય ન પણ મળે. બીજી વાત ધનજીએ કરી કે મહિલાઓ માટે 'ઝંડો' લઇ ફરતું જાણીતું ટેબ્લોઈડ સમભાવના તંત્રી ભૂપેન્દ્ર વડોદરિયા આ નાટકની થયેલ કોઈ એન્ટી-પબ્લિસિટીને લઇ ખાસ નાટક જોઈ સમભાવમાં લખવાના છે.



હવે? બધી બાજુ વિરોધના શામિયાણા બંધાય રહ્યાં હતાં. લાઈસન્સ ભલે ૧૦ પ્રયોગનું હતું, જેમાં એક શો તો ટ્રાફિકમાં રદ થઇ ગયો. આજે હવે પ્રથમ શો રજૂ કરી બધામાંથી સાંગોપાંગ બહાર નીકળવાની કસરત કરવાની હતી. અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી હોય છે, પરંતુ સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ વધુ સુખી હોય છે.

ખબર નહીં, આ સેન્સરબોર્ડ અનુકૂળ બની સુખી બનાવશે કે પછી........?!

**ડબલ રિચાર્જ**

*કોણે કહ્યું કે તાજમહેલ જ બાંધવો પડે?*
*એ થાકેલી હોય ત્યારે લોટ બાંધી આપો એ પણ પ્રેમ જ છે!.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




હેન્રી શાસ્ત્રી

# ક્યારેક તળેટી તો ક્યારેક શિખર...

**ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મોટાભાગની સંઘર્ષ કથા જાણવા જેવી- સમજવા જેવી ને જીવનના વિવિધ પાઠ એમાંથી શીખવા જેવા હોય છે.**

**ફિલ્મ** ઈન્ડસ્ટ્રી રોલર કોસ્ટરરાઈડ જેવી છે. અનેક કલાકાર - કસબીઓએ એનો અનુભવ કર્યો છે. તળેટીમાંથી શિખર પર પહોંચવાનો રસ્તો ક્યારેક સરળ, ક્યારેક કપરા ચઢાણવાળો તો ક્યારેક ઊબડખાબડ હોય છે. ક્યારેક કોઈ કારણ તળેટીથી શિખર તરફ જવા માટે એક્સિલરેટર પણ સાબિત થતું હોય છે. મોટાભાગની સંઘર્ષ કથા જાણવા જેવી અને સમજવા જેવી હોય છે. એમાંથી જીવનના વિવિધ પાઠ શીખવા મળે છે.

'મોના ડાર્લિંગ,' 'લીલી ડોન્ટ બી સિલી' અને 'સારા શહેર મુજે લોઈન કે નામ સે જાનતા હૈ' જેવા ડાયલોગ જેમની પ્રમુખ ઓળખ બની ગઈ હતી એ હીરોમાંથી ચરિત્ર અભિનેતા અને વિલન બની ગયેલા હમીદ અલી ખાન ઉર્ફે અજીતની કારકિર્દીના સંઘર્ષકાળમાં પણ એવું બન્યું હતું.

૧૯૭૭ની આસપાસ અજીતે આપેલા ઈન્ટરવ્યૂમાં કરેલી વાતમાં આ મુદ્દો ઉડીને આંખે વળગે છે. ૧૯૪૯માં 'બેકસૂર' (હીરોઈન મધુબાલા)માં હીરો તરીકે ચમકેલા અજીતે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે 'શરૂઆતના મારા સંઘર્ષ કાળમાં અનેક વાર જયંત સાહેબને મળવાનું થયું.' જયંત એટલે વિજય ભટ્ટની ગુજરાતી ફિલ્મ 'સંસાર લીલા'થી અભિનય યાત્રાની શરૂઆત કરનારા આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા ઊંચા અને પડછંદ પઠાણી એક્ટર. લીડ રોલ, વિલન અને ચરિત્ર અભિનેતા તરીકે પ્રભાવ પાડનારા જયંતને આજની પેઢી 'શોલે'ના ગબ્બરસિંહ અમજદ ખાનના પિતાશ્રી તરીકે ઓળખે છે એ વાત જુદી છે.

અજીતે જણાવ્યું હતું કે 'સદનસીબે મને એમની સાથે 'બડા ભાઈ' અને 'કાબુલી ખાન' જેવી ફિલ્મોમાં કામ કરવાની તક મળી હતી. ઉંમરમાં મારાથી સાતેક વર્ષ મોટા હતા, પણ અમારી વચ્ચે મૈત્રીનો સરસ સેતુ રચાઈ ગયો. મારું રહેવાનું એમના ઘરની નજીક જ હોવાથી એમને ત્યાં આવરોજાવરો રહેતો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો વધુ અનુભવ એમની ગાંઠે બંધાયો હોવાથી મને સલાહ સૂચન સાથે માર્ગદર્શન પણ આપતા,. નિર્ણય લેવામાં એમની વાતો મને ઘણી મદદરૂપ રહેતી હતી. જયંત સાહેબ એક કુશળ શિકારી પણ હતા. જંગલમાં અમને શિકાર કરવામાં આસાની રહેતી, કારણ કે પ્રાણીઓ પણ દેખાવે રૂપાળા અને આકર્ષક વ્યક્તિત્વને નિકટથી નિહાળવા ઊભા રહી જતા. કમનસીબે અંતિમ દિવસોમાં જયંત સાહેબ બોલવાની ક્ષમતા ગુમાવી બેઠા હતા. જે અવાજ સિનેમા ઘરોમાં દર્શકોને ધ્રુજાવતો હતો એ જ અવાજે એમને દગો દીધો. મારું દૃઢપણે માનવું છે કે આજે મેં જે પણ સિદ્ધિ - શોહરત હાંસલ કર્યા છે એનું કારણ જયંત સાહેબની માંદગી છે. લાંબી બીમારીએ એમને ફિલ્મોથી દૂર રાખ્યા અને પરિણામે જે રોલ એમને ઓફર કરવામાં આવ્યા હોત એ મને મળ્યા.'



અજીત



ઈફ્તિખાર

નસીબ ક્યારે કેવું પડખું ફરી જાય અને તળેટીથી શિખરની યાત્રા શરૂ થઈ જાય એનો અંદાજ ન બાંધી શકાય.

અજીતની જેમ હીરો તરીકે ફિલ્મો કર્યા પછી ચરિત્ર અભિનેતા અને ખાસ તો પોલીસ ઓફિસરના રોલમાં ટાઈપકાસ્ટ થઈ ગયેલા ઈફ્તિખારએ પણ રોલર કોસ્ટર રાઈડનો અનુભવ કર્યો છે. શિખર પરથી સડસડાટ તળેટીમાં કેમ પહોંચી જવાય એ જોયું છે. અમિતાભ બચ્ચનનો ઓલટાઈમ હિટ ડાયલોગ 'ડોનકો પકડના મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ' પડદા પર જે પોલીસ ઓફિસર સામે બોલાય છે એ પોલીસ અધિકારી ડીસીપી ડિસિલ્વાનો રોલ ઈફ્તિખારે કર્યો હતો. એમનો સંવાદ ઓછો ચબરાકિયો હતો, પણ અલગ અંદાજમાં પેશ થયો હતો :

'ભાગને કી કોશિશ મત કરના. હમને તુમ્હે ચારોં તરફ સે ઘેર લિયા હૈ. ભલાઈ ઈસી મેં હૈ કે તુમ અપને આપ કો કાનૂન કે હવાલે કર દો.'

અમિતાભ બચ્ચન પર સમગ્રપણે કેન્દ્રિત આ ફિલ્મમાં પોતાની છાપ છોડી જવી એ મોટી સિદ્ધિ કહેવાય. હવે જો તમને ખબર પડે કે ઈફ્તિખાર એક સારા પેઈન્ટર અને અચ્છા ગાયક સુધ્ધાં હતા તો ચોંકી જવાય ને! ઈફ્તિખારને બાળપણથી જ સિંગીંગનો શોખ હતો. ચિત્રકલા શીખવા ખાસ લખનઉ આવેલા ઈફ્તિખારએ એક કાર્યક્રમમાં કુંદનલાલ સાયગલ અને પંકજ મલિકનાં ગીતો ગાયા અને લોકોએ એમને બિરદાવ્યા. ગાયકી સાથે અભિનયનો કીડો પણ મનમાં સળવળતો હતો. 'કલકત્તા જઈ નસીબ અજમાવો' એવી સલાહ કોઈએ આપી અને જનાબ પહોંચી ગયા બંગાળની ભૂમિ પર. કલકત્તામાં 'એચએમવી' કંપનીએ એમના સ્વરમાં બે ગીત પણ રેકોર્ડ કર્યા. અલબત્ત, ઈફ્તિખારને તો કેમેરા સામે ચમકવું હતું.

'૧૯૪૦ના દાયકામાં કલકત્તા હિન્દી ફિલ્મોનું એક ધમધમતું કેન્દ્ર હતું,' ઈફ્તિખાર સાહેબે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું :

'૧૯૪૩થી ૧૯૪૭ દરમિયાન મેં સાત હિન્દી ફિલ્મમાં લીડ રોલ કર્યા હતા. જમુના દેવી સાથે 'તકરાર' અને 'ઘર', અફલાતૂન સિંગર - એક્ટ્રેસ કાનનદેવી સાથે 'તુમ ઔર મૈં' અને 'રાજલક્ષ્મી' ('રાજલક્ષ્મી'માં તલત મહેમૂદ પહેલીવાર સિંગર- એક્ટર તરીકે નજરે પડ્યા હતા), પારો દેવી સાથે 'ઘરાના' અને ઉર્મિલા દેવી સાથે 'ઐસા ક્યૂં' ફિલ્મોમાં મેં કામ કર્યું હતું. જોકે, એ સમયે ફિલ્મસ્ટારના નામના વાજા નહોતા વાગતા. ફિલ્મ કંપનીઓની બોલબાલા હતી. આ કારણસર જ મને કોઈ સ્ટારડમ મળી નહીં. જોકે, દેશના ભાગલા અને કલકત્તામાં ફિલ્મ નિર્માણમાં ઓટ આવવાથી હું મુંબઈ પહોંચ્યો. એ સમયે બિમલ રોય સહિત અનેક પ્રતિભાશાળી લોકોએ મુંબઈની વાટ પકડી હતી.'

અલબત્ત, મુંબઈ પહોંચવાથી કંઈ કામ મળી નહોતું જવાનું. સોનેરી સપના સાથે માયાનગરીમાં આવેલા અસંખ્ય લોકોની જેમ ઈફ્તિખારે પણ રઝળપાટ કરવો પડ્યો હતો.

'મુંબઈમાં હું કોઈને ઓળખતો પણ નહોતો,'

ઈફ્તિખાર સાહેબે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું :

'આંટાફેરા કરતા કરતા અનાયાસે ફિલ્મમેકર એચ. એસ. રવૈલ સાથે મુલાકાત થઈ. એમણે મને 'જૂઠી કસ્મે' નામની ફિલ્મમાં રોલ તો આપ્યો, પણ સાવ નગણ્ય ભૂમિકા હતી. સમયનું ચક્ર ફરી ગયું હતું. કલકત્તામાં લીડ રોલ કરનાર હવે એક્સ્ટ્રાના રોલ કરી રહ્યો હતો.'

આમ આ શિખરથી તળેટી તરફ ધકેલાઈ જતા વાર નથી લાગતી. ■

---




મહેશ નાણાવટી

# ફિલ્મ એવોર્ડ ફંક્શનમાં વિવિધ ભવાડા!

**ફિલ્મોના** એવોર્ડઝ હોય અને એમાં કોન્ટ્રોવર્સી ના થાય એવું તો કદી બનતું હશે? એમાં પણ જ્યારે હિન્દી ફિલ્મોની વાત હોય તો તો અચૂક આવી કોઈ બબાલ થાય જ! એમાંથી અમુક કિસ્સાઓ ખટમીઠા છે તો અમુક સાવ કડવા!

વાત ૧૯૭૨માં આવેલી ફિલ્મ 'બે-ઈમાન'ની છે. (દિગ્દર્શક સોહનલાલ કંવર અને હીરો મનોજ કુમાર) તે વખતે 'ફિલ્મફેર' એવોર્ડનું ઘણું માન હતું. અગાઉ તો એમાં જ્યુરી વડે એવોર્ડ નક્કી થતા હતા પણ પછી 'ફિલ્મફેર' મેગેઝિનમાં વાચકો માટે ફોર્મ છાપવાનાં શરૂ થયાં, જેમાં દરેક કેટેગરીમાં વાચકોએ પોતાની ચોઈસ-પસંદગી લખીને મોકલી આપવાની રહેતી.

'બે-ઈમાન' વખતે આખા મુંબઈમાં એવી ચર્ચા હતી કે 'બે-ઈમાન'ના પ્રોડ્યુસરે 'ફિલ્મફેર' મેગેઝિનની હજારો કોપી એક સામટી ખરીદી લીધી હતી! એટલું જ નહીં જ્યારે એવોર્ડો જાહેર થયા ત્યારે 'બે-ઈમાન'ને સાત-સાત એવોર્ડો મળ્યા હતા! (તે વખતે એવોર્ડ સમારંભમાં ખોટાં સસ્પેન્સો ઊભાં કરીને જીતનારનાં નામો બોલવાનો રિવાજ નહોતો). આ સાત એવોર્ડ હતાઃ બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એક્ટર, બેસ્ટ સપોર્ટિંગ એક્ટર, બેસ્ટ સંગીતકાર, બેસ્ટ ગીતકાર, બેસ્ટ ગાયક અને બાકી હતું તે બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસમાં નોમિની પણ ખરી! આમ તો મનોજકુમારની પોતાની પ્રોડ્યુસ કરેલી ફિલ્મમાં તો પોતે ક્રેડિટ પણ એવી જ લેતા હતા કે 'સ્ટોરી, સ્ક્રીન પ્લે, ડાયલોગ્સ, પ્રોડ્યુસ્ડ એન્ડ ડિરેક્ટેડ બાય... મનોજકુમાર!'



શાહરુખ ખાન



કરીના કપૂર

જોકે, આમાં બે કેટેગરીમાં સોહનલાલ કુંવરનું નામ હતું! એવોર્ડ ફંક્શન વખતે સૌથી મોટી ચર્ચા એ વાતની હતી કે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડ લેવાની પ્રાણ સાહેબે ઘસીને ના પાડી દીધી હતી!

આ સિવાય આવા 'બલ્ક'માં લીધેલા એવોર્ડઝની વાત કરીએ તો 'દિલ તો પાગલ હૈ'ને કેમ ભૂલાય? 'યશરાજ પ્રોડક્શન'ની એ ફિલ્મને કુલ ૧૯ (જી હા, દોઢ ડઝન વત્તા એક) એવોર્ડ મળ્યા હતા, જેમાંથી 'ફિલ્મફેર'નો ફાળો 'માત્ર' સાત એવોર્ડઝનો હતો!

આના ફંક્શન વખતે ખરેખર જોવા જેવો સીન હતો. એ ફંક્શન પહેલાં 'યશ રાજ ફિલ્મ્સ' ને 'ફિલ્મફેર' સાથે કંઈ વાંકું પડ્યું હશે, કે પછી જરા વધારે પડતા જ એવોર્ડ જીતાઈ ગયા હોવાથી એવોર્ડ લેવાની શરમ આવતી હશે, જે હોય તે, પણ એ ફંક્શનમાં ફિલ્મના સંગીતકાર ઉત્તમ સિંહ સિવાય કોઈ હાજર જ નહોતું!

બિચારા ઉત્તમ સિંહ કોઈના વતી એક એવોર્ડ લઈને સ્ટેજ પરથી નીચે ઊતરે ત્યાં તો બીજા એવોર્ડ માટે એમને ફરી સ્ટેજનાં પગથિયાં ચડવા પડતાં હતાં! અસલી જોવાલાયક ફિયાસ્કો ત્યારે થયો હતો જ્યારે ઉત્તમ સિંહ બેસ્ટ મ્યુઝિક ડિરેક્ટરનો એવોર્ડ લેવા સ્ટેજ પર ચડ્યા ત્યાં સુધીમાં ઓડિયન્સ એટલું કંટાળી ગયેલું કે સરખી તાળીઓ પણ ના પાડી. અડધો અડધ ઓડિયન્સ રીતસર હસતું હતું!

જોકે જ્યાં ઓડિયન્સને હસવાની ખરેખર મનાઈ છે એવા પ્રતિષ્ઠાભર્યા 'નેશનલ એવોર્ડ ફંક્શન' માં જઈને કરીશ્મા કપૂર એજ ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો એવોર્ડ લઈ આવી હતી! યશ ચોપરા સાહેબ પણ 'હોલસમ (હોલસેલ નહીં, ભાઈ) એન્ટરટેઈનમેન્ટ મુવી માટેનો નેશનલ એવોર્ડ જીત્યા હતા... આપણને થાય કે યાર, આવી ફિલ્મને આપણે 'ઓસ્કાર' માટે મોકલવાનું શી રીતે ચૂકી ગયા હતા?

દેશમાં સેટેલાઈટ ચેનલોનો દૌર શરૂ થયો એ પછી આ બધા ફિલ્મી એવોર્ડઝ એક જાતના કોમર્શિયલ શો બની ગયા છે. તોતિંગ વ્યુઅરશિપ મળે એટલે જાહેરાતો અને સ્પોન્સરશિપમાં પણ બેફામ ભાવ મળવા લાગ્યા. અગાઉ તો લોકો એમના સ્ટાર્સને માત્ર 'જોવા' માટે ઉત્સુક હતા, પણ પછી તો એમના સ્ટાર્સને 'નાચતા જોવા'ની મજા લેવા લાગ્યા.

આમાં કહે છે કે ફિલ્મી કલાકારોને રીતસર 'બાર્ટર-ઓફર' થતી હતી કે 'તમને એવોર્ડ મળી રહ્યો છે, તો તમે બે ત્રણ ડાન્સ રજૂ કરશો ને?' પછી તો અમુક એવોર્ડ ઈન્ડસ્ટ્રીના અમુક જૂથનો જ હોય એવું થવા લાગ્યું હતું. એ જ કારણસર એવોર્ડ ફંક્શનોમાં ભવાડા પણ શરૂ થઈ ગયા.

આમાં 'સૌથી પહેલા ચકચારી ભવાડા'નો એવોર્ડ શાહરુખ ખાનને નામે ગયો હતો. તે વખતે 'આઈસ' એવોર્ડઝ નવા શરૂ થયા હતા, જે લંડન, મેલબર્ન, સિંગાપોર, એમ્સ્ટર્ડેમ વગેરે પ્રખ્યાત શહેરોમાં યોજાતા હતા, જેમાં વર્ચસ્વ અમિતાભ બચ્ચનના ફેમિલીનું રહેતું હતું, પરંતુ ચોથા જ એવોર્ડ વખતે શાહરુખ ખાને પોતાને બેસવા માટેની જે સીટ ફાળવાઈ હતી તેને લઈને વાંધો પાડીને મોટો તમાશો કર્યો હતો!

એ પછીનાં વારસોમાં શાહરુખ ખાને 'ફિલ્મફેર' એવોર્ડ ફંક્શનોમાં ઉપર રીતસરનો કબજો જમાવ્યો હતો. એ પોતે એન્કર તરીકે આવીને પોતાની ઓરિજિનલ જોક્સ અને સ્પોન્ટેનિટી વડે ઓડિયન્સને મજા તો કરાવતો જ હતો પણ સાથે સાથે જેને કહેવાય ને, કે 'દાવ લેવાની' કોશિશો પણ વારંવાર કરવા જતાં આખું ફંક્શન ભવાડાનો ભોગ બની જતું હતું.

આવા જ એક એવોર્ડ ફંક્શન વખતે અભિનેતા નીલ નીતિન મુકેશને એમ પૂછે કે આમાં તારી 'સરનેમ' ક્યાં છે, સુશાંત સિંહ રાજપૂતને કહ્યું કે તારી 'બબ્બે સરનેમ' કેમ છે... વગેરે. જોકે હવે આ એવોર્ડ ફંક્શનો પણ એટલા બધા બીબાઢાળ બનતાં જાય છે કે કદાચ એના આયોજકો પણ જાણી જોઈને આવા 'ભવાડા'ની સ્ક્રિપ્ટ બનાવતા હશે.

જોકે એક ચોક્કસ સ્ટારથી છુટકારો મળ્યાનો દરેક પ્રેક્ષકને આનંદ છે. યાદ છે? વચ્ચે એક સમય એવો હતો કે લગભગ દરેક ફંક્શનમાં રેખાની 'પધરામણી' એ રીતે થતી હતી કે જાણે શું મોટી અભિનયની મહારાણીએ એન્ટ્રી મારી છે! ■

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ...તો આવા છે 'હાઉસફૂલ ફાઈવ'ના બંને એન્ડ





આજે રિલીઝ થયેલી ફિલ્મ 'હાઉસફૂલ- ફાઈવ' બે એન્ડ ધરાવતી ફિલ્મ છે. નિર્માતા સાજીદ નડિયાદવાલાએ ફિલ્મને 'હાઉસફૂલ- ૫એ' અને 'હાઉસફૂલ - ૫બી' એમ બે નામ આપ્યા છે. આમ છતાં જો આપણા મનમાં કન્ફ્યૂઝન હોય કે આવી રીતે બે એન્ડવાળી ફિલ્મ કેમની જોવી તો આનો ઉકેલ પણ હવે આવી ગયો છે. ધારો કે કોઈ મલ્ટિપ્લેક્સમાં ૬ સ્ક્રીન્સ છે તો ૩-૩ સ્ક્રીન્સ બંને એન્ડ માટે વહેંચી દેવામાં આવશે. જો કોઈ મલ્ટિપ્લેક્સમાં ૫ કે ૩ સ્ક્રિન છે તો 'હાઉસફૂલ ૫એ' બહુમતી સ્ક્રિન્સ મેળવશે. આ ઉપરાંત જે સિંગલ સ્ક્રીન છે જે મોટેભાગે રોજના ત્રણ જ શો આયોજિત કરી શકે તેમ છે ત્યાં પણ 'હાઉસફૂલ ૫એ' ને વધુ શોઝ મેળવશે.

બીજો પ્રશ્ન એ પણ છે કે અગાઉથી ચાલતી ફિલ્મોનું શું? ઉપરાંત ગઈકાલે કમલ હસનની 'ઠગ લાઈફ' પણ રિલીઝ થઇ છે.

બિન-હિન્દીભાષી રાજ્યોમાં એમની ભાષાની ફિલ્મો પણ હશે તો ત્યાં પણ જેટલા સ્ક્રીન્સ અથવા શોઝ અવેલેબલ હશે ત્યાં ૨:૧ ના રેશિયો પ્રમાણે આ બે એન્ડ્સ ધરાવતી ફિલ્મના શોઝની સંખ્યા વહેંચી દેવામાં આવશે.

મારું બેટું હજીય કન્ફ્યૂઝન છે? વાંધો નહીં આપણને મનમાં આવે તે એન્ડવાળી ફિલ્મ જોઈ આવવાની પછી નક્કી કરજો કે બીજા એન્ડવાળી ફિલ્મ પાછળ પૈસા ખરચવા છે કે પછી... હાલશે, મારા ભઈ ?!

## આમિર માટે 'નેટફ્લિક્સ' ઝમીન પર!



આપણે આ અગાઉ 'કટ એન્ડ ક્લેપમાં' જ જાણ્યું હતું કે આમિરની 'સિતારે ઝમીન પર' રિલીઝ થયાના ૮ વીક પછી યુટ્યૂબ ઉપર રિલીઝ થઇ જશે. યુટ્યૂબ પર 'પે-પર-વ્યૂના' હિસાબે કોઇપણ વ્યક્તિ આ ફિલ્મ જોઈ શકશે. ટૂંકમાં આ ફિલ્મનું દર્શન મફતમાં તો નહીં જ હોય. જોકે, 'નેટફ્લિકસ' ઈચ્છે છે કે આમિર એની આ ફિલ્મ યુટ્યૂબ પર નહીં, પણ પોતાના પ્લેટફોર્મ પર રિલીઝ કરે.

એક કાનોકાન મળેલી ખબર અનુસાર શરૂઆતમાં 'નેટફ્લિકસે' આમિરને ૫૦ થી ૬૦ કરોડ રૂપિયાની ઓફર કરી હતી, પરંતુ આમિરે જરાય મચક ન આપતાં હવે , 'નેટફ્લિકસ'એ પોતાની ઓફર બમણી કરી દીધી છે! એટલે કે આમિરને દુનિયાના સહુથી મોટા ઓટીટી પ્લેટફોર્મે અધધધ ૧૨૦ કરોડની ઓફર આપી છે!

આમિર હજી પણ મચક નથી આપી રહ્યો એટલે એ જોવું રસપ્રદ રહેશે કે પહેલી આંખ કોણ પટપટાવશે? કદાચ આમિરને એવું લાગે છે કે આઠ અઠવાડિયા પછી પણ પોતાની ફિલ્મ એટલી જ ફ્રેશ હશે એટલે મોટી સંખ્યામાં લોકો યુટ્યૂબ પર પેમેન્ટ કરીને પણ પોતાની ફિલ્મ જોશે તો કદાચ મને (આમિરને), 'નેટફ્લિકસ' જેટલા ઓફર કરે છે એનાથી પણ વધુ મળી શકે તેમ છે.

આ તો થઇ આમિરની વાત, પણ ૧૨૦ કરોડનો પ્રશ્ન એ છે કે, 'નેટફ્લિકસ'એ હોલિવૂડ ફિલ્મની નબળી નકલ દેખાઈ રહેલી આમિરની આ મૂવીમાં એવું તે શું જોઈ લીધું કે પોતાની તિજોરીનું ઢાંકણું ખોલી નાખ્યું છે?

## પોડકાસ્ટ બન્યાં પૈસાની ખાણ



આજકાલ જમાનો પોડકાસ્ટનો છે. પોડકાસ્ટ એ એક રીતે તો ઓડિયો ઈન્ટરવ્યૂનું જ આધુનિક સ્વરૂપ છે તેમ છતાં તેમાં થોડોઘણો ફરક એ છે કે પોડકાસ્ટર્સ એટલે કે જે પોડકાસ્ટ હોસ્ટ કરે છે એ સારું એવું રિસર્ચ કરીને પોતાના મહેમાનો સાથે વાતચીત કરતા હોય છે. ઉપરાંત પોડકાસ્ટ ભલે યુટ્યૂબ પર આવે, પરંતુ તમે એને સાંભળી પણ શકો છો. આટલું ઓછું હોય તેમ હોશિયાર પોડકાસ્ટર પોતાના મહેમાન પાસેથી અજાણી (વાંચો આઘાતજનક !) માહિતી પણ જાહેરમાં બહાર કઢાવી શકે છે.

પોડકાસ્ટની આ બે ક્વોલિટીમાં હવે ત્રીજી 'ક્વોલિટી' પણ ઉમેરાઈ છે. મોટા મોટા પોડકાસ્ટર્સ પોતાના મહેમાન બનવા માટે મોટા મોટા સ્ટાર્સને સામેથી મોટી રકમ ચૂકવે છે. હાલમાં જ સૂરજ પંચોલીએ ઘટસ્ફોટ કર્યો છે કે બિગ સ્ટાર્સ એક પોડકાસ્ટમાં દેખાવા માટે ૩૦ લાખ જેટલી તગડી રકમ પણ 'ચાર્જ' કરતા હોય છે! ( આ આંકડો માન્યમાં આવે તેવો નથી! )

ધારો કે સ્ટાર્સ તો ચાલો કદાચ આટલી તગડી રકમ માગે, પરંતુ જે પોડકાસ્ટ હોસ્ટ કરે છે એ વ્યક્તિ અથવા તો એને જેનું નાણાકીય પીઠબળ મળ્યું છે એ વ્યક્તિ કે કંપની શું વિચારીને આ અઢળક ચાર્જની 'ચૂકવણી' કરે? આનો અર્થ એ પણ થયો ને કે એમને પણ ક્યાંકથી સ્પોન્સરશિપના નામે ઢગલો પૈસા મળતા હશે? બાકી, યુટ્યૂબની જાહેરાતમાંથી પોડકાસ્ટર્સ કમાતા હોય એવું વિચારતા હોવ તો તો બોલો, 'હરી હરી' ! ■



**કટ એન્ડ ઓકે..**


*દિશા પટની જાણીતા હોલિવૂડ સ્ટાર કેવિન સ્પેશીના નિર્દેશનમાં બની રહેલી હોલિવૂડની ફિલ્મમાં 'એક્ટિંગ' કરવા માટે આજકાલ મેક્સિકોમાં જોવા મળી રહી છે!*

*હેં... સેક્સી ક્વીન દિશા અને એકટિંગ?!*

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ટોમ ક્રૂઝ... એના માટે છે પેશન પોસિબલ!

## સિનેમાને જીવિત રાખવાના મિશનને પોસિબલ કરતો આ છે હેન્ડસમ હન્ક એવો રિયલ લાઈફ હીરો



**હાલમાં** એક બિગ ઇવેન્ટ ફિલ્મ રિલીઝ થઈ છે 'મિશન ઇમ્પોસિબલઃ ધ ફાઇનલ રેકનિંગ'.

આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં ફિલ્મ જબરદસ્ત હિટ થઈ ચૂકી છે, પણ જેમ જેમ ઓટીટી પ્લેટફોર્મ્સનો પ્રભાવ વધી રહ્યો છે અને થિયેટરમાં ફિલ્મ જોવાનું ચલણ ધીરે ધીરે ઘટી રહ્યું છે. તેમ એક સવાલ વારંવાર ઊઠ્યા કરે છે કે શું લોકો પહેલાંની જેમ થિયેટર તરફ વળશે ખરા? પરંતુ થિયેટર્સને જીવિત રાખવા એક જણ સતત મથે છે. થિયેટર્સ જ નહીં, સિનેમાને અત્યંત પેશનથી-ઉત્કંટતાથી ચાહતો એ છે એટ ટોમ ક્રૂઝ!

જ્યારે મોટા સ્ટુડિયોઝ ઓનલાઇન રિલીઝ તરફ વળતા હતા ત્યારે ટોમ ક્રૂઝે ખુલ્લેઆમ કહ્યું હતું કે સિનેમાને જીવતું રાખવા માટે એ થિયેટરમાં જ ફિલ્મ રિલીઝ કરશે. ૨૦૨૨માં જ્યારે દુનિયાભરનો દરવાજો કોવિડ પછી ધીરે ધીરે ખુલતો હતો અને લોકો હજી થિયેટર તરફ જતાં ડરતા હતા ત્યારે ટોમ ક્રૂઝે પોતાની બ્લોકબસ્ટર ફિલ્મ 'ટોપ ગનઃ મેવરિક' ખાસ કરીને થિયેટરમાં રિલીઝ કરી. 'નેટફ્લિક્સ' અને 'એમેઝોન' જેવી કંપનીઓએ મોટી રકમ આપીને તેને ડિજિટલ પર લાવવા કોશિશ કરી, પણ ક્રૂઝ અડગ રહ્યો. પરિણામ? ફિલ્મે વિશ્વભરમાં ૧૪,૦૦૦ કરોડથી વધુ કમાણી કરી અને લોકોને ફરીથી યાદ અપાવ્યું કે મોટી સ્ક્રીનનો અનુભવ અનન્ય હોય છે. સ્ટીવન સ્પિલબર્ગે પણ એક પ્રસંગે ટોમ ક્રૂઝને કહ્યું હતું કે, 'તમે હોલિવૂડને બચાવ્યું !'

આ સ્ટેટમેન્ટ ઘણું કહી જાય છે. ટોમ ક્રૂઝ હંમેશાં કહે છે : 'હું ફિલ્મ્સ બિગ સ્ક્રીન માટે બનાવું છું. મને ત્યાં જ મજા આવે છે. હું ચાહું છું કે દર્શકો પણ થ્રિલ-ટેંશન અને આનંદ બધું જ એકસાથે માણે...' આ એના માટે ફક્ત શબ્દો નથી, આ એની ફિલ્મ્સ માટેની ચાહત છે. સિનેમા એના માટે ફક્ત મનોરંજન નહીં, એક જીવંત અનુભવ છે.

આમેય ટોમ ક્રૂઝની દરેક ફિલ્મ દર્શકો માટે એક ઉત્સવ સમાન હોય છે. 'મિશન ઇમ્પોસિબલ' જેવી સિરીઝમાં તે પોતે જે ભયાનક સ્ટંટ કરે છે (જેના પર અલાયદો લેખ લખી શકાય), તે દુનિયાભરમાં ચર્ચાય છે. ૨૦૨૩ની 'મિશન ઇમ્પોસિબલઃ ડેડ રેકનિંગ પાર્ટ વન'માં એ બાઈક લઈને પહાડ પરથી કૂદ્યો હતો અને હવામાં પેરાશૂટ ખોલ્યો હતો. આ એક દ્રશ્ય માટે એણે ૫૦૦થી વધુ સ્કાયડાઇવિંગ અને અનેક વખત બાઈક જમ્પ્સની ટ્રેનીંગ લીધી હતી. આજકાલ મોટા ભાગના એક્ટર્સ વીએફએક્સ કે બોડી ડબલનો સહારો લે છે, પણ ક્રૂઝ પોતે સ્ટંટ કરે છે. એક્શન માટે નહીં, પરંતુ પ્રામાણિક અનુભવ માટે.

**'મિશન ઇમ્પોસિબલઃ** ધ ફાઇનલ રેકનિંગ'માં પણ ટોમ ક્રૂઝે પ્લેન પર ખતરનાક એરિયલ સ્ટન્ટ્સ કરી બતાવ્યા છે. ટોમ પોતાના હવાઈ સ્ટંટ્સ વિશે કહે છે : 'મને ઊડવું ગમે છે. હું શો-ઓફ નથી કરતો, પણ મને એ અનુભવ દર્શકોને પણ મળે એ ગમે છે. હું સ્ટન્ટ કરીને દર્શકોને વધુ ઓથેન્ટીસીટી આપી શકું તો હું એ હંમેશાં કરીશ.'

'ટોપ ગનઃ મેવરિક'માં પણ એણે પોતે જેટ પ્લેન ઉડાવ્યું હતું, કોઈ જ ફેક ટેક્નિક નહીં.

**'મિશન ઇમ્પોસિબલઃ ફોલિઆઉટ'ના** શૂટિંગ સમયે એક સ્ટન્ટ કરતી વખતે એક બિલ્ડિંગથી બીજી પર કૂદવા જતા એને એન્કલ ઇન્જરી થઈ તો પણ એણે કેમેરામાં આખો શોટ આવે એ માટે એક્ટિંગ ચાલુ રાખતા ઊભા થઈને દોડવાનું ચાલુ રાખ્યું હતું. એ કારણસર કહી શકાય કે ટોમ સિનેમા માટે જીવે છે!

ટોમ ક્રૂઝ ફક્ત સ્ક્રીન પરનો હીરો નથી. સિનેમાની પાછળની આખી પ્રોસેસમાં એ ભાગ લે છે. ફિલ્મના પ્રમોશન માટે એ વૈશ્વિક પ્રવાસ કરે છે-પત્રકારો સામે પોતાના વિચારો સવિસ્તર વ્યક્ત કરે છે અને દર્શકો સાથે સીધો કનેક્ટ બનાવે છે. તાજેતરમાં એ યુરોપમાં ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ફાઇનલમાં પણ જોવા મળ્યો હતો. ઓલિમ્પિક્સમાં પણ એણે દુનિયાની સામે લાઈવ સ્ટન્ટ કરીને બતાવ્યો હતો. આ બધું જ ફક્ત દુનિયા સિનેમાને સતત ચાહતી રહે એ માટે. !

આજે થિયેટરમાં બિગ બજેટ ઇવેન્ટ ફિલ્મ્સ જ વધુ ચાલે છે. સામાન્ય અનુભવ માટે ફિલ્મ જોવા થિયેટર સુધી જવું લોકોને પસંદ નથી અને ટોમને મુખ્યત્વે ભવ્ય અનુભવવાળી ફિલ્મ્સ તરફ જ વધુ આકર્ષણ છે. ટોમ અને બિગ ઇવેન્ટ ફિલ્મ્સ જાણે એકબીજાના પૂરક છે એટલા માટે પણ ટોમ સિનેમા અને થિયેટર માટે મહેનત કરે એ સમજાય છે.

ટોમ ક્રૂઝ જેવી વ્યક્તિઓ સિનેમાને ફરીથી તેની ભવ્યતા તરફ લઈ જાય છે. એ સાબિત કરે છે કે જો દિલથી અને પ્રામાણિકતાથી ફિલ્મ બને તો લોકો થિયેટર સુધી જરૂર આવશે. ટોમે દરેક વખતે બતાવ્યું છે કે સિનેમા એ માત્ર એક માધ્યમ નહીં, એ પ્રેમ છે, પેશન છે અને એક અનુભવ છે, જે કોઈ ડિજિટલ સ્ક્રીન આપી શકે નહીં. કોવિડની જેમ અત્યારે પણ હોલિવૂડ સરખામણીએ નબળી સ્થિતિમાં છે ત્યારે ટોમ ક્રૂઝ ફરી વખત 'મિશન ઇમ્પોસિબલ' (મિશ્ર પ્રતિસાદ છતાં) સાથે સેવિયર બન્યો છે! ■

**લાસ્ટ શોટ**

*'મને એક્શન એડવેન્ચર ફિલ્મ્સ પસંદ છે. એ પ્યોર સિનેમા છે. અને સિનેમાને હું મારું સઘળું આપવા હંમેશાં તૈયાર રહું છું!'*

*- ટોમ ક્રૂઝ*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા


## ક્વિઝ (અ)

આ ગીતો કઈ ફિલ્મનાં છે અને કયાં પ્રસંગ પર ગવાયા છે એ જાણો છો?

૧) કોઈ કહે કેહતા રહે કિતના ભી હમકો દીવાના
૨) મૈયા યશોદા યે તેરા કનૈયા પનઘટ પે મેરી
૩) ઓ મારિયા ઓ મારિયા જાની જબ બોલા થા
૪) ચલી ચલી ફિર ચલી ચલી ચલી ઇશ્ક દી હવા
૫) ઘૂમે ગોરી ઘૂમે ગોરી ચલી કહા ચોરી ચોરી હવા સે હૈ
૬) આયી હૈ બહારે મિટે જુલમો સિતમ પ્યાર કા
૭) ઐસા ઝખ્મ દિયા હૈ જો ના ફિર ભરેગા હર હસીન

## ક્વિઝ (બ)

આ કલાકારોની એક એવી કઈ ફિલ્મ છે, જેનાં નામમાં બે વિરોધાભાસી શબ્દો આવે છે ?



૧) રાજેન્દ્ર કુમાર
૨) પ્રદીપ કુમાર
૩) રાજેશ ખન્ના
૪) અનિલ કપૂર
૫) શશી કપૂર
૬) જીતેન્દ્ર
૭) સૈફ અલી ખાન

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# ઓન સ્ક્રીન આમ આદમી... ઓફ સ્ક્રીન એંગ્રી યંગમેન!

## ઉમદા અભિનેતા-દિગ્દર્શક અમોલ પાલેકરની કેટલીક એકદમ ઓછી જાણીતી વાત



**પરદા** કે સ્ટેજ પર ભજવાતાં કિરદારથી બંધાતી ઈમેજ જેવા કલાકાર હોતા નથી એ હવે બધા જાણે છે. ખાસ કરીને ફિલ્મોમાં ગબ્બરસિંહ, મોગેમ્બો, શાકાલ બનતા અમજદખાન, અમરીશ પૂરી, કુલભૂષણ ખરબંદા કે પ્રાણ કે પ્રેમચોપરા કે રણજીત વાસ્તવિક જીવનમાં ખૂબ સરળ તેમજ સજ્જન વ્યકિત જ રહ્યા છે. જોકે, અમિતાભ બચ્ચન અને અમોલ પાલેકરની ઓન સ્ક્રીન/ ઓફ સ્ક્રીન ઈમેજમાં જબરદસ્ત વિરોધાભાસ રહ્યો છે.

એંગ્રી યંગમેનની ઈમેજ ધરાવતાં અમિતાભ બચ્ચન વાસ્તવમાં તો ઠરેલ, શાંત અને ડરપોક કિસ્મના લાગે તેવા સંસ્કારી છે.

બીજી બીજી તરફ, જયારે છોટી સી બાત, રજનીગંધા, ચિત્તચોર- બાતોં બાતોં મેં જેવી ફિલ્મથી 'નેકસ્ટ ડોર બોય' જેવી ઈમેજ અમોલ પાલેકરની રહી છે. સ્ક્રીન પર એમનામાં કયારેય સ્ટારનો ઓરા પથરાયો નથી. ઊલ્ટું એમ જ લાગે કે આપણી આસપાસ રહેતા બેન્કના કલાર્ક એવો કહ્યાગરા કર્મચારી જેવો જ ભાસતો આ અભિનેતા છે, પણ...વાસ્તવિકતા જુદી છે.

પરદા પર ઢબ્બુ અને આત્મવિશ્વાસની ઊણપ ધરાવતી વ્યક્તિની ઈમેજ ધરાવતાં અમોલ પાલેકર વાસ્તવિક જીવનમાં 'એંગ્રી યંગ મેન' જેવું જ વ્યક્તિત્વ ધરાવે છે. ફિલ્મોમાં આપણે કાયમ સરળ અથવા સજ્જન યા લાચાર વ્યકિત લાગતા અમોલ પાલેકર પોતાની નૈતિકતા, નિયમો, માન્યતા તેમજ આગ્રહો માટે કયારેય બાંધછોડ કરનારા રહ્યાં નથી. જરૂરી લાગે ત્યાં સામે શિંગડા ભરાવવાનું અમોલ પાલેકર ચૂકયા નથી.

૧૯૭૪માં 'રજનીગંધા' ફિલ્મથી અમોલ પાલેકરનું નામ જાણીતા થવું શરૂ થયું, પણ પાંચ જ વરસ પછી એમણે દિગ્ગજ પ્રોડયુસર-ડિરેકટર બી. આર. ચોપરા સામે ફરિયાદ કરીને લડાઈ વહોરી લીધેલી. અમોલ પાલેકરને 'અગ્નિ પરીક્ષા' ફિલ્મમાં કામ કરવાના મહેનતાણાંનો આખરી હપ્તો ચોપરા કેમ્પે ચૂકવ્યો નહોતો. ઉઘરાણી કરતાં બી.આર. ચોપરાએ ધમકી પણ આપેલી : 'હું તને ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાંથી ખતમ કરી નાખીશ!'

આવી ધમકી છતાં અમોલ પાલેકર લડેલાં અને જીતેલાં પણ ખરાં.

૧૯૭૧ થી ૨૦૨૩ વચ્ચે શાહરુખ ખાનની 'પહેલી' ફિલ્મ સહિત ૧૫ ફિલ્મ અને ૪ ટીવી સિરિયલ ડિરેકટ કરનારા અને પચાસ વરસમાં માત્ર સાઈઠ ફિલ્મોમાં અભિનય કરનારા અમોલ પાલેકર ખરેખર તો નાટ્યકાર છે. અત્યારે બયાંસી વરસના છે, પણ એંસી વરસની ઉંમરે પણ 'કુસુર' નામનું નાટક સફળતાપૂર્વક મહારાષ્ટ્રનાં વિવિધ શહેરોમાં એ ભજવી ચૂક્યા છે. પ્રથમ પત્ની ચિત્રાથી અલગ થયા પછી એ એડવોકેટ-રાઈટર સંધ્યા ગોખલે સાથે (હવે) પૂનામાં રહે છે. એની વે, આપણે અમોલ પાલેકરની ઈમેજ અને રિયલ પર્સનાલિટી પર આવીએ....

બહુ ઓછા લોકોને આ વાત ગળે ઊતરશે કે છોડી એ પહેલાં અમોલ પાલેકર દરરોજ ૭૨ જેટલી સિગારેટ પીતા હતા. રજનીગંધા, છોટી સી બાત અને ચિત્તચોર પછી તેમની ડિમાન્ડ એવી નીકળેલી કે અમોલ પાલેકર કહે છે, 'એ સમયે સાઈનિંગ અમાઉન્ટ લઈ લીધી હોત તો તેમાંથી હું આખી જિંદગી એશથી જીવી લેત!'

... પણ એકના એક રોલ કરીને સ્ટારડમ મેળવવાને બદલે એમણે 'ખામોશ' અને 'તિસરા કોન' જેવી ફિલ્મમાં વિલન બનવાનું પસંદ કર્યું. અમિતાભ બચ્ચનની જેમ કાયમ સેટ પર સમયસર પહોંચનારા અમોલ પાલેકરને (મોડા સેટ પર આવતા) દાદામુનિ અશોક કુમારે પૂછેલું 'તું આટલો વહેલો કેમ આવી જાય છે?'

'હું વહેલો નહીં, સમયસર આવું છું, સર...!' અમોલ પાલેકરે આવો જવાબ અશોક કુમારને આપી દીધેલો. જવાબ આપવામાં અને સવાલ કરવામાં અમોલ પાલેકર ક્યારેય ખચકાયા નથી. અભિનેતા પ્રકાશ રાજની જેમ જરૂર જણાય ત્યારે મોદી સરકાર કે ભાજપ વિશે પણ સ્પષ્ટ વાત કરી દેતા અમોલ પાલેકરને કદાચ એટલે જ ભારત સરકારના એકેય એવોર્ડ અપાયા નથી, પરંતુ નાટક અને સિનેમાને સમર્પિત આ એક્ટર-ડિરેક્ટર વેગળા નાટક અને વેગળી ફિલ્મો બનાવતાં રહ્યા છે. 'પરિંદા' ફિલ્મ સુપર હિટ ગઈ ત્યારે અમોલ પાલેકર એક કાવ્યમય શૈલીની (હિર રાંઝા) જેવી ફિલ્મ બનાવી રહ્યા હતા. એ જાણીને નાના પાટેકરે એમની પાસે જઈ જીદ લીધી અને એમના ઘેર જ રોકાઈને ફિલ્મના પાત્રને આત્મસાત કરીને ભજવી બતાવ્યું. આખરે અમોલ પાલેકરે નાના પાટેકરને લઈને જ 'થોડાસા રૂમાની હો જાએ! ફિલ્મ બનાવી હતી.

અમોલ પાલેકર કહે છે કે, 'મેં વિદેશી નહીં પરંતુ ભારતીય સાહિત્યને જ ધ્યાનમાં રાખીને નાટકો તેમજ ફિલ્મો બનાવી છે અને તેનું મને ગૌરવ છે. શાહરુખ ખાન - અમિતાભ બચ્ચન - રાની મુખરજીની સાથે મેં રાજસ્થાની સાહિત્યકાર વેજયદાન દેથાની વાર્તા પરથી 'પહેલી' ફિલ્મ બનાવી. તેના વિષે ભલે ગમે તે બોલાતું હોય, ફિલ્મ મારે બનાવવી હતી, તેવી જ મેં બનાવી છે. મોટા સ્ટારના કારણે લોકોની અપેક્ષા ઊંચી થઈ જાય તો એ મારો પ્રોબ્લેમ નથી! ■

ફોકસ
ડી. જે. નંદન

# હિન્દી ફિલ્મોની અસર હવે કેમ ઓસરી રહી છે?

અગાઉ જ્યારે બોલિવૂડની ૧૦માંથી ૫ ફિલ્મો સફળ થતી હતી અને ઓછામાં ઓછી બે ફિલ્મો પોતાનો ખર્ચો જેમ તેમ કાઢી લેતી હતી. એ અલગ વાત છે કે, જે ફિલ્મો સફળ થાય છે, તેની માટે તો સો કરોડનો ધંધો કરવો તે સાવ મામુલી બાબત છે. પરંતુ જેવી રીતે કારોબારી સફળતા અમુક ગણ્યાંગાઠ્યાં કોર્પોરેટ વ્યૂહરચનાત્મક બોલિવૂડ ફિલ્મોના ભાગે આવી રહી છે અને વધારે ફિલ્મો ફલોપ થઈ રહી છે

છેલ્લાં દસ વર્ષોમાં બોલિવૂડે એવો કોઈ પણ હીરો નથી આપ્યો જે એક જમાનામાં અમિતાભ બચ્ચન, રાજેશ ખન્ના અથવા શાહરુખ ખાન જેવો હીરો રહ્યો હોય પરંતુ સચ્ચાઈ તો એ છે કે, આજે બોલવૂડમાં કોઈ એવો ચહેરો જ નથી કે જેના દમ પર કોઈ પણ ફિલ્મના સુપરહિટ થવાની ઓછામાં ઓછી ૫૦ ટકાની સાચી ગેરેંટી તો હોય. આજની બધી ફિલ્મો પોતાના વ્યૂહરચનાત્મક સમીકરણોના ચાલતા સુપરહિટ અથવા સુપર ફ્લોપ સાબિત થાય છે. વાસ્તવમાં બોલિવૂડનું જે પોતાનું એક પ્રાકૃતિક વ્યવસાયિક ઈકોસિસ્ટમ સમીકરણો હતા, એ પાછલા બે દાયકાની અંદર ઘણા કારણોથી ખલાસ થઈ ગયું છે અને અંતિમ શ્વાસ ગણી રહ્યું છે.

બોલિવૂડને કયારેક ભારતીય સાંસ્કૃતિક જીવનનો અરીસો અને મનોરંજન ઉદ્યોગનો આત્મા કહેવામાં આવે છે, આજે એ જ કોર્પોરેટ ષડયંત્ર રાજનીતના જાળમાં ફસાઈને મરી રહ્યું છે. આજે આનું સંકટ માત્ર ટિકિટ બારી પર ઓછી થતી ભીડ અથવા ફ્લોપ ફિલ્મોની વધતી સંખ્યા જ નહીં પરંતુ તેનુ નેચરલ ઈકો સિસ્ટમ પૂર્ણરૂપે વિખેરાઈ ગયો છે. આજે ન તો બોલિવૂડના ડાયરેકટર અને પ્રોડ્યુસરને દર્શકોના મનોરંજન ટેસ્ટની ચિંતા છે, ન કે તેના ખિસ્સાની કે ન તો ફિલ્મના ડાયરેકટર અને પ્રોડ્યુસર એમને ધ્યાનમાં લઈ ફિલ્મ બનાવે છે. ગ્લોબલ કન્ટેન્ટ, ડબિંગ અને વૈશ્વિક ફેન ફોલોઈંગ અથવા એવી કોઈ કૃત્રિમ ખુબીઓ છે, કે ગણીગાંઠી ફિલ્મોમાં જ થઈ શકે છે. કારણકે ડાયરેકટર અને પ્રોડ્યુસર વધારે દર્શકોની ચિંતા જ નથી કરતાં.

આજ કારણોથી હવે હિંદુસ્તાનમાં બનવાવાળી હિંદી ફિલ્મોની અસર હવે આપણા સમાજ પર નથી પડતી. પહેલા કોઈ નવી ફિલ્મ આવતી તો તેના ગીતો જ નહીં એના ડાયલોગ પણ બધાને યાદ રેહતાં હતાં. મોટાભાગે લોકો તે ફિલ્મની ચર્ચા કરતાં જોવા મળતાં. જ્યારે આજે તો ફિલ્મના ક્રિટિક્સને ઘણીવાર ફિલ્મો માટે ખબર જ નથી હોતી. પહેલા ફિલ્મોમાં થોડી કમાઈ હતી, પરંતુ આકર્ષણ ઘણું હતું. હજારો લોકોને કામ મળતું હતું, લાખો લોકોની આશા રહેતી હતી. જ્યારે આજની હાલત એવી છે કે, જે લોકપ્રિય કલાકારોને નામ મળી રહ્યું છે તેની પાસે તો કામની કોઈ સીમા જ નથી અને તેની કમાઈનો કોઈ હિસાબ જ નથી. બાકીના ૯૯.૯૯ ટકા ને તો કામ અને પૈસાના પણ વાંધા છે. આ ઈકોસિસ્ટમ કોઈ પણ કારોબારને આગળ વધવામાં મદદરૂપ ન જ થઈ શકે, ફિલ્મ જગત સાથે અત્યારે એ જ થઈ રહ્યું છે.

આજે એવી હાલત છે કે, બે દાયકા પહેલા ફિલ્મ જગતના લેખક, ગીતકાર, ડાયલોગ રાઈટરની પાસે ઠીકઠાક કામ હતું અને તેમની માર્કેટમાં થોડી વેલ્યૂ હતી, તેમને પણ માર્કેટમાં કામ નથી મળી રહ્યું અને તેનું કારણ એ છે કે, આજે પણ અમુક કોર્પોરેટ કંપનીઓ અથવા થોડા ઘણા તેમના જ વર્તુળના લોકોને ફિલ્મ બનાવવા અને આ ધંધાને પોતાના ઈશારા પર નચાવવાની ક્ષમતા રાખે છે, તેઓ જ બધું કરી નાખે છે. આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સારા લેખક, સારા ગીતકાર, સારા ડાયરેકટર અને સારા ડાયલોગ રાઈટરની કોઈ અલગથી પરિભાષા અથવા વેલ્યૂ જ નથી સિવાય કે તે કેટલો મોટો સેલિબ્રીટી છે. જો કે બોલિવૂડે જાણીજોઈને આ વાતાવરણ ઊભું કર્યું છે જેથી બહુરાષ્ટ્રીય ઉદ્યોગોના ઉત્પાદનો વેચવામાં નિપુણ અમારા સમાજના દલાલોને વ્યવસાય પણ બહારથી તૈયાર મળી જાય. જ્યારે પહેલા આપણે ત્યાં નાની નાની ફિલ્મો આપણા બધાની ભાવનાઓ, આપણા બધાની પોતાની લાઈફની અનુભૂતિ પર બનતી હતી.

આજે જયારે મનોરંજન ઉદ્યોગની પહોંચ એક આંગળીના ટેરવા પર હોય એટલે કે, સતત આપણા હાથમાં રહેતા ફોનમાં આખું મનોરંજન ઉદ્યોગ સમાઈ ગયું છે, ત્યારે આપણને ઓરિજિનલ રાઈટર, ઓરિજિનલ વાર્તા કે ઓરિજિનલ ઈમોશન્સની જરૂર નથી વર્તાતી. આપણને લાગે કે, એઆઈની મદદ વડે આપણે કોઈ પણ વસ્તુને અલગ રીતે બનાવીને પ્રેઝન્ટ કરી શકીયે. એ એક કાલ્પનિક કલ્પના છે. આ લાલચ અને ભ્રમએ સ્થાનિક લોકોને, સ્થાનિક ફિલ્મો, સ્થાનિક વાર્તાઓ, સ્થાનિક નાટકોથી દૂર કરી દેવાયા છે. આપણો આજનો બોલિવૂડ ઉદ્યોગ એક એવા માફિયાના કબજામાં છે, જે આખા ધંધાને પોતાની મુઠ્ઠીમાં જકડી શકે છે. કારણકે, આ માફિયાને કોઈ જાતના નુકસાનની પડી જ નથી કારણકે, નુકસાન કરવાવાળો એના મુકાબલે કોઈ છે જ નહીં. તેથી જ બોલીવુડનું માર્કેટ જ નહીં પરંતુ બોલિવૂડની આખી દુનીયા ગ્લોબલ હોવાના નામ પર બિલકુલ અજાણી, કૃત્રિમ અને ખોટી થઈ ગઈ છે. જો થોડાઘણા આપણા મનોરંજન પ્રેમી કલાકારો જો ઊઠીને સોમે નહીં આવે અને દેશી ભાવનાઓનો રંગ ન ભરીયે તો આ ઉદ્યોગ હંમેશ માટે સંકટમાં પડી જશે. પછી ભલે મુઠ્ઠીભર કોર્પોરેટ કંપનીઓની મનોરંજન ઉદ્યોગની કમાણી લાખોમાં આંકવામા આવે, પરંતુ આ ઈન્ડસ્ટ્રી પર નિર્ભર ૪૦ થી ૫૦ લાખ લોકો ભૂખ્યા મરી જશે અથવા આ દુનિયાને છોડીને ચાલ્યા જશે. વાસ્તવમાં જે રીતે આજે એક ફિલ્મ બનવા માટે સેંકડો કરોડો રૂપિયા લાગી રહયાં છે અને ત્યારબાદ તેના પ્રમોશન પર પણ એટલા જ રૂપિયા અથવા તેનાથી વધારે ખર્ચો આવી શકે, જેને કારણે આમ મનોરંજન પ્રેમી ન તો પોતાની ફિલ્મ બનાવી શકે છે અને તેના માટે વિચારી પણ નથી શકતું. આ માત્ર પૈસાની દ્રષ્ટિએ જ નથી. આવા લેખક, આવા કલાકારો કે જેમાં દેશનું કુદરતી જીવન ધડકે છે, તેમને પણ ઈન્ડસ્ટ્રીમાં કોઈ પૂછતું નથી કારણકે, ઈન્ડસ્ટ્રીને ગ્લોબલ ભાવનાઓથી ભરેલા એવા લોકો જાઈએ છે કે, જે દુનિયાના કોઈ પણ ખૂણામા જોવામાં આવે છે. બોલિવૂડને હવે સમજાય છે કે, આ એવો એક ગંભીર ભયાનક રોગ છે જે તેની કબર ખોદી નાખશે. ■

### બેંગલૂરુમાં ૧૪ વર્ષની છોકરી વિરાટને નજીકથી જોવાનું કહીને ઘરેથી ગઈ, પણ ભાગદોડમાં મૃત્યુ પામી

# લગ્નની પ્રપોઝલ આવતાં છોકરી જોવા ગયો, પણ પછી સ્ટેડિયમ પર પહોંચી ગયો ને જીવ ગુમાવ્યો!

### ટીનેજરે વીડિયો કૉલ કરીને મમ્મીને સેલિબ્રેશન બતાવ્યું અને થોડી વાર પછી ધક્કામુક્કીમાં મૃત્યુ પામ્યો





બુધવારે બેંગલૂરુમાં સ્ટેડિયમની નજીકના ઝાડ પર બેસીને ચૅમ્પિયન ક્રિકેટરોની રાહ જોતા ચાહકો (જમણે). ધક્કામુક્કીનો ભોગ બનેલા લોકોના ચપ્પલ-બૂટનો ઢગલો. (પીટીઆઇ)

બેંગલૂરુ: બુધવારે બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ઐતિહાસિક ઉજવણી દરમ્યાન થયેલી ધક્કામુક્કીના બનાવમાં જીવ ગુમાવનાર ૧૧ જણમાં મોટા ભાગના લોકો યુવા વર્ગના હતા અને તેઓ કેવી રીતે મૃત્યુ પામ્યા તેમ જ પરિવારજનોએ તેમના વિશે કેવી આપવીતી જણાવી એનો હૃદયદ્રાવક અહેવાલ બહાર આવ્યો છે. એક કિસ્સામાં તો ચિન્મયી શેટ્ટી નામની ટીનેજરને ક્રિકેટનો ખાસ કંઈ ક્રેઝ નહોતો એમ છતાં તે સહ-વિદ્યાર્થિનીના આગ્રહથી સ્ટેડિયમ તરફ ગઈ હતી અને નાસભાગમાં જીવ ગુમાવ્યો હતો.

## ૧૧ મૃતકમાં કેટલાક ટીનેજર અને એન્જિનિયરઃ કંપારી છૂટે એવી માતા-પિતાની આપવીતી

(૧) ૧૪ વર્ષની દિવ્યાંશી બી. એસ.: અગિયાર મૃતકોમાં સૌથી નાની ઉંમરની દિવ્યાંશી ક્રિકેટ-ક્રેઝી હતી. નવમા ધોરણમાં ભણતી દિવ્યાંશી સુપરસ્ટાર ખેલાડી વિરાટ કોહલીની ફૅન હતી અને તેને નજીકથી જોવા માગતી હતી. તે પશુઓની ડૉક્ટર બનવા માગતી હતી. તે કોહલી ઉપરાંત સચિન, કપિલ દેવ સહિતના ક્રિકેટરો વિશે પણ ઘણું જાણતી હતી. જીવનના સંઘર્ષોનો સામનો કેવી રીતે કરવો એ વિશે ઘણી વાર મમ્મીને સલાહ આપી ચૂકી હતી. જોકે ખુદ નાસભાગનો શિકાર થઈ ગઈ.

(૨) ૨૦ વર્ષનો મનોજ કુમારઃ પાણીપૂરી વેચતા પિતાનો આ પુત્ર વિધાનસભા ખાતેનું સેલિબ્રેશન જ જોવાનું કહીને ઘરેથી ગયો હતો, પણ બે મિત્રો સાથે સ્ટેડિયમ ખાતે પહોંચ્યો અને ધક્કામુક્કીમાં જીવ ગુમાવ્યો.

(૩) બાવીસ વર્ષનો પ્રજવલ જી.: એન્જિનિયરિંગ ગ્રેજ્યૂએટ અને પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરતા પ્રજવલે મંગળવારે મિત્રો સાથે આરસીબીની જીત ઉજવી અને બુધવારે મમ્મીએ ના પાડી હોવા છતાં સ્ટેડિયમ સુધી ગયો અને ભાગદોડમાં જીવ ગુમાવી દીધો. એકનો એક દીકરો ગુમાવનાર યુગલે કહ્યું કે 'સરકારે અમારા દીકરાનો જાન લીધો.'

(૪) ૨૬ વર્ષનો પૂર્ણ ચંદ્રાઃ મૈસૂરુનો આ સિવિલ એન્જિનિયર આરસીબીનો ડાઇ-હાર્ડ ફૅન હતો. પિતાના આગ્રહથી બેંગલૂરુ આવ્યો હતો અને લગ્ન માટે જે પરિવાર તરફથી માગું આવ્યું હતું એ પરિવારની છોકરીને મળવા તેના ઘરે ગયો હતો. છોકરીને મળીને તેના ઘરેથી નીકળીને (પપ્પા-મમ્મીને કહ્યા વગર) સીધો સ્ટેડિયમ પહોંચી ગયો અને સાંજે છ વાગ્યે તેના પપ્પાને કૉલ આવ્યો હતો કે 'ધક્કામુક્કીમાં તમારા દીકરાનું મૃત્યુ થયું છે.'

(૫) ૧૯ વર્ષની ચિન્મયી શેટ્ટીઃ એન્જિનિયરિંગનું ભણતી આ ટીનેજરને બહુ ક્રિકેટ જોવાનો શોખ નહોતો, પણ ક્લાસની મિત્રોના આગ્રહથી સ્ટેડિયમ પહોંચી હતી અને સાંજે તેના પૅરેન્ટ્સને કૉલ આવ્યો કે તમારી દીકરીનું નાસભાગમાં મૃત્યુ થયું છે. તેના પિતાએ એક મુલાકાતમાં કહ્યું, 'હું લાખો રૂપિયાના વળતરનું શું કરું? મને મારી દીકરી પાછી જોઈએ.'

(૬) ૧૭ વર્ષીય શિવાલિંગુ ચન્ડપ્પાઃ મજૂરનો આ વહાલસોયો દીકરો એક ટ્રાન્સફર સર્ટિફિકેટ લેવા નજીકના ગામમાંથી બેંગલૂરુ આવ્યો હતો. સર્ટિફિકેટ મેળવ્યા પછી સીધો સ્ટેડિયમ પહોંચી ગયો હતો. પિતાએ ઘરમાં ટીવી પર વિધાનભવન નજીક ભેગા થયેલા હજારો લોકોને જોઈને પરિવારજનને કહ્યું, 'શું કામ આટલા બધા લોકો આ રીતે ઊમટી પડતા હશે, જોખમ કહેવાય.' સાંજ સુધી પુત્રનો ફોન ન આવ્યો અને અચાનક તેમને ફોન પર જાણ કરાઈ કે તમારો દીકરો સ્ટેડિયમ નજીકની ધક્કામુક્કીમાં મૃત્યુ પામ્યો છે.

(૭) ૧૯ વર્ષનો ભૂમિક લક્ષ્મણઃ ઘરે કહ્યા વગર મિત્રો સાથે સ્ટેડિયમ પર પહોંચી ગયો હતો અને બપોરે ત્રણ વાગ્યે મમ્મીને વીડિયો કૉલ કરીને હજારો ક્રાઉડ સાથેની સેલિબ્રેશનની ઝલક બતાવી હતી. જોકે પછીથી પરિવારને જાણ કરાઈ કે ધક્કામુક્કીમાં ભૂમિકનું મૃત્યુ થયું છે.

(૮) ૨૯ વર્ષની કામાક્ષી દેવીઃ ઍમેઝોન કંપનીમાં વિશ્લેષક તરીકે નોકરી કરતી આરસીબી-ફૅન કામાક્ષીના લગ્ન નક્કી થવાનાં જ હતાં ત્યાં તે આ ઘટનાનો ભોગ બની. ઑફિસની બે કલીગ સાથે સ્ટેડિયમમાં ગઈ અને સાત નંબરનો ગેટ અડધો ખૂલ્યા બાદ થયેલી ભારે ધક્કામુક્કીમાં કામાક્ષીનો જીવ ગયો હતો અને બન્ને સાથીઓ ઘાયલ થઈ હતી.

(૯) પચીસ વર્ષની સહાના રાજેશઃ જાણીતી કંપનીની આ સૉફ્ટવેર એન્જિનિયર મમ્મી-પપ્પાને કહ્યા વગર આઠ મિત્રો સાથે સ્ટેડિયમ પર ગઈ હતી. નાની બહેનને ડૉક્ટર બનાવવાનું સપનું પૂરું કરવા માટે મક્કમ સહાના ક્યારેય પૅરેન્ટ્સનું દિલ નહોતી તોડતી, પણ આ રીતે અચાનક સ્ટેડિયમ પર ગઈ અને જીવ ગુમાવ્યો.

(૧૦) ૨૬ વર્ષની અક્ષતા પૈઃ આ મહિલા ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ હતી અને પતિ આશય સાથે ઑફિસમાંથી અડધા દિવસની રજા લઈને આરસીબીની નવી જર્સી ખરીદીને સ્ટેડિયમ પર પહોંચી હતી. ગીરદીમાં પતિનો હાથ સતત પકડી રાખ્યો હતો, પણ ૧૭ નંબરનો ગેટ ખૂલતાં જ ધક્કામુક્કી થઈ અને બન્ને જણ નીચે પડ્યાં હતાં. ખૂબ મદદ માગી. કોઈકે આશયને બચાવ્યો, પણ અક્ષતાનો હાથ છૂટી ગયો હતો અને તે ક્યાંક દૂર ફંગોળાઈ ગઈ હતી અને કચડાઈ ગઈ હતી. રાત્રે ડૉક્ટરે અક્ષતાને મૃત જાહેર કરી હતી.

(૧૧) ૨૦ વર્ષનો શ્રવણ કે. ટી.: આ ડેન્ટલ સ્ટૂડન્ટ ઘરે કહ્યા વગર મિત્રો સાથે આરસીબીની ઇવેન્ટ માણવા સ્ટેડિયમ પર પહોંચી ગયો હતો. દાદા-દાદીનો વહાલસોયો શ્રવણ પોતાના વિસ્તારના ભૂખ્યાઓને અન્નદાન કરવા માટે હંમેશાં આગળ આવતો. ■

# હું ₹ ૫૦ લાખ આપું છું, તેઓ મારો દીકરો પાછો લાવી આપશે?

### બેંગલૂરુમાં આધેડ વયના પિતાએ ૨૦ વર્ષીય પુત્રના મૃત્યુના આઘાતમાં પૂછ્યો આ સવાલ

### કર્ણાટક સરકાર પછી આરસીબીની પણ દરેક મૃતકના પરિવાર માટે ₹ ૧૦ લાખની સહાય

બેંગલૂરુ: બુધવારે અહીં રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના પ્રથમ આઇપીએલ-ચૅમ્પિયનપદની ઉજવણી વખતે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક હજારો લોકોમાં નાસભાગ અને ધક્કામુક્કીની અને ૧૧ જણનાં મૃત્યુની જે આઘાતજનક ઘટના બની ગઈ એને પગલે કર્ણાટક રાજ્ય સરકારે મૃત્યુ પામેલી દરેક વ્યક્તિના પરિવારને ૧૦ લાખ રૂપિયાની સહાય જાહેર કરી ત્યાર પછી આરસીબીના ફ્રેન્ચાઇઝીએ પણ દરેક મૃતકના ફૅમિલીને ૧૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જોકે આ સહાય જાહેર કરવામાં આવી એના ગણતરીના કલાકોમાં એક પિતાએ આ ઘટનામાં પુત્ર ગુમાવ્યો હોવાની વિગતો આપવાની સાથે સ્ટેડિયમ બહારની ગેરવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર માટે સામો સવાલ કર્યો હતો કે 'હું ૫૦ લાખ રૂપિયા આપવા તૈયાર છું, શું તેઓ મારો દીકરો પાછો લાવી આપશે?'

દેવરાજ એન. ટી. નામના શખસની બેંગલૂરુમાં પાણી-પૂરી અને અન્ય ખાદ્ય ચીજોની દુકાન છે. તેનો ૨૦ વર્ષીય પુત્ર મનોજ કુમાર પ્રેસિડન્સી કૉલેજમાં બીબીએની ડિગ્રી મેળવવા મક્કમ હતો. દેવરાજ જ્યારે ટીવી પર સ્ટેડિયમ બહારની નાસભાગની ઘટના જોઈ રહ્યા હતા ત્યારે તેમણે પુત્રને ફોન કર્યો હતો, પણ બીજા કોઈએ કૉલ રિસીવ કર્યો એટલે દેવરાજ ગભરાઈ ગયા હતા. થોડી વાર પછી પોલીસે તેમને ફોન કરીને હૉસ્પિટલમાં આવવા કહ્યું હતું જ્યાં દેવરાજ પુત્રનો મૃતદેહ જોવા હિંમત એકઠી નહોતા કરી શક્યા.

નાસભાગની આ ઘટના બદલ સ્થાનિક લોકો રાજ્ય સરકારને અને સ્થાનિક સત્તાવાળાઓને તેમ જ આરસીબીના મૅનેજમેન્ટને જવાબદાર ગણાવી રહ્યા છે. આરસીબીના મૅનેજમેન્ટે ઘાયલ થયેલા લોકોની સહાયાર્થે આરસીબી કેર્સ નામનું ફંડ પણ ઊભું કર્યું છે. આ ઘટના સંદર્ભમાં રાજ્ય સરકારે મૅજિસ્ટ્રેટ સ્તરે તપાસ શરૂ કરી છે જેનો અહેવાલ એક પખવાડિયામાં આવી જવાની સંભાવના છે. ■





### પોલીસ કમિશનર, વરિષ્ઠ અધિકારીઓ સસ્પેન્ડઃ આરસીબી વિરુદ્ધ એફઆઇઆર

કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારામૈયાએ જણાવ્યું હતું કે શહેરના પોલીસ કમિશનર, વધારાના પોલીસ કમિશનર અને સ્ટેડિયમના ઇન્ચાર્જ સહિતના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બેંગલૂરુ પોલીસમાં આરસીબીના ફ્રેન્ચાઇઝી, કર્ણાટક ક્રિકેટ ઍસોસિયેશન તથા ઇવેન્ટ મૅનેજમેન્ટ કંપની ડીએનએ એન્ટરટેઇનમેન્ટ નેટવર્કસને ધક્કામુક્કીની ઘટના માટે તેમ જ મૃત્યુ પામેલાઓ માટે જવાબદાર ગણાવીને તેમની સામે એફઆઇઆર નોંધાઈ છે.

## અભિનેતા માધવનની ક્રિકેટપ્રેમીઓને સલાહઃ જવાબદાર બનો, અફવાને અવગણો



બેંગલૂરુ: બુધવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના ચૅમ્પિયનપદની ઉજવણીની ઇવેન્ટ માણવા લાખોની સંખ્યામાં લોકો ધસી આવ્યા અને સલામતીની અપૂરતી વ્યવસ્થાને કારણે લોકોમાં ધક્કામુક્કી થઈ હતી અને અનેકને ગૂંગળામણ તથા ડિહાઇડ્રેશનની તકલીફ થઈ હતી. આર. માધવને ઇન્સ્ટાગ્રામ પરની ધક્કામુક્કી થતાં ૧૧ જણના જીવ ગયા અને અનેકને ઈજા પહોંચી એ ઘટના વિશે જાણીતા અભિનેતા આર. માધવને દુઃખ વ્યક્ત કર્યું છે.

આઇપીએલના ઇતિહાસમાં આરસીબી પહેલી વખત ચૅમ્પિયન બની અને એની ખુશાલીમાં સહભાગી થવા લોકો બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ધસી આવ્યા હતા. ખેલાડીઓ વિધાનસભા ખાતેના સમારોહ બાદ સ્ટેડિયમમાં પહોંચ્યા હતા, પરંતુ સ્ટેડિયમમાં અંદર સમારોહ ચાલી રહ્યો હતો ત્યારે બહાર નાસભાગની ગંભીર ઘટના બની હતી જેમાં સ્ટોરીમાં લખ્યું છે, 'બેંગલૂરુની ભાગદોડની ઘટનાથી મારું દિલ તૂટી ગયું છે. આરસીબીના તમામ ચાહકોને મારી નમ્ર વિનંતી છે કે મહેરબાની કરીને જવાબદાર બનો, પોતાની સુરક્ષાની કાળજી રાખો અને ક્યારેય પણ સત્તાવાળાઓનો ખુલાસો ન આવે ત્યાં સુધી ક્યારેય કોઈ અફવાને સાચી ન માની લો.'

માધવન ઉપરાંત અનુષ્કા શર્મા, વિરાટ કોહલી, વિવેક ઑબેરોય અને બીજા ઘણા સેલિબ્રિટિઝે બેંગલૂરુની ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારો પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો.' ■

## શ્રીલંકન ખેલાડી સામે ફિક્સિંગનું તહોમતનામું

કોલંબોઃ શ્રીલંકા વતી ૨૦૧૨થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૭૪ આંતરરાષ્ટ્રીય મૅચ રમનાર ઑફ-સ્પિનર સચિથ્રા સેનાનાયકે પર હમ્બનટોટા હાઈ કોર્ટે મૅચ-ફિક્સિંગને લગતા આરોપો સંબંધમાં તહોમત મૂક્યું છે. થારિન્ડુ રત્નાયકે નામના સાથી ખેલાડીને મૅચ-ફિક્સિંગ તરફ વાળવાનો પ્રયત્ન કર્યો હોવાનો સેનાનાયકે પર આરોપ છે.

શ્રીલંકા ૨૦૧૪ના વિશ્વ કપમાં ચૅમ્પિયન બન્યું હતું. ફાઇનલમાં સેનાનાયકેને વિકેટ નહોતી મળી, પરંતુ રંગાના હેરાથના બૉલમાં તેણે રોહિતનો કૅચ ઝીલ્યો હતો. રોહિત ૨૯ રન કરી શક્યો હતો. કોહલી ૭૭ રન પર હતો ત્યારે તેને રનઆઉટ પણ સેનાનાયકેએ જ કર્યો હતો. ભારતીય ટીમ ચાર વિકેટે માત્ર ૧૩૦ રન બનાવી શકી હતી અને શ્રીલંકાએ ૧૭.૫ ઓવરમાં ચાર વિકેટે ૧૩૪ રન બનાવીને વિજય મેળવીને ચૅમ્પિયનપદ હાંસલ કર્યું હતું. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बंदा | આંધી |
| बँधुवा | સેવક |
| बटेर | આબાદી |
| बवंडर | પક્ષી |
| बरकत | કેદી |

### ઓળખાણ પડી?



કાન ફિલ્મ ફેસ્ટિવલમાં શર્મિલા ટાગોર - સિમી ગરેવાલ સત્યજિત રાયની કઈ ફિલ્મના સ્ક્રીનિંગ નિમિત્તે હાજર રહ્યાં હતાં?

અ) જલસાઘર બ) અરણ્યેર દિન રાત્રી
ક) દેવી ડ) ચારુલતા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ધો | ધ | ૨ મા | ર | | ૩ અ | ફ | ૪ લા | તૂ | ૫ ન |
| મ | | ર | | ૬ ગૂં | જ | | પ | | કા |
| ધ | | ૭ મા | રી | ચ | | ૮ ઢે | ર | | ર |
| ૯ ખ | ૧૦ જૂ | ર | | ૧૧ વ | ટ | | ૧૨ વા | ર | વું |
| ૧૩ તો | રી | | ૧૪ તા | ણ | | ૧૫ અ | હી | | |
| | | ૧૬ હા | ર | | ૧૭ છો | ડ | | ૧૮ હૂ | ૧૯ સ્વ |
| ૨૦ ન | ૨૧ ફા | | ૨૨ ક | ૨૩ ન | ડ | ગ | ૨૪ ત | | યં |
| ૨૫ ડ | ગ | ૨૬ ર | | લ | | ૨૭ તા | ર | | સે |
| ત | | ૨૮ સ | ૨૯ બ | ની | સ | | ૩૦ ક | ૩૧ રા | વ |
| ૩૨ ર | હે | મ | દિ | લ | | ૩૩ આ | ટ | વી | ક |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | | ૫ | | ૬ |
| | | ૭ | | | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | | | | |
| ૧૩ | | | ૧૪ | | | | | ૧૫ | |
| ૧૬ | | | | | ૧૭ | ૧૮ | ૧૯ | | |
| | | | ૨૦ | ૨૧ | | ૨૨ | | | |
| | ૨૩ | ૨૪ | | | ૨૫ | | | | ૨૬ |
| ૨૭ | | | | ૨૮ | | | ૨૯ | | |
| | | | ૩૦ | | ૩૧ | | | | |
| ૩૨ | | | | | | | ૩૩ | | |

**આડી ચાવી**

૧. આડંબર, ચળકાટ, દેખાવ (૬)
૫. હકદાર (૩)
૭. ઉનાળો (અંગ્રેજી) (૩)
૮. એક શિકારી જાનવર (૨)
૯. શીખ (૩)
૧૧. ભારતે ---માં અણુધડાકો કરેલો (૪)
૧૩. પાણીની ચકલી (૨)
૧૪. ચામાં --- નાખવી પડે (૩)
૧૫. દિવ્ય કે અલૌકિક શક્તિ (૨)
૧૬. હવાની આવનજાવન માટેની બારી (૪)
૧૭. પંચાતિયો, મધ્યસ્થ (૩)
૨૦. દુઃખ, પીડા (૨)
૨૨. રઝળનાર, રેઢિયાળ (૩)
૨૩. મુમતાઝ બેગમનો મકબરો (૫)
૨૭. પરંપરા, સંતાન (૩)
૨૮. જૂનાની જગાએ --- આવે (૨)
૨૯. ફણગા (૩)
૩૧. તમાકુ (૩)
૩૨. બોલાચાલી (૪)
૩૩. મરદના ---માં જવું (૩)

**ઊભી ચાવી**

૧. વેરણ છેરણ (૬)
૨. કળતર, અરમાન, શૂળ (૩)
૩. નાનું બાળક --- થઈ જાય (૨)
૪. બીકણ (૪)
૫. વાઘની મિસિસ (૩)
૬. અનુકંપા (૫)
૮. કાપડ માટેનું માપ (૨)
૧૦. ૧૮૫૭ના ---માં બધાએ ભાગ ના લીધો (૩)
૧૨. દવા ઘૂંટવાનો વાટકો (૩)
૧૪. સંગીતના સાત સ્વર (૪)
૧૮. અઠવાડિયામાં સાત --- હોય (૨)
૧૯. ખલેલ (૬)
૨૧. મોટું, ભવ્ય, મહત્તાવાળું (૩)
૨૩. પિતા (૨)
૨૪. યોગી, સંન્યાસી (૨)
૨૫. સામયિક માટે --- ભરવું પડે (૪)
૨૬. એકદમ તાજું (૪)
૨૭. વિઘ્ન (૩)
૩૦. બિલાડી ઉંદર માટે --- ને બેઠી હોય (૨)

### ગુજરાત મોરી મોરી રે

'ગુડ્ડી' ફિલ્મથી શરૂઆત કરનારા અસરાનીએ કઈ ગુજરાતી ફિલ્મમાં અભિનય કરવા ઉપરાંત દિગ્દર્શન પણ કર્યું હતું?

અ) મોટા ઘરની વહુ બ) ઢોલા મારુ
ક) અમદાવાદનો રિક્ષાવાળો ડ) કંકુ

### જાણવા જેવું

પી. ખરસાણી - પ્રાણલાલ ખરસાણીએ વર્ષો સુધી નાટક અને ફિલ્મોમાં અભિનય કર્યો હતો. ગુજરાતી ફિલ્મોમાં દ્વિઅર્થી કોમેડી ચિત્રપટનો દોર હતો ત્યારે ખરસાણી સાહેબે ગુજરાતી ફિલ્મોને શિષ્ટ હાસ્યનાં યાદગાર પાત્રો આપ્યાં હતાં. અમદાવાદની મિલના શેઠિયાઓ કારની લાઈન લગાવી તેમના નાટકો જોવા જતા.

### સુડોકુ-૯૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | | | | | | ૫ | ૧ |
| | ૨ | ૭ | ૮ | | ૯ | ૬ | ૩ | |
| | ૫ | | ૧ | | ૭ | | ૨ | |
| | | ૯ | | ૧ | | ૨ | | |
| | | | ૫ | | ૮ | | | |
| | | ૨ | | ૯ | | ૪ | | |
| | ૮ | | ૨ | | ૪ | | ૧ | |
| | ૭ | ૧ | ૬ | | ૫ | ૯ | ૪ | |
| ૨ | ૪ | | | | | | ૭ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૯ | ૩ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૭ | ૧ | ૩ | ૫ | ૪ | ૨ | ૮ | ૬ | ૯ |
| ૫ | ૮ | ૯ | ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ |
| ૧ | ૨ | ૫ | ૩ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૯ | ૭ | ૬ | ૪ | ૮ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૮ | ૯ | ૭ | ૬ | ૨ | ૪ | ૩ | ૧ | ૫ |
| ૩ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૬ | ૯ | ૮ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૩ | ૭ | ૪ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

અનેક ફિલ્મોમાં ખલનાયક - વિલનના રોલ કરનારા પ્રાણ સાહેબની હીરો તરીકે કઈ ફિલ્મ હતી એ કહી શકશો ?

અ) મધુમતી બ) કુંદન ક) હલાકુ ડ) મુનીમજી

### નોંધી રાખો

આવતીકાલ ક્યારેય આવતી નથી. એ આજ બનીને સામે ઊભી હોય છે. માટે જે કરવું હોય એની શરૂઆત આજે જ કરી દો.

### માઈન્ડ ગેમ

બલરાજ સાહનીએ વિવિધ ડિરેક્ટર સાથે કામ કર્યું હતું. ઋષિકેશ મુખરજી સાથે તેમણે કઈ ફિલ્મમાં કામ કર્યું હતું એ જણાવો.

અ) છોટી બહન બ) કાબુલીવાલા
ક) અનુરાધા ડ) સીમા

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| शबाब | યૌવન |
| शराब | મદિરા |
| शहद | મધ |
| शकल | ચહેરો |
| शलाका | તીર |

ઓળખાણ પડી? — ઝમીર

માઈન્ડ ગેમ — પ્યાસા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — તીન દેવિયાં

ગુજરાત મોરી મોરી રે — હિરણના કાંઠે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) પુષ્પા પટેલ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) નુતન વિપીન શાહ (૧૩) મીનળ કાપડિયા (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) મહેશ દોશી (૧૭) મહેશ સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૩) પ્રવીણ વોરા (૨૪) પુષ્પા ખોના (૨૫) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૬) અલકા વાણી (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) પુષ્પા ખોના (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) જગદીશ ઠક્કર (૩૩) અરવિંદ કામદાર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) રમેશ દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) અંબરીષ ઓઝા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતિન જયંતિલાલ બજરિયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) 1) દિલ ચાહતા હૈ - graduation પાર્ટી 2) હમ સાથ સાથ હૈ - સગાઇ 3) સાગર - લગ્ન પ્રસંગ 4) બાગબાન- વેલેન્ટાઇન ડે 5) ગંગુબાઇ કાઠિયાવાડી- નવરાત્રી 6) રામ ઔર શ્યામ - જનમ દિવસ 7) અકેલે હમ અકેલે તુમ - ન્યૂ યર પાર્ટી

ક્વિઝ (બ) 1) ગોરા ઔર કાલા 2) રાત ઔર દિન 3) સચ્ચા ઝુઠા 4) અંદર બાહર 5) ઝમીન આસમાન 6) દોસ્તી દુશ્મની 7) હમ તુમ

# ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, એશિયન ચલણોમાં ડૉલર સામે સુધારો તેમ જ ગઈકાલે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત બે સત્ર દરમિયાન થતાં ધોવાણને બ્રેક લાગી હતી અને આઠ પૈસાના સુધારા સાથે ૮૫.૭૯ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે એકંદરે બજાર વર્તુળોની નજર આવતીકાલે સમાપન થતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસીની નાણાનીતિની સમીક્ષાની બેઠકની ફળશ્રુતિ પર સ્થિર હતી. જોકે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયામાં ભારે ચંચળતા જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૮૭ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૫.૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૯૬ અને ઉપરમાં ૮૫.૬૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસાના સુધારા સાથે ૮૫.૭૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ગબડ્યો હતો. તાજેતરમાં વધી રહેલા ક્રૂડતેલના ભાવ, અમેરિકા-ચીન વચ્ચે વેપારી સંબંધોમાં તણાવ અને રશિયા-યુક્રેન વચ્ચે ભૂરાજકીય તણાવ જેવાં પરિબળોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામા નરમાઈનું વલણ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો આંતરપ્રવાહ રૂપિયામાં ધોવાણ મર્યાદિત રાખી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૬ ટકા વધીને ૯૮.૮૫ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૧ ટકા વધીને બેરલદીઠ ૬૫.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૩.૭૯ પૉઈન્ટનો અને ૧૩૦.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૭૬.૧૮ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં પીછેહઠ, નાકા ડિલિવરીમાં માગને ટેકે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૧૪નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ગઈકાલે ઉત્તર પ્રદેશની ખાંડ મિલોમાં સ્ટોકનું પ્રમાણ વધુ રહ્યું હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મહારાષ્ટ્રથી કેરળ તરફની મિલો પર સ્ટોક ઓછો હોવાથી ભાવમાં મક્કમ વલણ જોવા મળી રહ્યું છે. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

# યુએસ ટ્રેઝરી યિલ્ડ અને ડૉલરના ઘટાડાને કારણે બજારમાં સતત બીજા દિવસે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વિદેશી ભંડોળના પ્રવાહ અને વૈશ્વિક બજારના મજબૂત વલણો વચ્ચે બ્લુચિપ શેરોમાં નવેસરની લેવાલીનો ટેકો મળવાથી ગુરુવારે બેન્ચમાર્ક ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. અમેરિકાના ટ્રેઝરી બિલની યિલ્ડમાં અને ડોલર ઇન્ડેક્સમાં ઘટાડો થવાને કારણે વૈશ્વિક સ્તરે ઇક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો સાત પૈસાની મજબૂતી સાથે ૮૫.૮૦ બોલાયો હતો.

સતત બીજા દિવસે પણ સુધારાની ચાલ સાથે આગળ વધતાં ત્રીસ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૪૪૩.૭૯ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૮૧,૪૪૨.૦૪ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૯૧૨.૮૮ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા વધીને ૮૧,૯૧૧.૧૩ની ઊંચી સપાટીએ અથડાયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૧૩૦.૭૦ પોઈન્ટ અથવા ૦.૫૩ ટકા વધીને ૨૪,૭૫૦.૯૦ પર બંધ થયો હતો.

આ સત્રમાં ૪.૫૦ ટકાના ઉછાળા સાથે એટર્નલ ટોપ ગેઇનર બન્યો હતો. આ પછી સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં પાવર ગ્રીડ, આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, અલ્ટ્રાટેક સિમેન્ટ, અદાણી પોર્ટ, સન ફાર્મા, આઇટીસી અને હિંદુસ્તાન યુનિલીવરનો સમાવેશ હતો. જ્યારે ઇન્ડસઇન્ડ બેન્ક, એક્સિસ બેન્ક, બજાજ ફિનસર્વ અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ હતો.

વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. કસ્ટમર સેન્ટ્રિક આઈટી સોલ્યુશન્સ પ્રોવાઇડર રોક્સ હાઇ-ટેક લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા અર્ધવાર્ષિક નાણાકીય પરિણામમાં રૂ. ૧૯૦.૧૪ કરોડની કુલ આવક, રૂ. ૩૧.૮૨ કરોડનો એબિટા, રૂ. ૧૯.૯૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૬.૭૪ ટકા અને નેટ પ્રોફિટ માર્જિન ૧૦.૪૮ ટકા રહ્યું છે.

અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે અને આ નાણા વર્ષમાં તેમાં ઓર ઘટાડો કરવાની યોજના ધરાવે છે. જાહેર ક્ષેત્રની સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતીય રેલવે મારફત ૫.૧૮ લાખ વ્હીકલ ડિસ્પેચ કર્યા છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫થી અત્યાર સુધીમાં કંપનીએ રેલવે મારફત ૨૪ લાખ વ્હીકલ ડિસ્પેચ કર્યા છે. પ્રાઇમરી માર્કેટમાં સપ્તાહ દરમિયાન નિરાશાજનક ચિત્ર રહ્યું હતું. લીલા હોટલ અને એજીસ વોપેકના ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ બાદ સ્કોડા ટ્યુબ્સના શેરનું લિસ્ટિંગ પણ નિરસ રહ્યું હતું. આ સપ્તાહે એક પણ મેઇનબોર્ડ ઇશ્યુ નથી.

સિમેન્ટ ઉદ્યોગમાં કાર્યરત કૌશલ્યા લોજિસ્ટિક્સ લિમિટેડે તેના દ્વિતિય અર્ધવાર્ષિક ઓડિટેડ નાણાકીય પરિણામમાં ૨૮.૪૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૭૬,૩૪૨.૧૪ લાખની કુલ આવક, ૧૯.૨૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૫૭૧.૯૬ લાખનો ચોખ્ખો નફો અને ૧૨.૫૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૨૭૧.૨૯ લાખનો એબિટા નોંધાવ્યો છે. પીએન્ડજી હેલ્થે માર્ચ ક્વાર્ટરમાં ૩૧ ટકા વધારા સાથે રૂ. ૬૧ કરોડનો નફો નોંધાવ્યો છે.

ડિઝાઇન-ટુ-શેલ્ફ પ્લેટફોર્મ, એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પરિણામમાં ૩૯.૭૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯૭.૧૨ કરોડની કુલ આવક, ૭૩.૭૩ ટકાના વધારા સાથે રૂ. ૮.૪૫ કરોડનો ચોખ્ખો નફો અને ૩૪.૨૪ ટકાનીવૃદ્ધિ સાથે રૂ. ૨૮.૪૯ કરોડનો એબિટા નોંધાવ્યો છે. આઇફોન બનાવતી એપલ ઇન્ડિયાએ મુંબઇમાં સિટી મોલ ખાતે રૂ. ૧૭.૩૫ લાખના ભાડે ૧૨૬૧૬ ચોરસફૂટ સ્પેસ લીઝ પર લીધું છે.

એપોલો ગ્રીન એનર્જીએ નાણા વર્ષ ૨૦૨૫માં રૂ. ૪૪.૩૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. લીઓ ડ્રાયફ્રુટ્સ એન્ડ સ્પાઇસીસ ટ્રેડિંગ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના દ્વિતિય છ માસિક નાણાકીય પરિણામમાં ૨૮૮.૪૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૯૪૬.૯૮ લાખની કુલ આવક, ૩૪૫.૮૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૬૬.૮૪ લાખનો ચોખ્ખો નફો અને ૨૧૯.૦૮ ટકાના વધારા સાથે રૂ. ૧૧૨૮.૪૭ લાખનો એબિટા નોંધાવ્યો છે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, ઊંચા સ્તરે નફાનું બુકિંગ સ્પષ્ટ છે, જોકે બેન્ચમાર્ક શેરઆંક કોન્સોલિડેશન વચ્ચે તેમનો વેગ પાછો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. નબળા ડોલર ઇન્ડેક્સ અને અસ્થિર યુએસ બોન્ડ યીલ્ડ સાથે, એફઆઇઆઇ અંતિમ વેપાર વાટાઘાટોની અપેક્ષાએ તાજેતરના વેચાણ પછી ફરીથી ચોખ્ખા ખરીદદાર બનવા તરફ વળ્યા છે. વૈશ્વિક અનિશ્ચિતતા હોવા છતાં, આર્થિક અને કોર્પોરેટ કમાણી વૃદ્ધિના મજબૂત સંકેત રોકાણકારોને ઘટાડે લેવાલીની વ્યૂહરચના અપનાવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. વધુમાં, બજારો આગામી સેન્ટ્રલ બેંકના નિર્ણયોની રાહ જોઈ રહ્યા છે, જેમાં ઇસીબી અને આરબીઆઇ બંને તરફથી દરમાં પચ્ચીસ બેસિસ પોઇન્ટના ઘટાડો થવાની અપેક્ષા છે.

દરમિયાન ભારત અને પાકિસ્તાન યુદ્ધને કારણે એરસ્પેસ પરના પ્રતિબંધની ભારતીય એવિયેશન ઉદ્યોગ પર કોઇ મોટી અસર નહી થશે, એવો પ્રતિભાવ ઇન્ટર પેસેન્જર ટર્મિનલ શો ૨૦૨૫ અગાઉ મીડિયા ફ્યુઝન એલએલસીએ યોજીત પરિચર્ચામાં પ્રવકતાએ આપ્યો હતો. આ રાઉન્ડ ટેબલમાં ભારતીય મહેસૂલ સેવાના સંયુક્ત નિયામક, નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સભ્ય, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને એરપોર્ટસના સિનિયર ડિરેક્ટર અને સેક્ટર હેડ સહિતના અધિકારી મોજૂદ હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે ભારતીય શેરબજારમાં પાછલા સત્રમાં બુધવારે રૂ. ૧,૦૭૬.૧૮ કરોડની લેવાલી નોંધાવી હતી.

## ગુજરાત

# વડોદરાની નંદેસરી ઔદ્યોગિક વસાહતમાં પ્રાઈવેટ દવાની કંપનીમાં આગ લાગતા દોડધામ મચીઃ ત્રણ કલાકે આગ પર કાબૂ મેળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર નજીક નંદેસરી ઔદ્યોગિક વસાહતમાં પીએબી ઓર્ગેનિક્સ પ્રાઈવેટ લિમિટેડ નામની દવા બનાવતી કંપનીમાં ગુરુવારે સવારે આગ લાગી હતી. આગને કાબૂમાં લેવા માટે ૧૦ જેટલા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે દોડી ગયા હતા. આગના ધુમાડા બે કિલોમીટર દૂર સુધી દેખાતા હતા. આગ ઉપર પાણી અને ફોમનો મારો ચલાવી ત્રણ કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો.

વડોદરા શહેર નજીક પીએબી ઓર્ગેનિક્સ પ્રાઈવેટ લિમિટેડ નામની દવાની કંપનીમાં ગુરુવારે સવારે આગ લાગી હતી. પ્રાપ્ત થતી વિગત મુજબ કંપનીના પ્રોડક્શન વિભાગમાં સોલવન્ટ ભરેલા ડ્રમમાં આગ લાગી હતી. આગ ધીમે-ધીમે પ્રસરતા તે મોટા સ્વરૂપમાં ફેલાઈ ગઈ હતી. આ આગના ધુમાડા બે કિલોમીટર દૂર સુધી દેખાતા હતા. આસપાસની કંપનીઓને સાવચેતીના ભાગરૂપે ઍલર્ટ કરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગ્યાની જાણ થતાં જ કર્મચારીઓ તાત્કાલિકના ધોરણે કંપનીની બહાર દોડી આવ્યા હતા અને પોતાના જીવ બચાવ્યા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ અચાનક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બનાવ અંગે નંદેસરી ઇન્ડસ્ટ્રિયલે જાણ કરતા ફાયર જવાનો દોડી ગયા હતા અને કામગીરી શરૂ કરી હતી. જોકે, આગ કાબૂમાં ન આવતા વડોદરા ફાયરબ્રિગેડ, જીએસએફસી અને ગેઇલના ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. આગની ગંભીરતાને ધ્યાને રાખીને નજીકની કંપનીઓને સાવચેતીના ભાગરૂપે ઍલર્ટ કરવામાં આવી હતી. આ બનાવને પગલે સ્થાનિક નંદેસરી પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો. હાલમાં કોઈ જાનહાનિના બનાવો સામે આવ્યા નથી.

# દેવભૂમિ દ્વારકાની ગોમતી નદીમાં સાત લોકો ડૂબ્યા

અમદાવાદઃ ગુજરાતના પવિત્ર યાત્રાધામ દ્વારકાની ગોમતી નદીમાં અકસ્માત સર્જાયો છે. હાલ વેકેશન દરમ્યાન દ્વારકામાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. જેમાં ગોમતી નદીમાં સ્નાન કરતા સાત પ્રવાસીઓ ડૂબ્યા હતા. જેમાં ચાર યુવક તેમ જ ત્રણ યુવતી ડૂબી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને ફાયરબ્રિગેડે તેમને બચાવ્યા હતા, જેમાં એક યુવતીનું મૃત્યુ થયું છે, જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. આ તમામને દ્વારકાની સરકારી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ દુર્ઘટનાની મળતી વિગતો મુજબ દ્વારકાની ગોમતી નદીમાં સાત શ્રદ્ધાળુઓ ડૂબ્યાં હતાં, જ્યારે આસપાસના લોકો દ્વારા યાત્રિકોને બચાવી લેવામાં આવ્યા હતા. આ લોકોને બચાવીને ૧૦૮ દ્વારા દ્વારકાની સરકારી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન ભાગેશ્વરી નામની યુવતીનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવતીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

હાલ, રાજયમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ છે ત્યારે અરબી સમુદ્રમાં ભારે કરંટ હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તેમ જ ગોમતી ઘાટ પાસે મોજા ઊંચા ઊછળતા જોવા મળ્યા હતા. છેલ્લા એક સપ્તાહથી દરિયામાં ભારે કરંટ હોવા છતાં લોકો પાણીમાં જોખમી સ્નાન કરતા નજરે પડ્યાં હતાં. જોકે, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં ન આવી હોવાની ચર્ચા ચાલી રહી છે.


## પશ્ચિમ રેલવે છ જોડીની સ્પેશિયલ ટ્રેનોની ટ્રિપ લંબાવશે

| ટ્રેન નં. | થી | સુધી | દોડના દિવસ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 09207 | બાંદ્રા ટર્મિનસ | ભાવનગર | શુક્રવાર | ૧૫.૦૮.૨૦૨૫ |
| 09208 | ભાવનગર | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | ૧૪.૦૮.૨૦૨૫ |
| 09415 | બાંદ્રા ટર્મિનસ | ગાંધીધામ | ગુરુવાર | ૧૪.૦૮.૨૦૨૫ |
| 09416 | ગાંધીધામ | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | ૧૪.૦૮.૨૦૨૫ |
| 09055 | બાંદ્રા ટર્મિનસ | ઉધના | અઠવાડિયામાં ૫ દિવસ | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09056 | ઉધના | બાંદ્રા ટર્મિનસ | અઠવાડિયામાં ૫ દિવસ | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09530 | ભાવનગર | ધોળા | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09529 | ધોળા | ભાવનગર | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09211 | ગાંધીગ્રામ | બોટાદ | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09212 | બોટાદ | ગાંધીગ્રામ | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09215 | ગાંધીગ્રામ | ભાવનગર | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |
| 09216 | ભાવનગર | ગાંધીગ્રામ | દૈનિક (અનઆરક્ષિત) | ૩૦.૦૯.૨૦૨૫ |

થોભવાના સમય અને સંરચના સંબંધિત વિગત વાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૨૦૭, ૦૯૨૦૮, ૦૯૪૧૫, ૦૯૪૧૬, ૦૯૦૫૫ & ૦૯૦૫૬ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ ૦૬.૦૬.૨૦૨૫થી PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે-ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

અમને ફોલો કરોઃ X.com/WesternRly

અમને ફોલો કરોઃ Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ પ્રૂફ સાથે રાખો


# ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસે ‘સિંદૂર વન’ના નિર્માણનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ નિમિત્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં વૃક્ષારોપણ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ‘મિશન ફોર મિલિયન ટ્રીઝ’ અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. તેના પ્રચાર પ્રસાર અર્થે તૈયાર કરાયેલા ટેબ્લો સહિત ૧૧ વૃક્ષ રથનું પ્રસ્થાન પણ કરાવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અભિયાન અંતર્ગત કુલ ૩૮ જેટલાં વૃક્ષ રથ તૈયાર કરવામાં આવ્યા છે.

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મરણ પામેલા નાગરિકોના સ્મરણાર્થે તથા ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા ‘ઓપરેશન સિંદૂર’ના સન્માનમાં ચાંદલોડિયા વોર્ડમાં ૫૫૧ સિંદૂર વૃક્ષો સાથેનું ‘સિંદૂર વન’ તૈયાર કરવામાં આવશે. જેથી મુખ્ય પ્રધાને સિંદૂરના બાળવૃક્ષનું વાવેતર કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાંદલોડિયા વોર્ડમાં નિર્માણ પામનારા ‘સિંદૂર વન’ના નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો.

એર ક્વોલિટી મેનેજમેન્ટ સેલ દ્વારા યોજાયેલ પર્યાવરણલક્ષી ચિત્ર સ્પર્ધાના પાંચ વિજેતાઓને મુખ્ય પ્રધાને પુરસ્કાર સ્વરૂપે સાઇકલ એનાયત કરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અભિયાન અંતર્ગત ૪૦ લાખ જેટલાં વૃક્ષ વાવવામાં આવશે.

# સુરતના વેપારી દ્વારા અયોધ્યામાં રામ દરબારની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સુવર્ણ રત્નજડીત દાગીના અર્પણ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અયોધ્યામાં રામ દરબારની ગુરુવારે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. આ તકે સુરતના એક વેપારીએ સોના-ચાંદી તથા હીરાના આભૂષણો ભગવાનને અર્પણ કર્યા હતા. રામ મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન પણ દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ભગવાન શ્રી રામના મુગટ સહિતના આભૂષણો સુવર્ણ રત્નજડીત અર્પણ કરવામાં આવ્યા હતા. આ આભૂષણો પણ સુરતના એક પરિવાર દ્વારા ભગવાનને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ આભૂષણોમાં કુલ ૧૦૦૦ કેરેટના વિવિધ હીરા, ૩૦ કિલો ચાંદી, ૩૦૦ ગ્રામ સોનું અને ૩૦૦ કેરેટ રૂબીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે તેમની દિવ્યતામાં વધારો કરે છે. આ આભૂષણોમાં ગળાનો હાર, કાનની બુટ્ટી, કપાળનું તિલક, ચાર મોટા હાર, અને ત્રણ નાના ધનુષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભગવાન અને તેમના ભાઈઓ માટે ૧૧ મુગટ અને ત્રણ ગદા પણ ખાસ તૈયાર કરવામાં આવી છે. આ કિંમતી આભૂષણોને ચાર્ટર્ડ પ્લેન દ્વારા સુરતથી રામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય ખજાનચી દિનેશ નાવડીયા અને સુરતની ગ્રીન લેબના મુકેશ પટેલ દ્વારા આ દાગીના રામ મંદિર પહોંચાડવામાં આવ્યા હતા. સુરતના વેપારી દ્વારા આપવામાં આવેલા આ આભૂષણોની ભેટથી રામ દરબાર ઝળકી ઉઠ્યો હતો. રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્યતામાં વધારો થયો હતો.

# આઈપીએલ ફાઈનલ મેચ દરમિયાન મેટ્રોને ૨.૧૬ કરોડ રૂપિયાની કમાણી થઈઃ ૨.૧૩ લાખ મુસાફરો નોંધાયા

અમદાવાદઃ અમદાવાદ મેટ્રો લોકોને મુસાફરી માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલ ૨૦૨૫ની ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં લાખોની સંખ્યામાં લોકો મેચ જોવા માટે પહોંચ્યાં હતા. મોટા પ્રમાણમાં લોકો મેટ્રો દ્વારા સ્ટેડિયમમાં પહોંચ્યા હતા. મંગળવારે એક જ દિવસમાં ૨.૧૩ લાખ પેસેન્જરોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. એક જ દિવસમાં સૌથી વધારે લોકોએ મુસાફરી કરી હોવાની આ બીજો રેકોર્ડ હતો. ૨૫ જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલ કોલ્ડ પ્લે કોન્સર્ટ દરમિયાન કુલ ૨.૧૬ લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી. ત્યાર બાદ ૩ જૂને આઈપીએલ ૨૦૨૫ની ફાઈનલ મેચ દરમિયાન ૨.૧૩ લાખ લોકોએ મુસાફરી કરી હતી. આઈપીએલ ૨૦૨૫માં આ સિઝનની કુલ ૯ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ દરમિયાન કુલ ૧૫ લાખ લોકોએ મેટ્રો દ્વારા મુસાફરી કરી હતી. આ દરમિયાન ૧૫ લાખ મુસાફરો દ્વારા મેટ્રોને કુલ ૨.૧૬ કરોડનો નફો થયો હતો. આઈપીએલની ફાઈનલ મેચ દરમિયાન દર પાંચ મિનિટે મેટ્રો દોડાવવામાં આવી હતી. જેના કારણે લોકોને આવવા જવામાં કોઈ વધારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો.

# અમદાવાદની ગ્રામ્ય એસપી કચેરીમાં બે બોગસ અધિકારી તપાસ કરવા પહોંચતા તપાસનાં ચક્રો ગતિમાન

અમદાવાદઃ ગુજરાતમાં હાલમાં બોગસ ડિગ્રી અને બોગસ ડૉક્ટરના બનાવો બહુ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે અમદાવાદમાંથી બે બોગસ અધિકારીઓ ઝડપાયા હતા. અમદાવાદની ગ્રામ્ય એસપી કચેરીમાં અધિકારી બનીને તપાસ કરવા પહોંચ્યા હતા. આ અધિકારીઓ પર શંકા જતા બન્નેની પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન શખ્સો નકલી હોવાનું પ્રકાશમાં આવતા પોલીસે બન્ને વ્યક્તિની ધરપકડ કરી છે. આ બન્ને વ્યક્તિ પાસે જે આઈડી કાર્ડ હતા તેમાં આરોપીઓએ ભારત સરકારના એમએસએમઈ મંત્રાલયમાં જોઈન્ટ ડિરેક્ટર, નેશનલ ડિરેક્ટર, વાઇસ પ્રેસિડેન્ટ નામની પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ આરોપીઓએ અશોક સ્તંભ અને રાષ્ટ્રીય ચિહ્નોનો ખોટો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળતા તે નકલી હોવાનો ભાંડો ફૂટ્યો હતો. જેથી આ સમગ્ર કેસમાં સરખેજ પોલીસે આરોપીઓની ધરપકડ કરી તેમની વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બન્ને આરોપીઓ અમદાવાદના સરખેજમાં નેશનલ ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન કમિશન નામની સંસ્થાના નકલી અધિકારીઓ બનીને તપાસ કરવા માટે એસપી કચેરીએ પહોંચ્યાં હતાં. પરંતુ તેમની પાસે રહેલા આધાર પૂરાવા તપાસ કરવામાં આવ્યાં ત્યારે સમગ્ર વાતનો પર્દાફાશ થયો હતો. આશ્ચર્યની વાત એ છે કે, જો આવા લોકો નકલી અધિકારી બનીને પોલીસ સ્ટેશનમાં પણ પહોંચી જાય છે તો સામાન્ય લોકોનું શું થશે?


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**PUBLIC NOTICE**

On instructions of our clients **Mr. Jayesh J. Mehta and Mrs. Anjana Jayesh Mehta** permanent resident of Flat No.14 on 3rd floor of building known as Walkeshwar House CHSL, Walkeshwar Road, Mumbai-400 006 the public at large warned by this Public Notice that they had under inducement signed Gift Deeds with regard to the said Flat No. 14 and property at native place at Village Bali (District: Pali) at Rajasthan and signed various declarations with regard to movable properties however they by their notice dated 4/6/2025 have revoked all those Gift Deeds and called upon their son **Mr. Arpit Jayesh Mehta** to return the movables and cancel the Gift Deeds for Flat bearing No.14 and property at native place at Village Bali (Dist: Pali) at Rajasthan and even called upon to return all the original title documents of the movable and immovable properties which are in his wrongful custody.

Since there is fraud played on our client, therefore by this Public notice warning is given that any person/ persons dealing or transact in any manner with Mr. Arpit J. Mehta ordeal with anybody on his behalf shall be doing so at their own risk as to cost and consequences thereof, moreover the transaction if any with said Arpit Mehta shall not be binding upon our client and shall not enforceable.

Dated this 5th day of June, 2025.

**KIRAN JAIN & CO.,**
**REGIUS LEGAL LLP**
**Advocates & Solicitors**
Queens Mansion, Lower Ground Floor, A.K. Nayak Marg, Prescott Road, Fort, Mumbai - 400 001.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સ્યૂઅરેજ ઓપરેશન)

ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નંબર | ૨૦૨૫_MCGM_૧૧૮૬૫૪૮ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | સ્યૂઅરેજ ઓપરેશન વિભાગના મેઈન સ્યૂઅર શહેર, પ/સબ. & પૂ/સબ. સેક્શન માટે ‘આધુનિક ટેક્નોલોજી વાહન માઉન્ટેડ કાદવ અને સ્લીટ ડીવોટરિંગ મશીનો (૦૩ નં.)’નું ઓપરેશન અને વ્યાપક જાળવણી (૦૬ વર્ષ & ૦૩ મહિના માટે)ની સેવાઓની જોગવાઈ. |
| ટેન્ડરની ફી | રૂ. ૧૬,૫૦૦/- (+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બારડી | રૂ. ૨૦,૪૦,૯૫૦/- |
| ટેન્ડરની ઈશ્યુ કરવાની અને વેચાણની તારીખ | ૦૬.૦૬.૨૦૨૫ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની અને બારડીની પેમેન્ટની છેલ્લી તારીખ અને સમય | ૨૬.૦૬.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૬.૦૬.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખુલશે | ૨૭.૦૬.૨૦૨૫ ૧૬:૧૦ કલાકે |
| પેકેટ B ખુલશે | ૨૭.૦૬.૨૦૨૫ ૧૬:૧૫ કલાકે |
| પેકેટ C ખુલશે | ૦૧.૦૭.૨૦૨૫ ૧૫:૦૦ કલાકે |
| પ્રી-બીડ મિટિંગ | ૧૩.૦૬.૨૦૨૫ ૧૧:૩૦ ક. ચીફ એન્જિનિયર (SO)ની ઓફિસ, ૧લો માળ, એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી નાકા, વર્લી, મુંબઈ - ૪૦૦૦૧૮. |
| સંચાર માટેનું સરનામું | ડે. ચીફ એન્જિનિયર (S.O) P&MS (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯. |
| બિડનું ખોલવાનું સ્થળ | એક્ષિક્યૂટીવ એન્જિનિયર મિકે. (M.S) (શહેર), ૨જો માળ, સ્યુઅરેજ ઓપરેશન વર્કશોપ, ૧૨૧ રામચંદ્ર ભટ્ટ માર્ગ, ડોંગરી, મુંબઈ-૪૦૦૦૦૯ |

સહી/-

PRO/594/ADV./2025-26 E.E.Mech.(MS) શહેર

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## સંપૂર્ણ સમૃદ્ધિ મહામાર્ગ ખુલ્લો મુકાયો

# ૨૦૧૪માં જોયેલું સ્વપ્ન આજે પૂર્ણ થયું: દેવેન્દ્ર ફડણવીસ




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગનો અંતિમ તબક્કો ખુલ્લો થઈ ગયો, એ મહાયુતિ સરકાર માટે ખૂબ જ આનંદની વાત છે. ૨૦૧૪માં રાજ્યમાં મહાયુતિ સરકાર સત્તામાં આવ્યા પછી જોયેલું સ્વપ્ન આજે અહીં પૂર્ણ થઈ રહ્યું છે. સમૃદ્ધિ મહામાર્ગ એ કોઈ રસ્તો નથી, પરંતુ સમૃદ્ધિનો કોરિડોર છે, એવા શબ્દોમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાસિકના ઇગતપુરીથી થાણેના અમને ગામ સુધીના ૭૬ કિમી લાંબા હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગના અંતિમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારબાદ, તેઓ એક પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમૃદ્ધિ મહામાર્ગના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. છેલ્લા તબક્કાનું ઉદ્ઘાટન મહાયુતિના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં, અમે આ હાઇવેને વાઢવણ બંદર સાથે જોડી દઈશું. સૌથી પહોળી ટનલ ઇગતપુરીમાં છે. પણ અમે (જુઓ પાનું ૪) ▶▶

### મુંબઈથી શિરડી ચાર કલાકમાં

સમૃદ્ધિ મહામાર્ગનો બાકીનો ૭૬ કિલોમીટર બે જિલ્લાઓ, નાશિક અને થાણેમાંથી પસાર થાય છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે સહ્યાદ્રી પર્વતમાળામાંથી મુશ્કેલ માર્ગ કોતરીને એન્જિનિયરિંગ પડકાર સ્વીકાર્યો છે. આ તબક્કામાં કુલ પાંચ ડબલ ટનલ છે, અને આ ટનલની લંબાઈ ૧૦.૭૩ કિલોમીટર છે (બંને લેનની કુલ લંબાઈ ૨૧.૪૬ કિલોમીટર છે). તેમાંથી, પેકેજ ૧૪ (ઇગતપુરી) ખાતેની ટનલ ૮ કિલોમીટર લાંબી છે અને મહારાષ્ટ્રની સૌથી લાંબી અને પહોળી (૧૭.૬૧ મીટર) ટનલ છે. આ ટનલની ઊંચાઈ ૯.૧૨ મીટર છે.

### મુંબઈ કે થાણેથી સમૃદ્ધિ મહામાર્ગ કેવી રીતે પહોંચવું?

મુંબઈ: સમૃદ્ધિ મહામાર્ગ અથવા હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગના અંતિમ તબક્કાનું ઉદ્ઘાટન મુખ્ય પ્રધાન ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું. આ સાથે, હવે મુંબઈથી નાગપુર સુધીના ૭૦૧ કિલોમીટરના અંતરને ફક્ત ૮ કલાકમાં કાપવાનું શક્ય બનશે. અલબત્ત, સરકાર દાવો કરે છે કે સમૃદ્ધિ મહામાર્ગ પર વાસ્તવિક અંતર ૮ કલાક છે, પરંતુ મુંબઈગરા, થાણેગરા કે કલ્યાણગરાને સમૃદ્ધિ મહામાર્ગના પ્રવેશદ્વાર સુધી પહોંચવા માટે તબક્કાવાર મુસાફરી કરવી પડશે.

વાસ્તવિક સમૃદ્ધિ હાઇવે અમને નજીક આટગાંવ ઇન્ટરચેન્જથી શરૂ થાય છે. મુંબઈથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી આટગાંવ ઇન્ટરચેન્જનું અંતર લગભગ ૮૦ થી ૯૦ કિલોમીટર છે. તેથી, મુંબઈથી શાહપુર આટગાંવ ખાતે સમૃદ્ધિ હાઇવે પરના પ્રથમ ઇન્ટરચેન્જ સુધી પહોંચવામાં લગભગ બે થી અઢી કલાક લાગવાની શક્યતા છે. મુંબઈથી આટગાંવ ઇન્ટરચેન્જ પહોંચવા માટે, થાણે થઈને જવું પડશે.

મુંબઈથી તમારે પહેલા ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર થઈને થાણે જવું પડશે અને ત્યાંથી તમારે મુંબઈ-નાશિક હાઇવે પર શાહપુર સુધી જવું પડશે. ત્યાં, તમે સમૃદ્ધિ હાઇવે પરના પહેલા ઇન્ટરચેન્જ, આટગાંવ ઇન્ટરચેન્જ દ્વારા આ હાઇવેમાં પ્રવેશી શકો છો. ■

## સમૃદ્ધિ એક્સપ્રેસવે પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર, શ્વેતપત્ર બહાર પાડો: કોંગ્રેસ

મુંબઈ: મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે ગુરુવારે સમૃદ્ધિ એક્સપ્રેસ-વેને ભ્રષ્ટાચારનું 'ઉછેર સ્થળ' ગણાવ્યું હતું અને આ પ્રોજેક્ટ પર શ્વેતપત્ર બહાર પાડવાની માગણી કરી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે છેલ્લા ૭૬ કિલોમીટર લાંબા ભાગનું ઉદ્ઘાટન કર્યું, જેનાથી સમગ્ર ૭૦૧ કિલોમીટર લાંબો મુંબઈ-નાગપુર કોરિડોર સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયો, જેનાથી બંને શહેરો વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ ૧૮ કલાકથી ઘટીને આઠ કલાક થઈ જશે. સમૃદ્ધિ એક્સપ્રેસવેના અંતિમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યા પછી ફડણવીસ સરકાર પોતાની પીઠ થપથપાવી રહી છે, પરંતુ આ પ્રોજેક્ટ ભ્રષ્ટાચારનું ઉછેર સ્થળ બની ગયો છે. પ્રોજેક્ટનો મૂળ ખર્ચ ૫૫,૦૦૦ કરોડ રૂપિયા હોવાનો અંદાજ હતો, જે વધીને ૭૦,૦૦૦ કરોડ રૂપિયા થઈ ગયો છે, એમ તેમણે દાવો કર્યો હતો.

કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે, '૧૫,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ' મોટા પાયે ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે.

'જો સરકારમાં કોઈ નૈતિકતા બાકી હોય, તો તેણે સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ પર શ્વેતપત્ર બહાર પાડવો જોઈએ,' એમ સપકાળે કહ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે ગાયમુખ-ઘોડબંદર-ભાયંદર પ્રોજેક્ટ સાથે સંકળાયેલા બે ટેન્ડરમાં લગભગ ૩,૦૦૦ રૂપિયાનો ભ્રષ્ટાચાર સામે આવ્યો હતો. મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા બાદ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ તાજેતરમાં 'મોટા જાહેર હિતનું રક્ષણ કરવા' ટેન્ડર રદ કર્યા હતા.

'ગાયમુખ-ઘોડબંદર-ભાયંદર પ્રોજેક્ટની (જુઓ પાનું ૪) ▶▶

# ચર્ચગેટ સ્ટેશને આગ: પ્રવાસીઓના માથેથી મોટી ઘાત ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ રેલવેના ચર્ચગેટ રેલવે સ્ટેશન પર આવેલી કેકની દુકાનમાં ગુરુવારે સાંજે આગ લાગી હતી. પીક અવર્સમાં લાગેલી આ આગે મુખ્ય સ્ટેશનો પર પણ ફાયર સેફ્ટી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. આગ નજીવી હોવા છતાં ધુમાડો ફેલાઇ જતા પ્રવાસીઓને ગૂંગળાઇ જવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ચર્ચગેટ સ્ટેશનથી સબવે તરફ જતા માર્ગમાં સાંજે લગભગ સાડા પાંચ વાગ્યાની આસપાસ કેકની દુકાનમાં આગ લાગી હતી. આ સમયે સ્ટેશન પર મોટા પ્રમાણમાં પ્રવાસીઓની ભીડ હોય છે. જો આગ જરા પણ વિકરાળ હોત તો મોટી હોનારત થવાની શક્યતા હતી. આગ પર જોકે તરત નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં કોઈ જખમી થયું નહોતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ચર્ચગેટ સ્ટેશન પર કેકની દુકાનમાં ગુરુવારે સાંજે આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડ તરત પહોંચી ગઈ હતી. કેકની દુકાનની જગ્યા સાંકડી હોવાને કારણે પરિસરમાં ધુમાડો ફેલાઈ ગયો હતો અને સબવેમાંથી ધુમાડો બહાર નીકળી રહ્યો હતો. ફાયરબ્રિગેડે થોડા સમય માટે સબવેને બંધ કરી દીધો હતો અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સાંજના પીક અવર્સ હોવાથી આગથી નીકળેલા ધુમાડાને કારણે ટ્રેન પકડવાની ઉતાવળમાં રહેલા પ્રવાસીઓમાં ગભરાટ વ્યાપી ગયો હતો. સદ્નસીબે આગમાં (જુઓ પાનું ૪) ▶▶





(અમય ખરાડે)

### 'મુંબઈગરા'નો જીવ જોખમમાં?

મુંબઈ: સબર્બન રેલવેમાં રોજના લાખો પ્રવાસીઓ લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરે છે, જેમાં રેલવે પણ સ્ટેશનના ડેવલપમેન્ટનું કામકાજ પણ યુદ્ધના ધોરણે હાથ ધરે છે. પ્રવાસીઓને સુવિધા પૂરી પાડવાના આશયને લઈ રેલવે ક્યારેક પ્રવાસીઓનો જીવ જોખમમાં મૂકે તો નવાઈ નહીં. ચર્ચગેટ રેલવે સ્ટેશનમાં પીક અવર્સમાં આગ લાગવાની ઘટના ચોંકાવનારી છે. સ્ટોલધારકો પાસે વધારે સંખ્યામાં ગેસની બોટલ હોય છે, પરંતુ એના નિયમિત ચેકિંગ અંગે પણ સંદેહ રહે છે. સ્ટેશનના પરિસરમાં શોર્ટ-સર્કિટ થવાની બાબત પણ ગંભીર છે. આ બાબતમાં રેલવે પ્રશાસને ગંભીરતા દાખવી યોગ્ય પગલા ભરવાનું જરૂરી છે, એમ રેલવે પ્રવાસી સંગઠને જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

## ૨૦૨૫-૨૬ માટે પર્યાવરણ બજેટ વધારીને ₹ ૧૬,૩૨૧ કરોડ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ સતત બીજા વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ પર તેનો ક્લાઈમેટ બજેટ રિપોર્ટ બહાર પાડ્યો હતો, જેમાં ક્લાઈમેટ (પર્યાવરણ) સંબંધિત ખર્ચમાં વધારો થયો હોવાનું જણાવ્યું હતું.

પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીના જણાવ્યા મુજબ મુંબઈ મહાનગરપાલિકા અને બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા પર્યાવરણના સંરક્ષણ માટે ક્લાઈમેટ બજેટ ૨૦૨૫-૨૬માં વધારો કરવામાં આવ્યો છે, જેમાં કેપિટલ એક્સિપેન્ડિચર અને રેવેન્યુ એક્સપેન્ડિચર ખર્ચ માટે ૩,૨૬૮.૯૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ફેબ્રુઆરી ૨૦૨૫માં રજૂ કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે તેના ૪૩,૧૬૨.૨૩ કરોડના કેપિટલ એક્સપેન્ડિચર (મૂડી ખર્ચ)માંથી ક્લાઈમેટ સંબંધિત પ્રોજેક્ટ માટે ૧૬,૩૨૧.૩૮ કરોડ (૩૭.૮૧ ટકા) રાખવામાં આવ્યા છે, તેની સરખામણીમાં ગયા વર્ષે ક્લાઈમેટ ખર્ચ ૧૦,૨૨૪.૨૭ કરોડ રૂપિયા હતો, જે ૩૧,૭૭૪.૫૯ કરોડના કેપિટલ બજેટ (મૂડી ખર્ચ)ના ૩૨.૧૮ ટકા હતો. ચાલુ વર્ષમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં વધારો થવા માટે પાકિના ૨૦ વિભાગમાં નવા પ્રોજેક્ટ હાથ ધરવાને કારણે ખર્ચમાં વધારો (જુઓ પાનું ૪) ▶▶

## ગેટવે નજીક જેટીને પોલ્યુશન બોર્ડની મંજૂરી

મુંબઈ: સુપ્રીમ કોર્ટે આ પ્રોજેક્ટને રોકવાનો ઇનકાર કર્યાના એક અઠવાડિયા બાદ મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)એ મુંબઈમાં ગેટવે ઓફ ઇન્ડિયા નજીક નવી પેસેન્જર જેટીના નિર્માણ માટે મંજૂરી આપી દીધી હોવાનું અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. એમપીસીબીએ દક્ષિણ મુંબઈના કોલાબા વિસ્તારમાં રેડિયો ક્લબમાં ૨૨૯ કરોડ રૂપિયાની જેટી અને ટર્મિનલ બિલ્ડિંગના વિકાસ માટે મંજૂરી આપી દીધી છે. જેટીનો વિરોધ કરી રહેલા ૪૦૦થી વધુ રહેવાસીઓનું પ્રતિનિધિત્વ કરતા ક્લીન એન્ડ હેરિટેજ કોલાબા રેસિડેન્ટ્સ એસોસિયેશન (સીએચસીઆરએ)એ બોમ્બે હાઇકોર્ટમાં અરજી કરીને આ (જુઓ પાનું ૪) ▶▶

## સાંસદના નકલી ભલામણપત્રથી ટિકિટ કન્ફર્મ કરવાના કૌભાંડનો પર્દાફાશ: એકની ધરપકડ

મુંબઈ: મધ્ય રેલવેના સીએસએમટી (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ) ખાતે ટ્રેનની ટિકિટના કન્ફર્મેશન માટે ફ્રોડનો ચોંકાવનારો કિસ્સો જાણવા મળ્યો છે. મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના ભિવંડી ખાતેના સાંસદ સુરેશ મ્હાત્રે ઉર્ફે બાલ્યા મામાના બનાવટી હસ્તાક્ષરવાળો પત્રનો ઉપયોગ કરાયો હતો.

આ આરોપસર એક વ્યક્તિની સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે. આરોપીની ઓળખ સઈદ એઝાઝ તરીકે કરવામાં આવી છે. રેલવે પોલીસે મ્હાત્રેના પર્સનલ આસિસ્ટન્ટ આકાશ પાટીલની ફરિયાદના આધારે કાર્યવાહી કરી હતી અને આ મુદ્દે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

રેલવે પોલીસના જણાવ્યાનુસાર આરોપીએ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને સંબોધતા એક બનાવટી પત્ર મારફત દેવગિરિ એક્સપ્રેસમાં બે ટિકિટ સાંસદના ક્વોટામાંથી લેવાની કોશિશ કરી હતી. આ પત્ર નાંદેડથી પ્રવાસ માટે ૩૧મી ટિકિટ માગવા મુદ્દે રિઝર્વેશન વિભાગમાં ૩૦મી મેના અરજી કરી હતી. આ પત્ર કન્ફર્મેશન ડ્રોપબોક્સમાં નાખવામાં આવ્યો હતો. એમાં સાંસદ સુરેશ મ્હાત્રેનું નામ અને હસ્તાક્ષરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આમ છતાં રેલવેએ અધિકારીઓએ પત્રની ભાષા અને ફોર્મેટ પર શક કરવામાં આવ્યો હતો, ત્યાર પછી સાંસદના આસિસ્ટન્ટ આકાશ પાટીલનો સંપર્ક કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ પત્ર હાથથી લખવામાં આવ્યો છે, જ્યારે સામાન્ય રીતે સાંસદના પત્ર સહાયક દ્વારા ટાઈપ કરવામાં આવે છે. આમ છતાં એમાં આ પ્રકારની કોઈ વાત જોવા મળી નહોતી.

એટલું જ નહીં, વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે સાંસદનું નામ, સિગ્નેચર અને આવકજાવકનું વિવરણ તમામ શંકાસ્પદ હતું. તારીખ પણ શંકાસ્પદ હતી, તેને કારણ કે જે તારીખનું ડિસ્ક્રિપ્શન લખ્યું હતું તે વખતે તેઓ વિદેશમાં હતા, વિદેશથી પરત ફર્યા પછી ખબર પડી કે જે રેલવેમાં પત્ર પહોંચ્યો હતો એ બનાવટી હતો.

## પાકિસ્તાન માટે જાસૂસીના કેસમાં એન્જિનિયરને અદાલતી કસ્ટડી

મુંબઈ: પાકિસ્તાન માટે કથિત જાસૂસી તેમ જ સબમરીન અને યુદ્ધજહાજોની સંવેદનશીલ માહિતી આપવાના કેસમાં ધરપકડ કરાયેલા થાણેના મિકેનિકલ એન્જિનિયર રવીન્દ્ર વર્માને કોર્ટે ગુરુવારે ૧૪ દિવસની અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યો હતો.

ડિફેન્સ ટેક્નોલૉજી કંપનીમાં જુનિયર એન્જિનિયર તરીકે કામ કરતા ૨૭ વર્ષના વર્માની ગયા સપ્તાહે એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે (એટીએસ) ધરપકડ કરી હતી. થાણેના કલવા વિસ્તારમાં રહેતા વર્માની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી ગુરુવારે તેને ફરી કોર્ટ સમક્ષ હાજર કરાયો હતો.

વર્માના વકીલ રાજહંસ ગિરાસેએ જણાવ્યું હતું કે પોલીસે વધુ રિમાન્ડની માગણી ન કરતાં કોર્ટે વર્માને ૧૪ દિવસની અદાલતી કસ્ટડીનો આદેશ આપ્યો હતો.

એટીએસના દાવા મુજબ વર્માએ નૌકાદળનાં જહાજો અને સબમરીનની સંવેદનશીલ માહિતી સ્કેચીઝ, ડાયેગ્રામ્સ અને ઑડિયો નોટ્સ મારફત પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઑપરેટિવને પૂરી પાડી હતી. આના બદલામાં તેણે ભારત અને વિદેશનાં વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં સ્વીકાર્યાં હતાં.

પોલીસના કહેવા અનુસાર ફેસબુક પર મહિલાના સ્વાંગમાં પાકિસ્તાની એજન્ટે હની ટ્રેપમાં ફસાવી વર્માને મહત્ત્વની માહિતી આપવા લલચાવ્યો હતો. વર્માએ ઘણી વાર સંવેદનશીલ માહિતી આપી હોવાનું તપાસમાં જણાયું હતું. ડિફેન્સ ટેક્નોલૉજી કંપનીમાં કામ કરતો હોવાથી વર્મા સહેલાઈથી દક્ષિણ મુંબઈના નેવલ ડૉક્યાર્ડમાં પ્રવેશી શકતો હતો. તે સબમરીન અને યુદ્ધજહાજો પર પણ જતો હતો. તેણે પાકિસ્તાની એજન્ટને સબમરીન અને યુદ્ધજહાજોનાં નામ પણ આપ્યાં હોવાની શંકા એટીએસે વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)■

## મુંબઈ સેન્ટ્રલ પર ફેન્સિંગમાં ગળું ફસાઇ જતાં યુવકનું મૃત્યુ

મુંબઈ: પશ્ચિમ રેલવેના મુંબઇ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર ગુરુવારે વિચિત્ર અકસ્માત થયો હતો, જેમાં રૉન્ગ સાઇડથી ટ્રેનમાંથી ઊતરતી વખતે લોખંડની ફેન્સિંગમાં ગળું ફસાઇ જતાં ૨૭ વર્ષના યુવકનું મૃત્યુ થયું હતું.

રેલવે પોલીસના જણાવ્યા અનુસાર મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર પ્લેટફૉર્મ નંબર-૪ ખાતે ગુરુવારે સવારના ૯.૪૫ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. મૃતકના ખીસામાંથી આધાર કાર્ડ મળી આવ્યો હતો, જેના પરથી તેની ઓળખ ધીલા રાજેશ હમિરા ભાઇ (૨૭) તરીકે થઇ હતી. તે સવારે સ્ટેબલિંગ લાઇન નજીક લોખંડની ફેન્સિંગમાં લટકતો મળી આવ્યો હતો અને તેના ગળામાંથી લોહી વહી રહ્યું હતું. બનાવની જાણ થયા બાદ રેલવે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી. યુવકને બાદમાં નાયર હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડૉક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો.

એ જ ટ્રેનમાં પ્રવાસ કરી રહેલા કેટલાક લોકોએ જણાવ્યું હતું કે ટ્રેન પ્લેટફૉર્મ પર આવી ત્યારે યુવક રૉન્ગ સાઇડથી ટ્રેનમાંથી ઊતરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેનું ગળું ફેન્સિંગમાં ફસાઇ ગયું હતું. આ ઘટનાનો ફોટો પણ વાયરલ થયો હતો. ■

## અશ્લીલ તસવીરો વાયરલ કરીને મહિલાને ઍસિડ અટેકની ધમકી આપનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહિલાની અશ્લીલ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ કરીને બ્લૅકમેઈલ કરવા સાથે ઍસિડ અટેકની ધમકી આપનારા યુવકને મીરા રોડથી પકડી પાડવામાં આવ્યો હતો.

ઝારખંડની પોલીસે મીરા-ભાયંદર વસઈ-વિરાર ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ની ટીમની મદદથી પકડી પાડેલા આરોપીની ઓળખ ઈમામુલ હક હસનુલ હોદા (૨૫) તરીકે થઈ હતી. છેલ્લા ત્રણ વર્ષથી ઝારખંડ પોલીસ આરોપીની શોધ ચલાવી રહી હતી. વધુ તપાસ માટે આરોપીને ડોરાંડા પોલીસના તાબામાં સોંપાયો હતો. અધિકારીના જણાવ્યા મુજબ આરોપીએ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી મહિલા સાથે મિત્રતા કરી હતી. વાતોમાં ભોળવી તેણે મહિલાની અશ્લીલ તસવીરો પ્રાપ્ત કરી હતી. બાદમાં આ તસવીરોની મદદથી તે મહિલાને બ્લૅકમેઈલ કરવા લાગ્યો હતો.

મહિલાએ સંપર્ક તોડી (જુઓ પાનું ૪) ▶▶

## એનસીપીના બંને જૂથના વિલીનીકરણ અંગે કોઈ ચર્ચા કે પ્રસ્તાવ નથી: સુપ્રિયા સુળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળેએ ગુરુવારે કહ્યું કે બે હરીફ એનસીપીના જૂથોના સાથે આવવા અંગે કોઈ ચર્ચા કે પ્રસ્તાવ નથી.

શરદ પવાર અને તેમના ભત્રીજા અજિત પવારના નેતૃત્વ હેઠળના બે એનસીપીના જૂથોના વિલીનીકરણ અંગે રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા વિશે પૂછવામાં આવતા સુળેએ પત્રકારોને જણાવ્યું હતું કે 'ચાના કપમાં કોઈ તોફાન નથી.' 'આગામી થોડા દિવસોમાં જ્યારે (વિરોધી) ઈન્ડી ગઠબંધનની બેઠક બોલાવવામાં આવશે ત્યારે તમે અમને તેમાં જોશો,' એમ એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ અને પાર્ટીના વડા શરદ પવારના પુત્રીએ જણાવ્યું હતું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)નો ૨૬મો સ્થાપના દિવસ ૧૦ જૂને પુણેમાં યોજાશે.

શરદ પવાર સવારે તેમના જૂથના નેતાઓને સંબોધિત કરે તેવી અપેક્ષા છે, જ્યારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના વડા અજિત (જુઓ પાનું ૪) ▶▶

## સ્કૂલ ચાલુ થવાના પહેલા દિવસે શૈક્ષણિક સામગ્રી મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની સ્કૂલમાં શિક્ષણ લેનારા બાલવાડીથી દસમા ધોરણ સુધીના સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓને સ્કૂલના પહેલા જ દિવસે એટલે કે ૧૬ જૂન, ૨૦૨૫ના તમામ પ્રકારની સ્કૂલ ઉપયોગી શૈક્ષણિક સામગ્રી મફતમાં આપવામાં આવવાની છે.

પાલિકાના શિક્ષણ વિભાગના જણાવ્યા મુજબ આ સામગ્રીમાં સ્કૂલનો યુનિફોર્મ, નોટબુક, કમ્પાસ, ડ્રોઈંગ માટે આવશ્યક વસ્તુઓ, પેન્સિલ, પાણીની બાટલી, ડબ્બા, દફતર, બૂટ, સૅન્ડલ તથા મોજા જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે. એ સહિત આઠમા, નવમા અને દસમા ધોરણના દરેક વિદ્યાર્થીઓને સ્કૂલના સમયમાં અભ્યાસ માટે (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**